અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૩ માર્ચ ૨૦૨૫, સોમવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, ફાગણ સુદ ૪ | અંક : ૨૪૦ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

પીએમ મોદીએ સવારે જામનગર જિલ્લામાં આવેલા પશુ આરક્ષણ અને પુનર્વસન કેન્દ્ર વાન્તારાની મુલાકાત લીધી

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમનાથ મહાદેવના ચરણોમાં શીશ ઝુકાવ્યું





**। (એજન્સી) સોમનાથ, તા.૨ ।**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ગુજરાતની મુલાકાતના ભાગરૂપે સોમનાથ મહાદેવ મંદિરની મુલાકાત લીધી હતી. જામનગરના વનતારાની મુલાકાત બાદ તેઓ સીધા સોમનાથ પહોંચ્યા હતા અને ભગવાન સોમનાથ મહાદેવના ચરણોમાં શીશ ઝુકાવી પૂજા અર્ચના કરી હતી. સોમનાથ પહોંચ્યા બાદ, પ્રધાનમંત્રી થોડી મિનિટો માટે સર્કિટ હાઉસમાં ફ્રેશ થયા અને ત્યારબાદ તેઓ સીધા જ મહાદેવના દર્શન માટે રવાના થયા હતા. સોમનાથ ટ્રસ્ટ દ્વારા તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

મંદિર પરિસરમાં પ્રવેશ્યા બાદ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સૌપ્રથમ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. ત્યારબાદ, મંદિરના વિદ્વાન પંડિતોએ શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર કર્યા હતા, જ્યારે સંસ્કૃત યુનિવર્સિટી પાઠશાળાના વિદ્યાર્થીઓએ વૈદિક મંત્રોચ્ચાર દ્વારા વાતાવરણને ભક્તિમય બનાવ્યું હતું.

પ્રધાનમંત્રી મોદીએ સોમનાથ મહાદેવ મંદિરમાં જલાભિષેક કરીને વિશેષ પૂજા અર્ચના કરી હતી. તેમણે સોમનાથ મંદિરના શિખર પર સ્થાપિત થનારા ૧૦૦ સુવર્ણ કળશની પણ પૂજા કરી હતી. આ ઉપરાંત, પ્રધાનમંત્રીએ માર્કન્ડેય પૂજા અને ધ્વજ પૂજામાં પણ ભાગ લીધો હતો. સોમનાથ મહાદેવની પૂજા અર્ચના સંપન્ન કર્યા બાદ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાસણગીર જવા રવાના થયા હતા. તેમની આ મુલાકાત દરમિયાન સોમનાથ મંદિર ટ્રસ્ટના સભ્યો અને સ્થાનિક વહીવટીતંત્રના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. પ્રધાનમંત્રીની આ મુલાકાતને લઈને સોમનાથમાં ભક્તિ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી, જેઓ શનિવારે સાંજે ગુજરાતની મુલાકાતે પહોંચ્યા હતા, રવિવારે સવારે જામનગર જિલ્લામાં આવેલા પશુ આરક્ષણ અને પુનર્વસન કેન્દ્ર વાન્તારા ની મુલાકાત લીધી હતી. ૩૦૦૦ એકરમાં ફેલાયેલું વનતારા રિલાયન્સ જામનગર રિફાઈનરીના પરિસરમાં સ્થિત છે અને વન્યપ્રાણીસૃષ્ટિના કલ્યાણ માટે સમર્પિત એક બચાવ કેન્દ્ર છે. આ કેન્દ્ર દુર્વ્યવહાર અને શોષણથી બચાવવામાં આવેલા પ્રાણીઓને આશ્રય, પુનર્વસન અને તબીબી સંભાળ પૂરી પાડે છે. વડા પ્રધાન મોદીની વન્તારા મુલાકાત દરમિયાન રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના અધ્યક્ષ મુકેશ અંબાણી, તેમના પત્ની નીતા અંબાણી, પુત્ર અનંત અંબાણી અને પુત્રી ઈશા અંબાણી અને પુત્રવધૂ રાધિકા મર્ચન્ટ પણ તેમની સાથે રહ્યા હતા. વાન્તારા માં હાલમાં ૨૦૦ થી વધુ બચાવેલા હાથીઓ સહિત અનેક પ્રાણીઓની સંભાળ લેવામાં આવી રહી છે. વડાપ્રધાન મોદીએ કેન્દ્રની વિવિધ સુવિધાઓ અને પ્રાણીઓની સંભાળ વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું હતું અને કેન્દ્રના પ્રયાસોની પ્રશંસા કરી હતી. અહેવાલ અનુસાર, વડા પ્રધાન મોદી સોમવારે સાસણમાં એક રાત્રિ રોકાણ બાદ જંગલ સફારીનો આનંદ માણશે. વધુમાં, તેઓ નેશનલ બોર્ડ ફોર વાઈલ્ડલાઈફ (NBWL) ના ભૂતપૂર્વ પ્રમુખ તરીકે સિંઘ સદાન પરત ફરતાં દ્રમ્ઉન્ ની બેઠકના અધ્યક્ષ પણ રહેશે. આ બેઠકમાં આર્મી ચીફ, વિવિધ રાજ્યોના સભ્યો, એનજીઓના પ્રતિનિધિઓ, ચીફ વાઈલ્ડલાઈફ વોર્ડન અને વિવિધ રાજ્યોના સચિવો સહિત ૪૭ સભ્યો ભાગ લેશે. અધિકારીઓએ જણાવ્યું હતું કે બેઠક બાદ વડા પ્રધાન મોદી સાસણમાં કેટલીક મહિલા વન કામદારો સાથે પણ સંવાદ કરશે.

દક્ષિણ ભારતમાંથી કોઇને જવાબદારી સોપી શકે છે

## ભાજપ પહેલી વાર મહિલા નેતાને રાષ્ટ્રીય અધ્યક્ષ બનાવે તેવી શક્યતા

**કોઇમ્બતુરના ધારાસભ્ય વનથી શ્રીનિવાસન અથવા આંધ્ર પ્રદેશ ભાજપ અધ્યક્ષ દગ્ગુબાતી પુરંદેશ્વરી આ પદ માટે સંભવિત ઉમેદવાર માની શકાય**

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।**

ભારતીય જનતા પાર્ટી ચાલુ મહિને નવા રાષ્ટ્રીય અધ્યક્ષ માટેની જાહેરાત કરી શકે તેવી માહિતી છે. જો કે, આ નિર્ણય પાર્ટીના સંગઠનાત્મક ચૂંટણી પછી લેવામાં આવશે. પક્ષના સુત્રો દ્વારા મળતી માહિતી પ્રમાણે, પાર્ટીના નવા અધ્યક્ષની ચૂંટણી આંતરિક સહમતિથી કરવામાં આવશે. તેમજ ભાજપના ઈતિહાસમાં પ્રથમ વખત કોઈ મહિલાને રાષ્ટ્રીય અધ્યક્ષ બનાવવામાં આવે તેની શક્યતા છે. આ ઉપરાંત એવી પણ ચર્ચા છે કે, આ કામ માટે ભાજપ દક્ષિણ ભારતમાંથી કોઈને જવાબદારી સોપી શકે છે.

સુત્રો દ્વારા મળતી માહિતી પ્રમાણે જો કોઈ મહિલાને રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે પસંદ કરવામાં આવે તો તેમાં સૌથી પહેલા મહિલા મોર્ચાના રાષ્ટ્રીય અધ્યક્ષ અને કોઈમ્બતુરના ધારાસભ્ય વનથી શ્રીનિવાસન અથવા આંધ્ર પ્રદેશ ભાજપ અધ્યક્ષ દગ્ગુબાતી પુરંદેશ્વરી આ પદ માટે સંભવિત ઉમેદવાર માની શકાય છે. ૬૬ વર્ષીય પુરંદેશ્વરી ૨૦૧૪માં કોંગ્રેસ છોડીને ભાજપમાં સામેલ થયા હતા અને સંગઠનાત્મક મામલામાં તેમનો મહત્ત્વપૂર્ણ અનુભવ રહ્યો છે.

માહિતી પ્રમાણે પુરંદેશ્વરીને દક્ષિણ ભારતના સુષ્મા સ્વરાજ તરીકે ઓળખવામાં આવે છે, તેમના શાનદાર ભાષણની ક્ષમતા અને પાંચ ભાષામાં પ્રવીણતાને કારણે તેમને ભાજપ સમર્થકોમાં સ્વીકૃતિ મળી છે. વનથી શ્રીનિવાસન પાર્ટીના રણનીતિકાર અને ગૃહમંત્રી અમિત શાહ દ્વારા આયોજિત કાર્યક્રમમાં સામેલ થતા જોવામાં મળ્યા છે. આ ઉપરાંત એક સીનિયર નેતાના જણાવ્યા પ્રમાણે તેઓ પોતાના મોર્ચા હેઠળ કેટલાક સફળ કાર્યક્રમ આયોજિત કરવા માટે જાણીતા છે. તેમજ વડાપ્રધાન મોદી તથા અમિત શાહના એક વિશ્વાસુ વ્યક્તિ માનવામાં આવે છે. આ સાથે ભાજપના સ્મૃતિ ઈરાનીનું નામ પણ રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે ચર્ચામાં છે. તમિલનાડુના ૫૫ વર્ષીય વનથી શ્રીનિવાસન કોઈમ્બતુરના ધારાસભ્ય ઉપરાંત ભાજપ મહિલા મોર્ચાના રાષ્ટ્રીય અધ્યક્ષ પણ છે. તેઓની પાર્ટીના સંગઠનમાં મજબૂત પકડ ધરાવે છે અને તમિલનાડુમાં કેટલાક મહિલા સશક્તિકરણ અને સામાજિક સુધાર અભિયાનનું નેતૃત્વ પણ કર્યું છે. હકીકતમાં દક્ષિણ ભારતમાં ભાજપ પોતાની પકડ મજબૂત બનાવવા માટે સતત પ્રયાસ કરી રહ્યું છે. ૨૦૨૪ લોકસભા ચૂંટણીમાં પાર્ટીએ અહીં કેટલીક બેઠક વધારી છે, પરંતુ તમિલનાડુ, કેરળ અને આંધ્ર પ્રદેશમાં હજુ પણ ભાજપે સંઘર્ષ કરવો પડી રહ્યો છે. તેથી જો ભાજપ દક્ષિણ ભારતમાં કોઈ મહિલાને અધ્યક્ષ બનાવે છે તો આ મોટો રાજકીય મેસેજ હશે.

વર્ષ ૧૯૮૦માં ભાજપની સ્થાપના થઈ હતી, પરંતુ અત્યાર સુધીમાં પાર્ટીએ કોઈ મહિલાને રાષ્ટ્રીય અધ્યક્ષ આપ્યા નથી. તેથી જો આ વખતે ભાજપ નેતૃત્વ મહિલાને રાષ્ટ્રીય અધ્યક્ષ બનાવે છે, તો આ એક ઐતિહાસિક નિર્ણય કહેવાશે. સુત્રો દ્વારા મળતી માહિતી પ્રમાણે, ભાજપના નવા અધ્યક્ષની પસંદગી ૫૦-૭૦ વર્ષની વચ્ચે થશે. જેથી હરિયાણાના પૂર્વ મુખ્યમંત્રી મનોહરલાલ ખટ્ટર રેસમાંથી બહાર થઈ શકે છે. વર્તમાનમાં કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન રેસમાં છે.

### દુનિયામાં ઉથલપાથલ વચ્ચે ટ્રમ્પે આપી અદાણીને રાહત

**। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨ ।**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની નીતિઓને કારણે વૈશ્વિક સ્તરે અશાંતિનું વાતાવરણ છે. આ વાતાવરણ વચ્ચે, ગૌતમ અદાણી ગ્રુપ ફરી એકવાર અમેરિકામાં તેની રોકાણ યોજનાઓને પાટા પર લાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. નવા યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા આપવામાં આવેલી રાહત પછી આ જૂથ તેની યોજનાઓ સાથે આગળ વધવાની યોજના ધરાવે છે. તમને જણાવી દઈએ કે અદાણી ગ્રુપે વિવિધ અમેરિકન ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ માટે ઈ૧૦ બિલિયનનું રોકાણ કરવાનું વચન આપ્યું હતું. જોકે, યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ (DOJ) દ્વારા ગૌતમ અદાણી અને અન્ય સાત સહયોગીઓને કથિત લાંચ કેસમાં દોષિત ઠેરવ્યા બાદ જૂથે તે યોજનાઓને મુલતવી રાખી હતી. તાજેતરમાં, પદ સંભાળ્યા પછી, યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ફોરેન કરપ્ટ પ્રેક્ટિસ પ્રિવેન્શન એક્ટ (FCPA) ના અમલને સ્થગિત કરવાનો આદેશ આપ્યો.

ભારતના અર્થતંત્ર અંગે IMFની આગાહી

## નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ભારત વિશ્વમાં સૌથી ઝડપથી ઉભરતી ઈકોનોમી બનશે

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।**

ભારતીય અર્થવ્યવસ્થા ઝડપથી ઉભરી રહી હોવાનો રિપોર્ટ ઈન્ટરનેશનલ મોનેટરી ફંડે (IMF) આપ્યો છે. IMFએ ભારતના અર્થતંત્ર પર વિશ્વાસ વ્યક્ત કરતાં કહ્યું છે કે, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ભારત વિશ્વમાં સૌથી ઝડપથી ઉભરતી ઈકોનોમી બનશે, જીડીપી ગ્રોથ ૬.૫ ટકા રહી શકે છે. આ સિવાય જીડીપી ગ્રોથ જાળવી રાખવા અમુક પગલાંઓ લેવા પણ સલાહ આપી છે. જેથી વિશ્વની ત્રીજી ટોચની ઈકોનોમી બનવાનો ટાર્ગેટ ઝડપથી હાંસલ કરી શકાય.નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના ત્રીજા ત્રિમાસિકમાં જીડીપી ગ્રોથ ૬.૨ ટકા નોંધાયો છે. જો કે, તે અપેક્ષિત ૬.૩ ટકાના જીડીપી ગ્રોથ સામે ઓછો છે. બીજા ત્રિમાસિકમાં જીડીપી ગ્રોથ ૫.૬ ટકા નોંધાયો હતો. નાણાકીય વર્ષના અંતે જીડીપી ગ્રોથ ૬.૫ ટકા નોંધાવાનો અંદાજ છે.IMF એ જીડીપી ગ્રોથ જાળવી રાખવા ભારતને અમુક સલાહ પણ આપી છે. જે અનુસાર, મજબૂત ખાનગી રોકાણ અને એફડીઆઈને પ્રોત્સાહન આપવુ પડશે. નીતિગત માળખું, વેપાર કરવામાં સરળતાં તેમજ ટેરિફ-નોન ટેરિફ કપાતના માધ્યમથી બિઝનેસને એકીકૃત કરવો પડશે. વૈશ્વિક પડકારો વચ્ચે ભારતનો જીડીપી ગ્રોથ ઝડપથી વધી રહ્યો છે. આ વેગને જાળવી રાખવા વ્યાપારિક, આર્થિક અને નાણાકીય સ્થિરતા આવશ્યક છે. ભારતના ખાનગી વપરાશમાં મજબૂત વૃદ્ધિનો ટેકો મળી રહ્યો છે. જીડીપી ગ્રોથમાં નજીવો ઘટાડો નોંધાયો હોવા છતાં ભારતીય અર્થતંત્ર વિકસી રહ્યું છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના પ્રથમ છ માસમાં વાર્ષિક છ ટકાના દરે ગ્રોથ નોંધાયો છે. મોંઘવારીનો દર આરબીઆઈના નિર્ધારિત ૨-૬ ટકાના સ્તરે સ્થિર રહ્યો છે. IMFનું નવુ મૂલ્યાંકન ભારતની આર્થિક તાકાતને રેખાંકિત કરે છે. તેમજ લોંગટર્મ સમૃદ્ધિ સુનિશ્ચિત કરતાં ૨૦૪૭ સુધી દેશ વિકસિત રાષ્ટ્ર બનવાનો લક્ષ્ય હાંસલ કરશે. IMFએ ભારતીય અર્થવ્યવસ્થા અંગે રાહતભર્યા સમાચાર આપ્યા છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના ઈકોરેપ રિપોર્ટમાં પણ સરકારની શ્રેષ્ઠ નીતિઓ અને ડીબીટી પ્રણાલીના લીધે ભારતમાં માથાદીઠ જીડીપી રૂ. ૨.૩૫ લાખ સુધી પહોંચવાનો અંદાજ છે.

### ગાઝા પટ્ટીમાં પાણી સહિત તમામ વસ્તુઓની સપ્લાય અટકાવી દેવાઈ

**। (એજન્સી) ગાઝા, તા.૨ ।**

ઈઝરાયલે ગાઝા પટ્ટીમાં મળતી તમામ સહાય અને પુરવઠો રોકી દીધો છે. ઈઝરાયલે કહ્યું કે, તે ગાઝા પટ્ટીમાં તમામ માલસામાન અને પુરવઠાના પ્રવેશને રોકવામાં આવી રહ્યો છે. વડાપ્રધાન કાર્યાલયે આ નિર્ણય અંગે વધુ માહિતી નથી આપી, પરંતુ ચેતવણી આપી હતી કે જો હમાસ ઈઝરાયલ તરફ યુદ્ધવિરામ લંબાવવાના યુએસ પ્રસ્તાવને સ્વીકારશે નહીં તો તેને વધારાના પરિણામો ભોગવવા પડશે.

વ્હાઈટ હાઉસે કરી મોટી જાહેરાત

## ઝેલેન્સ્કીના ઉગ્ર વલણથી અમેરિકા નારાજ, કોઈ ફંડિંગ નહીં અપાશે

**ટ્રમ્પ સરકાર યુક્રેનમાં મોકલવામાં આવી રહેલા અબજો ડોલરની સૈન્ય સહાયની શિપમેન્ટ પણ અટકાવવા વિચારી રહ્યું છે**

**। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨ ।**

યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કી અને વિશ્વની મહાસત્તા ધરાવતો દેશ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે શુક્રવારે ઉગ્ર વિવાદ થતાં અમેરિકા નારાજ થયુ છે. અમેરિકાના પ્રેસ સચિવ કેરોલિન લેવિટે જણાવ્યું હતું કે, અમેરિકા યુક્રેનને હવે કોઈ સૈન્ય સહાયતા આપશે નહીં. તેની પ્રાથમિકતા શાંતિ વાર્તા છે. સ્થાયી શાંતિ વિના અમે અન્ય કોઈ દેશને યુદ્ધ માટે ફંડ આપીશુ નહીં. ટ્રમ્પ અને ઝેલેન્સ્કી વચ્ચે ચડભડ બાદ ટ્રમ્પ સરકાર યુક્રેનમાં મોકલવામાં આવી રહેલા અબજો ડોલરની સૈન્ય સહાયની શિપમેન્ટ પણ અટકાવવા વિચારી રહ્યું છે. ઝેલેન્સ્કીના યુદ્ધ તરફી વલણને ધ્યાનમાં રાખતાં અમેરિકા અબજો ડોલરની રડાર, આર્મી વાહન, બોમ્બ-વિસ્ફોટક અને મિસાઈલનો પુરવઠો અટકાવશે. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સ્કીએ વિશ્વની મહાસત્તા ધરાવતા અમેરિકાના પ્રમુખ ટ્રમ્પ સાથે બાખડ્યા બાદ આજે રવિવારે લંડનમાં યુરોપિયન દેશઓની એક સમિટમાં ભાગ લેવા પહોંચ્યા છે.

### તેલંગાણા ટનલ દુર્ઘટના : ૭ દિવસે ચાર શ્રમિકોનું લોકેશન મળ્યું

**। (એજન્સી) હૈદરાબાદ, તા.૨ ।**

તેલંગાણામાં એક અઠવાડિયા પહેલા ધરાશાયી થયેલી એસએલબીસી ટનલમાં હજી બચાવ કામગીરી ચાલુ છે. જેમાં એક અઠવાડિયા બાદ અંદર ફસાયેલા આઠ લોકોમાંથી ચાર લોકોના લોકેશન જાણવામાં સફળતા મળી છે. ખૂબ જ કાદવ-કીચડ તેમજ કાટમાળના કારણે બચાવ ટીમ ફસાયેલા લોકો સુધી પહોંચવામાં નિષ્ફળ રહી છે. તેણે અનેક મણ કાટમાળ-કીચડ બહાર કાઢ્યો છે. ટનલના બાંધકામમાં નુકસાનગ્રસ્ત કન્વેયર બેલ્ટ સોમવાર સુધીમાં રિપેર થઈ જવાની શક્યતા છે. ત્યારબાદ બચાવ ટીમ વધુ ઝડપથી અને સરળતાથી કાટમાળ હટાવી શકશે. રાજ્યના આબકારી મંત્રી જુપલ્લી કૃષ્ણરાવે ગઈકાલે માહિતી આપી હતી કે, ટનલની અંદર ફસાયેલા આઠ લોકોમાંથી ચાર લોકોના લોકેશન મળી ગયા છે. બચાવ ટીમ તુરંત તે દિશામાં આગળ વધી રહી છે. જો કે, ટનલમાં ફસાયેલા લોકોની બચવાની અપેક્ષા ખૂબ ઓછી છે. તેમ છતાં અમે છેક સુધી પ્રયાસ કરતા રહીશું.

### કૃત્રિમ બેટ બનાવી ભારતનું પ્રથમ ફ્લોટિંગ એરપોર્ટ બનાવાશે

**। (એજન્સી) પાલઘર, તા.૨ ।**

પાલઘર જિલ્લાના વાઢવણના દરિયા કાંઠે હજારો કરોડના ખર્ચે બંધાઈ રહેલા દેશના મોટામાં મોટા પોર્ટ પાસે સમુદ્રમાં કૃત્રિમ બેટ રચીને તેની ઉપર એરપોર્ટ બાંધવા માટે ચક્રો ગતિમાન કરવામાં આવ્યાં છે. સૂચિત એરપોર્ટને કેન્દ્ર સરકાર અને મહારાષ્ટ્ર સરકાર તરફથી પ્રાથમિક મંજૂરી મળી ગઈ છે. હવે એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાની સહાયથી આ એરપોર્ટ વ્યવહારૂ બની રહેશે કે નહીં એ વિશે અભ્યાસ શરૂ કરવામાં આવશે. લોકસભાની ચૂંટણીના પ્રચાર વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વાઢવણના દરિયામાં એરપોર્ટની સૂચિત યોજનાનો સંકેત આપ્યો હતો. વાઢવણમાં ૭૦ હજાર કરોડથી વધુ ખર્ચે દેશના મોટા કન્ટેનર પોર્ટનું નિર્માણ થવાનું છે. એટલે વાઢવણને એક્સસપ્રેસ-વે, હાઈવે તેમજ ડેડિકેટેડ રેલ ફ્રેટ કોરિડોરથી સાંકળવામાં આવશે. આ સાથે જ પોર્ટ નજીક એરપોર્ટની ખૂબ જ આવશ્યકતા છે. આ એરપોર્ટથી કાર્ગો પ્લેનની અવરજવર થઈ શકાશે.

માયાવતીનો મોટો નિર્ણય

### માયાવતીએ પોતાના ભત્રીજા આકાશ આનંદને રાષ્ટ્રીય સંયોજક પદ પરથી હટાવી દીધા

**। (એજન્સી) લખનૌ, તા.૨ ।**

બહુજન સમાજ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ માયાવતીએ તેમના ભત્રીજા આકાશ આનંદને રાષ્ટ્રીય સંયોજક પદ પરથી હટાવી દીધા છે. માયાવતીએ આનંદ કુમારને રાષ્ટ્રીય સંયોજક બનાવ્યા છે. માયાવતીએ રાજ્યસભા સાંસદ રામજી ગૌતમની જવાબદારી વધારી દીધી અને હવે તેઓ રાષ્ટ્રીય સંયોજક પણ બનશે. તાજેતરમાં જ માયાવતીએ આકાશ આનંદના સસરા અશોક સિદ્ધાર્થને દૂર કર્યા હતા. બસપાના વડાએ એક બેઠક દરમિયાન પોતાના ઉત્તરાધિકાર અંગેની સ્થિતિ સ્પષ્ટ કરી અને કહ્યું કે મારા છેલ્લા શ્વાસ સુધી કોઈ ઉત્તરાધિકારી નહીં હોય.

3 માર્ચથી સક્રિય થશે વેસ્ટર્ન ડિસ્ટરબન્સ

### દિલ્હી-NCRમાં ભારે પવન સાથે તાપમાનમાં ઘટાડો થવાની સંભાવના

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।**

વરસાદ બાદ દિલ્હી-NCRનું તાપમાન ફરી એકવાર વધવા લાગ્યું છે. રવિવાર અને સોમવારે ફરી એકવાર ગરમી મુશ્કેલીમાં મુકાશે. ૪ અને ૫ માર્ચે પવન વધુ તીવ્ર બની શકે છે. આના કારણે તાપમાનમાં એક થી બે ડિગ્રીનો ઘટાડો થવાની ધારણા છે. જોકે, માર્ચ મહિનાની શરૂઆત છેલ્લા બે વર્ષની સરખામણીમાં સારી રહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, શનિવારે મહત્તમ તાપમાન ૨૮.૬ ડિગ્રી હતું. આ સામાન્ય કરતાં ૨.૫ ડિગ્રી વધુ છે. તે જ સમયે, લઘુત્તમ તાપમાન ૧૬.૬ ડિગ્રી છે. આ સામાન્ય કરતાં ૪.૧ ડિગ્રી વધુ છે.

ભાજપ માટે નકલી મતદારો બનાવવાનો આરોપ લગાવ્યો

### મમતા બેનર્જીએ બે રાજ્યોમાં એક સરખા વોટર આઈડી નંબરનો મુદ્દો ઉઠાવ્યા

**। (એજન્સી) કોલકાતા, તા.૨ ।**

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ તાજેતરમાં બે રાજ્યોમાં એક સરખા વોટર આઈડી નંબરનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેની મદદથી તેમણે ચૂંટણી પંચ પર ભાજપ માટે નકલી મતદારો બનાવવાનો પણ આરોપ લગાવ્યો. હવે આ મામલે ચૂંટણી પંચનો જવાબ આવ્યો છે. ચૂંટણી પંચનું કહેવું છે કે, એક જેવા વોટર આઈડી નંબરનો અર્થ એ નથી કે મતદાર ફર્જી છે. આયોગે કહ્યું, કેટલાક મતદારો પાસે સમાન મતદાર ફોટો ઓળખ કાર્ડ (EPIC) નંબર હોઈ શકે છે, પરંતુ તેમની વસ્તી વિષયક વિગતો, વિધાનસભા મતવિસ્તાર અને મતદાન મથકની માહિતી અલગ હશે.

**ન્યૂઝ બ્રિફ**

## ભાવનગરના જૂના બંદર નજીક પ્લાસ્ટિકના કારખાનામાં આગ

। (એજન્સી) ભાવનગર, તા.૨ ।

ઉનાળાની શરુઆત થતા જ આગ લાગવાની ઘટનાઓ એકા એક સામે આવી રહી છે. ભાવનગરના જૂના બંદર નજીક પ્લાસ્ટિક મોનો યાર્ન કારખાનામાં આગ લાગી હતી. અંબિકા પ્લાસ્ટિકના કારખાનામાં આગ લાગતા આસપાસના વિસ્તારોમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. કારખાનામાં લાગેલી આગનો ધુમાળો દૂર દૂર સુધી જોવા મળ્યો હતો. પ્રાપ્તથતી વિગતો અનુસાર શોર્ટસર્કિટના કારણે આગ લાગી હોવાનું પ્રાથમિક અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. ઘટનાની જાણ થતા તાત્કાલિક ધોરણે ફાયર વિભાગ ઘટના સ્થળે પહોંચી આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ હાથ ધર્યો હતો. પરંતુ ભીષણ આગ લાગવાથી મોટી સંખ્યામાં પ્લાસ્ટિકનો માલ બળીને ખાખ થઈ ગયો છે. જેથી કારખાના માલિકને લાખો રુપિયાનું નુકસાન થયું છે. સદનસીબે આગમાં કોઈ પણ પ્રકારની જાનહાનિ થઈ નથી.

## પોલીસે ટેક્નોલોજી મદદથી ખેતરમાં છૂપાયેલા આરોપીઓને ઝડપી લીધા

। (એજન્સી) દાહોદ, તા.૨ ।

ગુજરાત પોલીસને ડ્રોનની મદદથી મંદિરોમાં ચોરીમાં સંડોવાયેલી ગેંગના લીડરની ધરપકડ કર્યા બાદ હવે ડમ્પર લૂંટારૂને પકડવામાં સફળતા મળી છે. ડમ્પર લૂંટીને ભાગી ગયેલો ગેંગ લીડર બચવા માટે મકાઈના ખેતરમાં ગયો હતો, પરંતુ પોલીસ ડ્રોન દ્વારા તેને જોવામાં આવ્યો હતો. ગુજરાતના ડીજીપી વિકાસ સહાયે ટેકનોલોજીનો સારો ઉપયોગ કરવા બદલ દાહોદ જિલ્લા પોલીસની પ્રશંસા કરી છે. તેણે ઠ પર આ રસપ્રદ વીડિયો પણ શેર કર્યો છે. ગુજરાતના ડીજીપી વિકાસ સહાયે લખ્યું કે ખુબ સુંદર કામ. છત્તીસગઢના મુંગેલીથી ચોરી કરવામાં આવેલું એક ડમ્પર જપ્ત કરવામાં આવ્યું. જેને શંકાસ્પદ લોકો છોડીને ભાગી ગયા હતા. ટીમે આખી રાત શોધખોળ કરી અને સવારે ડ્રોનનો ઉપયોગ કર્યો, જેનાથી સફળતા પૂર્વક તેને ઝડપી લેવામાં આવ્યા છે. ટેક્નોલોજી એક્શનમાં છે. ડીજીપીએ ડ્રોનની મદદથી આરોપીને પકડવા પર દાહોદ પોલીસે શુભેચ્છા આપી છે. ગુજરાત પોલીસે પાછલા વર્ષે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના વિઝન અનુસાર પોલીસિંગને હાઈટેક બનાવવાનો નિર્ણય કર્યો છે. દાહોદ જિલ્લાની સરહદ મધ્યપ્રદેશ સાથે લાગે છે. દાહોદ જિલ્લા પોલીસે ડ્રોનની મદદથી પ્રથમ ધરપકડ આ વર્ષે જાન્યુઆરીના મહિનામાં કરી હતી. આ વીડિયો ખુબ ચર્ચામાં આવ્યો હતો. ત્યારે ખેતરોમાં દોડતા-દોડતા પોલીસે આરોપીને ઝડપ્યો હતો, પરંતુ આ વખતે આરોપીઓ ખેતરમાં છુપાયા હતા તેમ છતાં પોલીસની નજરથી બચી શક્યા નહીં.

### ૧૭ લોકો સામે FIR ૧૦ની ધરપકડ

# પાટણના હારીજમાં લક્કી ડ્રો થાય તે પહેલા પોલીસ ત્રાટકી

## પાટલ અને બનાસકાંઠા જિલ્લામાં લક્કી ડ્રોના નામે લોકો સાથે થઈ રહેલી છેતરપિંડી પર પોલીસની બાજ નજર

। (એજન્સી) પાટણ, તા.૨ ।

હારીજ પોલીસે ગેરકાયદે ઈનામી યોજના ચલાવવા બદલ ૧૭ લોકો સામે ગુનો નોંધ્યો છે અને ૧૦ શખ્સોની ધરપકડ કરી છે. મુખ્ય આરોપી ડીસાના અજાપુરા ગામના વક્તાભાઈ ઉર્ફે વિપુલ પુનમાજી વાલાજી માળી (પરમાર) છે. આરોપીઓએ હારીજની કૃષ્ણાધામ ગૌશાળા સેવા સમિતિના નામે ૩૯૯ રૂપિયાની ટિકિટો છપાવી હતી. લોકોને આકર્ષવા માટે સ્કોર્પિયો કાર, સ્વિફ્ટ કાર, ટ્રેક્ટર અને બાઈક સહિત કુલ ૫૦૦૧ ઈનામોની લાલચ આપવામાં આવી હતી. હારીજ જાસ્કા રોડ પરની કૃષ્ણધામ ગૌશાળાના લાભાર્થે ઈનામી ડ્રોની યોજના બહાર પાડીને લોકો સાથે છેતરપિંડી કરવાનો આયોજકોનો તક્ષો પાટણ જિલ્લા એલસીબી પોલીસ અને હારીજ પોલીસે ઉંધો પાડી દીધો છે...જેમાં પોલીસને બાતમી મળતાં જ ઈનામી ડ્રો થાય તે પહેલાં જ ગૌશાળામાં પહોંચીને ૧૦ જેટલા આયોજકોને રંગેહાથ ઝડપીને કુલ ૧૭ સામે નામજોગ ફરિયાદ હારીજ પોલીસ મથકે નોંધાઈ છે અને આયોજકોના કરોડો રૂપિયા કમાવવાનો ખેલ પોલીસે ખેદાનમેદાન કરી દીધો છે. હારીજ ખાતે આવેલ કૃષ્ણધામ ગૌશાળામાં કેટલાક ઈનામી ડ્રોની યોજના બહાર પાડીને લોકો સાથે છેતરપિંડી કરવાના ઈરાદે ઈનામી ડ્રોની ટિકિટોનો દર રૂ.૩૯૯ રાખીને એજન્ટો મારફતે બજારમાં ટિકીટો વેચી હતી અને ઈનામી ડ્રોની અંદર મોંઘા ભાવના ઈનામો પણ રાખવામાં આવ્યા હતા. જેથી વેચાણ કરેલી ટિકિટોનો ડ્રો શુક્રવારે રાત્રે યોજાવાના હતો તે પહેલા જ પાટણ એલસીબી પોલીસને જાણ થતાં જ એલસીબી પોલીસે વોચ ગોઠવી અને હારીજ પોલીસને સાથે રાખીને ગૌશાળામાં રેડ કરતા ૧૦ જેટલા આયોજકોને રંગે હાથ ઝડપી લીધા હતા અને ૧૭ આયોજકો સામે નામજોગ ફરિયાદ હારીજ પોલીસ મથકે નોંધાઈ હતી. આયોજકો દ્વારા લાખો રૂપિયા કમાવવા માટે કરાયેલો તક્ષો તૈયાર પોલીસની સતર્કતાના કારણે નિષ્ફળ ગયો છે. ઈનામોમાં સ્કોર્પિયો-૧, સ્વિફ્ટ-૧, ટ્રેક્ટર-૮, બાઈક-૨૧, ઈ-એક્ટિવા-૩૧, રોટાવેટર-૧૧, ફ્રિજ-૫૧, કૂલર-૩૦૧, ન્ઈ્ઢ-૧૫૧, સીલિંગ ફેન-૫૦૧, હીટર-૧૦૦૦ અને અન્ય ઈનામોનો સમાવેશ કરવામાં આવ્યો હતોપોલીસે ૧૦ આરોપીઓની ધરપકડ કરી લીધી છે.

### ઈન્સ્ટાગ્રામમાં રીલ લાઈક કરવી પડી ભારે

# અમદાવાદમાં એક મહિલાએ ગુમાવ્યા ૭૩ હજાર રૂપિયા

## સાયબર ગઠીયાઓએ સીબીઆઈ, આઈટી અને સુપ્રીમ કોર્ટના સિક્કાવાળા નકલી લેટરો મોકલી છેતરપિંડી કરી

। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

આજના સોશિયલ મીડિયા અને ડિજિટલના જમાનામાં ફ્રોડના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. એક નાની ભૂલ લોકોને ભારે પડી રહી છે.

સાયબર ગઠીયાઓ પણ નવી-નવી ટ્રિક દ્વારા લોકોને છેતરી રહ્યાં છે. ઓનલાઈન છેતરપિંડી અને સાયબર ફ્રોડના કેસમાં પોલીસ અને તંત્ર દ્વારા લોકોને જાગૃત કરવામાં આવી રહ્યાં છે છતાં અનેક લોકો પોતાના રૂપિયા ગુમાવી રહ્યાં છે. આવી એક ઘટના અમદાવાદમાં બની છે.



અમદાવાદમાં એક મહિલાને ઈન્સ્ટાગ્રામની રીલ લાઈક કરવી ભારે પડી છે. આ ઈન્સ્ટાગ્રામની રીલ લાઈક કર્યા બાદ મહિલા છેતરપિંડીનો ભોગ બની છે. તેણે ૭૩ હજાર રૂપિયા ગુમાવવાનો વારો આવ્યો છે. મહિલાએ આ અંગે શાહપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરાવી છે.

પ્રાપ્ત વિગત અનુસાર અમદાવાદમાં એક મહિલાએ ઈન્સ્ટાગ્રામ પર કોઈ રીલ લાઈક કરી હતી. ત્યારબાદ સાયબર ગઠીયાઓએ સીબીઆઈ, આઈટી અને સુપ્રીમ કોર્ટના સિક્કાવાળા નકલી લેટરો મોકલી મહિલા સાથે ૭૩ હજાર રૂપિયાની છેતરપિંડી કરી છે. મહિલાને જ્યારે ખબર પડી કે તેની સાથે છેતરપિંડી થઈ છે ત્યારબાદ તેણે શાહપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરાવી છે.

આજના ડિજિટલ યુગમાં સાયબર ક્રાઈમના કેસ સતત વધી રહ્યાં છે. લોકોને એક કે બીજી રીતે છેતરી તેનું બેંક એકાઉન્ટ ખાલી કરી દેવામાં આવે છે. તમે પણ સોશિયલ મીડિયાનો ઉપયોગ કરતા હોવ તો ગમે તે લિંક પર ક્લિક કરવામાં ધ્યાન રાખવું. ફોનમાં જો કોઈ અજાણી લિંક કે મેસેજ આવે તો તેને ખોલવો નહીં. સાયબર ગઠીયાઓ ફોનમાં લિંક મોકલી ફોન હેક કરી લેતા હોય છે અને ત્યારબાદ છેતરપિંડી કરતા હોય છે. જો તમે પણ સાયબર ગુનાનો ભોગ બનો તો તત્કાલ સાયબર ક્રાઈમના હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર ફોન કરી ફરિયાદ નોંધાવી શકો છો.

# અમદાવાદમાં મકાનોના ભાવ આસમાને પહોંચ્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

અમદાવાદ ગુજરાતનું સૌથી મોટું શહેર છે. અમદાવાદમાં જે રીતે વસ્તી સતત વધી રહી છે તે રીતે મકાનોના ભાવ આસમાને પહોંચી રહ્યાં છે. અમદાવાદમાં ઘર ખરીદવું સામાન્ય લોકો માટે એક સપનું બની રહ્યું છે. શહેરના પ્રાઈમ વિસ્તારમાં તો મકાનના ભાવ સતત વધી રહ્યાં છે. એક રિપોર્ટ પ્રમાણે ઓક્ટોબરથી ડિસેમ્બર ૨૦૨૩ની સરખામણીએ ૨૦૨૪ દરમિયાન ઘરની કિંમતમાં ૧૫ ટકા જેટલો વધારો થયો છે. એક રિપોર્ટ અનુસાર દેશના મુખ્ય આઠ શહેરોમાં ડિસેમ્બરમાં પૂર્ણ થયેલા ક્વાર્ટરમાં મકાનોની કિંમતમાં એવરેજ ૧૦ ટકા જેટલો વધારો થયો છે. મજબૂત માંગ અને ઊંચા ઈનપુટ ખર્ચને કારણે મકાનોની કિંમત વધી રહી છે. અમદાવાદની વાત કરીએ તો વર્ષ ૨૦૨૩ના ત્રીજા ક્વાર્ટરની તુલનામાં ૨૦૨૪ના ત્રીજા ક્વાર્ટરમાં ૧૫ ટકા જેટલી કિંમતો વધી છે. અમદાવાદમાં કાર્પેટ એરિયા પ્રમાણે મકાનોની કિંમતમાં પ્રતિ ચોરસ ફૂટ ૭૭૨૫ રૂપિયા જેટલો વધારો થયો છે. ક્રેડાઈ, કોલિયર્સ અને લાઈસેસ ફોરાસ દ્વારા જાહેર કરવામાં આવેલા સંયુક્ત રિપોર્ટ પ્રમાણે અમદાવાદ ઘરની કિંમતો વધવાના મામલે ત્રીજા સ્થાને છે. મકાનોની કિંમતમાં સૌથી વધુ વધારો દિલ્હી-એનસીઆરમાં ૩૧ ટકા અને કર્ણાટકની રાજધાની બેંગલુરૂમાં ૨૩ ટકા થયો છે. અમદાવાદની વાત કરવામાં આવે તો બોપલ, આંબલી, પ્રહલાદનગર, સાઉથ બોપલ, સેટેલાઈટ અને વેજલપુર વિસ્તારમાં ડિસેમ્બર ક્વાર્ટરમાં ઘરોની કિંમત ૧૭ ટકા સુધી વધી છે. સાબરમતી, મોટેરા, ચાંદખેડા, ગાંધીનગરમાં ઘરના ભાવમાં ૨૧ ટકાનો વધારો થયો છે. આ સિવાય વાત કરવામાં આવે તો સિટી સેન્ટ્રલ, વેસ્ટ આંબાવાડી, બોડકદેવ, વસ્ત્રાપુર, મેમનગર અને પાલડીમાં મકાનોની કિંમત ૭ ટકા જેટલી વધી છે. આ સિવાય સાઉથ વેસ્ટમાં બોપલ, આંબલી, પ્રહલાદનગર, સાઉથ બોપલ, સેટેલાઈટ અને વેજલપુરમાં ઘરની કિંમત ૧૭ ટકા જેટલી વધી છે. તો બાપુનગર, મણીનગર, ઈસનપુર, નરોડા અને વસ્ત્રાલમાં ઘરોની કિંમતમાં ૧૯ ટકા જેટલો વધારો થયો છે. ઘાટલોડિયા, ગોતા, સાયન્સ સિટી, થલતેજ જેવા વિસ્તારોમાં ઘરોની કિંમતમાં ૨૦ ટકાનો વધારો થયો છે.

### કંપારી છૂટી જાય તેવા CCTV

## વડોદરામાં બસની અડફેટે બાળકનું મોત નિપજ્યું હતું

। (એજન્સી) વડોદરા, તા.૨ ।

બસની અડફેટે બાળકનું મોત થયું છે. અમિતનગર સર્કલ પાસે અકસ્માતની ઘટના બની હતી. જ્યાં રોડ ક્રોસ કરવા જતા બાળકને અકસ્માત નડ્યો હતો. અકસ્માતની ઘટનાના CCTV સામે આવ્યા છે. જ્યારે માસૂમ બાળકના મોતથી માતા બેભાન થઈ ગઈ હતી. માતાને સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. શહેરના અમિત નગર વિસ્તારમાં ધ્રુજાવી દે એવો અકસ્માત સર્જાયો હતો. ST બસની અડફેટે ૮ વર્ષના બાળકનું મોત થયું છે. દ્રશ્યોમાં જોઈ શકાય છે કે, બાળક દોડીને રોડ ક્રોસ કરવા માટે જઈ રહ્યો છે. ત્યાં જ ST બસ આવે છે અને બાળક કચડાઈ જાય છે. માતાની નજર સામે જ રાજ નામના માસૂમ બાળકનું પ્રાણ પંખેરૂં ઉડી ગયું.

### આણંદ જિલ્લામાં જો તમે મોટા અવાજે DJ વગાડો છો તો સાવધાન

# ડીજેનો અવાજ વધુ પડતો થશે તો વાહન જપ્ત કરવામાં આવશે

। (એજન્સી) આણંદ, તા.૨ ।

હવે આણંદ જિલ્લામાં જો તમે મોટા અવાજે DJ વગાડો છો તો સાવધાન રહો, નહીંતર મુશ્કેલીમાં મુકાઈ જશો, DJ વાહન જપ્ત કરવામાં આવશે અને કડક કાર્યવાહી કરવામાં આવશે. આણંદમાં કલેક્ટરે બોર્ડની પરીક્ષાઆને કારણે ધ્વનિ પ્રદૂષણને રોકવા માટે એક બેઠકમાં ડીજે સંચાલકો અને પાર્ટી પ્લોટ માલિકોને ચેતવણી આપી છે. આણંદ શહેરના સર્કિટ હાઉસ ખાતે યોજાયેલી બેઠકમાં કલેક્ટરે DJ સંચાલકોને ચેતવણી આપી હતી કે જો ડીજેનો અવાજ વધુ પડતો થશે તો વાહન જપ્ત કરવામાં આવશે અને ધ્વનિ પ્રદૂષણ નિયંત્રણ કાયદા હેઠળ કડક કાર્યવાહી કરવામાં આવશે. ઉપરાંત, જે માલિક, ઓપરેટર, કંડક્ટર પાસે સાઉન્ડ સિસ્ટમ સાથે સાઉન્ડ લિમિટર ઈન્સ્ટોલ કરેલું નથી તેમને ડીજે વગાડવાની મંજૂરી આપવામાં આવશે નહીં. આ બેઠકમાં કલેક્ટર પ્રવીણ ચૌધરીએ શૈક્ષણિક નગરી આણંદમાં ધ્વનિ પ્રદૂષણ અટકાવવા માટે પાર્ટી પ્લોટ માલિકો અને ડીજે માલિકોને સતર્ક રહેવા વિનંતી કરી હતી. આ ઉપરાંત, શાળાઓ કે કોલેજો અને હોસ્પિટલોની આસપાસ વગાડવામાં આવતા મોટા અવાજે ડીજે સંગીત દર્દીઓના સ્વાસ્થ્ય અને શાળાના શૈક્ષણિક કાર્ય પર પ્રતિકૂળ અસર કરે છે. તેમણે જિલ્લાની હોસ્પિટલો, શૈક્ષણિક સંસ્થાઓ, કોર્ટ અને ધાર્મિક સ્થળોની આસપાસના ૧૦૦ મીટરના ત્રિજ્યાને સાયલન્ટ ઝોન જાહેર કર્યો અને સાયલન્ટ ઝોનની આસપાસ ધ્વનિ પ્રદૂષણ ફેલાવતા માઈક્રોફોન સિસ્ટમ અને સાધનોનો ઉપયોગ ન કરવા વિનંતી કરી. હવેથી, ધ્વનિ પ્રદૂષણ અંગે ફરિયાદ મળતાં, વાહન જપ્ત કરવા સહિતની કાર્યવાહી કરવામાં આવશે અને ડીજે માલિક પર ૪૨ હજાર રૂપિયાથી વધુનો દંડ પણ ફટકારવામાં આવશે. જે માલિકો, ઓપરેટરો, મેનેજરો પાસે સાઉન્ડ લિમિટરવાળી સાઉન્ડ સિસ્ટમ ઈન્સ્ટોલ કરેલી નથી તેમને પરવાનગી આપવામાં આવશે નહીં.

### પાડોશીએ આધેડને ઉતાર્યા મોતને ઘાટ

# લગ્ન પ્રસંગમાં નાચવા બાબતે થઈ હતી બબાલ

## આ બંને પરિવાર વચ્ચે આશરે દોઢ વર્ષ પહેલા સામાન્ય બાબતે વિવાદ થયો હતો : જૂની અદાવતને ધ્યાનમાં રાખી હત્યા

। (એજન્સી) વલસાડ, તા.૨ ।

એક જ ફળીયામાં રહેતા ૨ પરિવાર વચ્ચે દોઢ વર્ષ પહેલા થયેલ એક બબાલના કારણે ફરી એક લોહિયાળ જંગ ખેલાયો. ઝઘડાના કારણે બે પરિવારોમાં માતમ અને અંધકાર છવાયો ગયો. અંગત અદાવતમાં ખાર રાખી બદલાની આગમાં તકની રાહ જોતા પાડોશીએ બીજા પાડોશીની જ હત્યા કરી નાખી છે. વલસાડ જિલ્લાના ધરમપુરના બામટી ગામમાં આધેડની હત્યા થતા ગામમાં ચકચાર મચી ગઈ હતી. આધેડની હત્યાથી ગામમાં ચર્ચાએ જોર પકડ્યુ હતું. બનાવની વિગતે વાત કરીએ તો ધરમપુરના બામટી ગામમાં રહેતા ચંદુભાઈ પટેલ ગામમાંથી પસાર થઈ રહ્યા હતા. તે વખતે જ નીતિન મોહન પટેલ નામનો એક યુવક પણ સામેથી આવી રહ્યો હતો. આ દરમિયાન બંને વચ્ચે જૂની અદાવતને લઈ બોલાચાલી થઈ હતી. આવેશમાં આવી નીતિન પટેલે ચંદુભાઈ પર જીવલેણ હુમલો કર્યો હતો. લાકડાના ફટકા મારતા ચંદુભાઈ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. બનાવની જાણ થતા જ ગામ લોકો એકઠા થયા હતા. ચંદુભાઈના પુત્ર અને તેમના પત્નીએ બાઈક પર જ લઈ જઈ ધરમપુરની હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કર્યા હતા. જોકે વધુ સારવારની જરૂર જણાતાં વલસાડ સિવિલ હોસ્પિટલમાં દાખલ કર્યા બાદ સારવાર દરમિયાન ચંદુભાઈ પટેલનું કરુણ મોત નીપજ્યું હતું. ધરમપુરના નાનકડા બામટી ગામે એક હત્યાની ઘટના બાદ ધરમપુર પોલીસ પણ દોડતી થઈ હતી. અને આરોપી નીતિન પટેલને ઝડપવા તપાસ હાથ કરી હતી. પોલીસે ઘટનાની તપાસ કરતા ચોંકાવનારુ કારણ સામે આવ્યુ હતું. મૃતક ચંદુભાઈના પુત્ર અને આરોપી નીતિન પટેલ વચ્ચે એક લગ્ન પ્રસંગમાં નાચવાની બાબતે બબાલ થઈ હતી.

### 3 માર્ચ, વિશ્વ વન્યજીવ દિવસ । 'પ્રોજેક્ટ લાયન - સિંહ @2047': અમૃતકાળ માટે એક વિઝન થકી ગુજરાત એશિયાઇ સિંહોના સંરક્ષણમાં સક્રિય

# ભારત સરકારે સિંહોના સંરક્ષણ માટે રૂા. ૨૯૦૦ કરોડથી વધુના ખર્ચે મંજૂર કર્યો પ્રોજેક્ટ લાયન

। ગાંધીનગર ।

૩ માર્ચના રોજ વિશ્વ વન્યજીવ દિવસની ઉજવણી કરવામાં આવશે, જેનું વર્ષ ૨૦૨૫નું થીમ છે, 'વાઈલ્ડલાઈફ કન્ઝર્વેશન ફાઈનાન્સઃ ઈન્વેસ્ટિંગ ઈન પીપલ એન્ડ પ્લેનેટ' (વન્યજીવ સંરક્ષણ નાણાઃ લોકોમાં અને પૃથ્વી ગ્રહમાં રોકાણ). આ થીમ થકી વિશ્વ વન્યજીવ દિવસ વૈશ્વિક સંરક્ષણ પ્રયાસોમાં ટકાઉ ભંડોળની મહત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂકે છે. આ જ વિઝનને અનુરૂપ, ગુજરાતમાં કાર્યરત પ્રોજેક્ટ લાયન એક પરિવર્તનકારી પહેલ છે, જે એશિયાઈ સિંહોની વસ્તીના સંરક્ષણ અને સંવર્ધન માટે સમર્પિત પ્રોજેક્ટ છે, જે તેમના નિવાસસ્થાનના વ્યૂહાત્મક સંચાલન અને સામુદાયિક ભાગીદારી થકી સિંહોના લાંબાગાળાના અસ્તિત્વને સુનિશ્ચિત કરે છે.

ઉલ્લેખનીય છે કે, ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ૧૫ ઓગસ્ટ, ૨૦૨૦ના રોજ સ્વાતંત્ર્ય દિનના અવસર પર પ્રોજેક્ટ લાયનની જાહેરાત કરી હતી. નવી દિલ્હી ખાતે લાલ કિલ્લા પરથી આપેલા સંબોધનમાં વડાપ્રધાનશ્રીએ એશિયાઈ સિંહોના ભવિષ્યને સુરક્ષિત કરવા માટે સરકારની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, પ્રોજેક્ટ લાયન એ સમુદાયની ભાગીદારી, ટેક્નોલોજી પર ભાર, વન્યજીવ આરોગ્ય સંભાળ, યોગ્ય નિવાસસ્થાન વ્યવસ્થાપન અને માનવ-સિંહ સંઘર્ષને ઘટાડવાના પગલાંઓ દ્વારા સંચાલિત છે. આજે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત એશિયાઈ સિંહોના સંરક્ષણ સંબંધિત પગલાંઓને આગળ વધારી રહ્યું છે, અને સુનિશ્ચિત કરી રહ્યું છે કે પ્રોજેક્ટ લાયન ગુજરાતના વન્યજીવ સંરક્ષણ અને ટકાઉ વિકાસ માટેના લાંબાગાળાના વિઝન સાથે સુસંગત હોય.

**શું છે પ્રોજેક્ટ લાયન**

ભારત સરકારના વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય દ્વારા તા. ૨ નવેમ્બર, ૨૦૨૨ના પત્રથી કુલ રૂા.૨૯૨૭.૭૧ કરોડના બજેટ સાથે ૧૦ વર્ષનો પ્રોજેક્ટ લાયન મંજૂર કરવામાં આવ્યો હતો. આ પ્રોજેક્ટનો ઉદ્દેશ એશિયાઈ સિંહોનું સંરક્ષણ અને સંવર્ધન સુનિશ્ચિત કરવાનો છે, જેમની કુલ વસ્તી, વર્ષ ૨૦૨૦ના વસ્તી ગણતરી અંદાજ મુજબ ૬૭૪ની છે. હાલમાં, રાજ્યના ૯ જિલ્લાના ૫૩ તાલુકાઓમાં કુલ ૩૦ હજાર ચોરસ કિમી વિસ્તારમાં સિંહોની વસ્તી જોવા મળે છે.

આ ઉપરાંત, રાજ્યમાં બરડા સ્થિત અભયારણ્યમાં ૮ સિંહોની વસ્તી સ્થાયી થઈ હોવાથી બરડા અભયારણ્યને આ પ્રોજેક્ટ હેઠળ સિંહોના 'સેકન્ડ હોમ' (બીજું ઘર) તરીકે વિકસિત કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. તાજેતરમાં, બરડા વન્યજીવ અભયારણ્યમાં એશિયાઈ સિંહોના કુદરતી ફેલાવા અને સફળ સંવર્ધનને કારણે, બરડા આજે સિંહોનું બીજું ઘર તરીકે ઉભરી આવ્યું છે, અને આજે બરડા વિસ્તારમાં ૧૭ સિંહો વસવાટ કરે છે, જેમાં ૬ વયસ્ક





સિંહ છે અને ૧૧ બાળસિંહ છે. પ્રોજેક્ટ લાયનમાં સિંહના નિવાસસ્થાન અને વસ્તી પ્રબંધન, વન્ય પ્રાણી આરોગ્ય, માનવ અને પ્રાણી ઘર્ષણ, સ્થાનિક લોકોનો સહકાર, પર્યટન વિકાસ, વૈજ્ઞાનિક સંશોધન, તાલીમ, ઈકો ડેવલપમેન્ટ તેમજ જૈવ વિવિધતા સંરક્ષણ જેવી બાબતોને આવરી લેવામાં આવી છે.

**સિંહ સંરક્ષણના મજબૂત પ્રયાસો**

વર્ષ ૨૦૨૪માં નવા બીટ ગાર્ડ્સની નિમણૂંકઃ સિંહ સંરક્ષણને મજબૂત બનાવવા માટે વર્ષ ૨૦૨૪માં ૨૩૭ બીટ ગાર્ડ્સ (૧૬૨ પુરુષો, ૭૫ મહિલાઓ) ની ભરતી કરવામાં આવી હતી. તેઓ સંરક્ષિત વિસ્તારોમાં પેટ્રોલિંગ કરે છે, સંઘર્ષો અટકાવે છે અને સિંહોના રહેઠાણોનું રક્ષણ કરે છે.

રેસ્ક્યુ વ્હીકલ્સ તહેનાત કર્યાઃ વાઈલ્ડલાઈફ ઈમરજન્સી માટે ઝડપી પ્રતિક્રિયા, જંગલી પ્રાણીઓના બચાવ અને સમયસર તબીબી સંભાળ સુનિશ્ચિત કરવા માટે ૯૨ રેસ્ક્યુ વ્હીકલ્સ તહેનાત કરવામાં આવ્યા.

ખેડૂતો માટે માંચડાઓઃ માનવ-વન્યજીવન ઘર્ષણ ઘટાડવા માટે ૧૧,૦૦૦ માંચડાઓ બનાવવામાં આવ્યા છે, જે ખેડૂતોને તેમના પાકનું રક્ષણ કરવામાં મદદ કરે છે, તેમજ સિંહો સાથેના સહઅસ્તિત્વ દરમિયાન તેમની સુરક્ષા સુનિશ્ચિત કરે છે.

ખુલ્લા કૂવાઓ પર પેરાપેટ દીવાલોઃ વન્યજીવોને ખુલ્લા કૂવામાં પડતા બચાવવા અને તેમનું રક્ષણ કરવા માટે એક મુખ્ય સુરક્ષા ઉપાય એ છે કે ખુલ્લા કૂવાઓની ફરતે પેરાપેટ દીવાલો બનાવવામાં આવે. આ માટે ૫૫,૧૦૮ ખુલ્લા કૂવાઓની ફરતે પેરાપેટ દીવાલો બનાવવામાં આવી છે, જેનાથી વન્યજીવોના મૃત્યુદરમાં ઘટાડો થાય તેમજ પશુઓ અને જળસ્રોતો બંનેને સુરક્ષિત રાખી શકાય.

**પ્રોજેક્ટ લાયન હેઠળ મહત્ત્વની પહેલોઃ**

વન્યજીવોનું આરોગ્યઃ ભારત સરકારે વન્યજીવના આરોગ્ય માટે જૂનાગઢ જિલ્લાના નવા પીપળીયા ખાતે નેશનલ રેફરલ સેન્ટરને મંજૂરી આપી છે. આ માટે ૨૦.૨૪ હેક્ટર જમીનની ફાળવણી કરવામાં આવી છે અને હાલમાં સેન્ટરની બાઉન્ડ્રી બનાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.

હાઈ-ટેક મોનિટરિંગઃ સાસણ ખાતે ગીર વિસ્તારના વન્ય પ્રાણીઓના મોનિટરિંગ માટે એક હાઈ-ટેક મોનિટરિંગ સેન્ટર તેમજ વેટરનરી હોસ્પિટલનું નિર્માણ કરવામાં આવ્યું છે.

વ્યાપક જન ભાગીદારીઃ 'વિશ્વ સિંહ દિવસ' નિમિત્તે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં યોજાયેલા જાગૃતિ કાર્યક્રમોમાં ૧૧,૦૦૦થી વધુ સંસ્થાઓ અને આશરે ૧૮.૬૩ લાખ વિદ્યાર્થીઓ અને લોકો જોડાયા હતા.

રેલ્વે સલામતી માટેનાં પગલાંઃ બૃહદ ગીર વિસ્તારમાં આવેલી રેલ્વે લાઈનો પર સિંહની અવર-જવરના કારણે સંભવિત અકસ્માત નિવારવા માટે રેલ્વે સાથે એસ.ઓ.પી. (SOP)ની રચના કરવામાં આવી છે, જેના લીધે અકસ્માતોમાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

'પ્રોજેક્ટ લાયન' ભારતમાં વન્યજીવ સંરક્ષણ માટે એક ઐતિહાસિક પહેલ છે. આ પહેલ હેઠળ ગુજરાત એશિયાઈ સિંહોના કાયમી અસ્તિત્વ અને તેમની સુખાકારીને સુનિશ્ચિત કરી રહ્યું છે, જે વન્યજીવ સંરક્ષણમાં વૈશ્વિક સ્તરે ભારતનું સ્થાન મજબૂત બનાવશે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

### ગુજરાતમાં માર્ચ મહિનામાં રેકોર્ડ તોડ ગરમી પડશે

# માર્ચ મહિનામાં ગરમીનો પારો ૪૦ ડિગ્રીને પાર કરી જવાની આગાહી

## દક્ષિણ પશ્ચિમ અને દક્ષિણ ભારતના સધર્ન પાર્ટ્સને બાદ કરતા દેશના અન્ય ભાગોમાં સામાન્ય કરતા વધુ ગરમી રહેવાની શક્યતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

ગ્લોબલ વોર્મિંગના કારણે ગુજરાત સહિત દેશભરમાં ઋતુઓનું ચક્ર ફરી ગયું છે. ચોમાસા અને શિયાળાના દિવસો ઓછા થઈ ગયા છે અને ગરમીના દિવસો વધી ગયા છે. આ વર્ષે પણ શિયાળો પૂરો થવા આવ્યો પણ ગુજરાતમાં જોઈએ તેવી ઠંડી પડી નથી. આખા ફેબ્રુઆરી મહિનામાં એપ્રિલમાં પડે તેવી ગરમી અનુભવાઈ હતી. આ ગરમીથી હવે રાહત મળે તેવું લાગતું નથી, ઉલટાનું ગરમી વધશે તેવું હવામાન વિભાગનું કહેવું છે. IMDએ માર્ચ મહિનામાં રેકોર્ડ તોડ ગરમી પડવાની ચેતવણી આપી છે. હવામાન ખાતાએ જણાવ્યું છે કે, માર્ચ મહિનામાં દિવસે અને રાત્રે સામાન્ય કરતા વધુ તાપમાન રહેશે. આગાહી મુજબ, માર્ચ મહિનામાં ગરમીનો પારો ૪૦ ડિગ્રીને પાર કરી જવાની શક્યતા છે. ગરમીએ તેની હાજરી અત્યારથી જ પૂરાવાનું શરૂ કરી દીધું છે. અમદાવાદમાં શુક્રવારે મહત્તમ તાપમાન ૩૬.૬ ડિગ્રી નોંધાયું હતું,જે સામાન્ય કરતા ૩.૫ ડિગ્રી વધુ હતું. જ્યારે લઘુતમ તાપમાન સામાન્ય કરતા ૪.૧ ડિગ્રી વધુ ૨૦.૬ ડિગ્રી નોંધાયું હતું. જોકે, શનિવારે દિવસે ૩૫ ડિગ્રી અને રાત્રે ૨૦ ડિગ્રીની



આસપાસ તાપમાન રહેતા લોકોને ગરમીથી થોડી રાહત મળી હતી. આગામી સપ્તાહોમાં ગુજરાતમાં ગરમી અગાઉના બધા રેકોર્ડ તોડી નાખશે તેવી હવામાન વિભાગે આગાહી કરતા જણાવ્યું હતું કે, ગુજરાતના ઉત્તર, મધ્ય અને દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમીનો પારો ભારે અકળાવી નાખનારો રહેશે. IMDએ માર્ચથી મે મહિના માટે કરેલી આગાહી મુજબ આ સમયગાળા દરમિયાન ઉત્તર-પૂર્વ, ઉત્તર ભારતના હિમાલય નજીકના પ્રદેશો, દક્ષિણ પશ્ચિમ અને દક્ષિણ ભારતના સધર્ન પાર્ટ્સને બાદ કરતા દેશના અન્ય ભાગોમાં સામાન્ય કરતા વધુ ગરમી રહેવાની શક્યતા છે. આગાહી મુજબ, ખાસ કરીને ઉત્તર ગુજરાત, ભાવનગર,અમરેલી અને બોટાદમાં તો રાત્રે પણ ગરમીનો પારો ઊંચો રહેશે. આ ઉપરાંત માર્ચથી મે વચ્ચે ૬થી ૧૫ દિવસ હિટવેવ આવવાની પણ આગાહી કરાઈ છે. માર્ચમાં તો ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં ૯થી ૧૨ દિવસ હિટવેવ આવશે. ગુજરાતમાં સામાન્ય કરતા વધુ તાપમાન રહેવાનું ફોરકાસ્ટ મેપ્સ દર્શાવી રહ્યા છે અને તેમાં પણ ઉત્તર અને મધ્ય ગુજરાતના કેટલાક ભાગો તેમજ દેવભૂમિ દ્વારકા અને પોરબંદરના તાપમાનમાં વધુ ફેરફારો જોવા મળશે. માત્ર જૂનાગઢના કેટલાક વિસ્તારોમાં જ સામાન્યની આસપાસ તાપમાન રહેશે. IMD મુજબ, આગામી ત્રમ દિવસમાં મહત્તમ તાપમાનમાં ૨.૩ ડિગ્રીનો સામાન્ય ઘટાડો થવાની શક્યતા છે, પરંતુ તે પછી તાપમાનમાં ઘટાડો થવાના કોઈ સંકેત દેખાતા નથી. આગામી પાંચ દિવસ સુધી લઘુતમ તાપમાન પણ સ્થિર રહેવાની શક્યતા છે. એટલે કે ગુજરાતમાં વહેલો અને અકળાવી નાખનારો ઉનાળો શરૂ થવા જઈ રહ્યો છે. માર્ચમાં ગરમીનો પારો ઊંચે જવાના કારણે ઘઉંના પાકને ભારે નુકસાન થઈ શકે છે અન ઉત્પાદન ઘટવાની શક્યતા છે. ભારત ઘઉંના ઉત્પાદનમાં વિશ્વમાં ત્રીજા નંબરે આવે છે, પણ છેલ્લા ત્રણ વર્ષથી સતત ઉત્પાદન ઘટી રહ્યું છે. વર્ષ ૨૦૨૨માં ફેબ્રુઆરી અને માર્ચમાં અચાનક પડેલી ગરમીના કારણે ઘઉંના પાકને મોટાપાયે નુકસાન થયું હતું અને તેના કારણે ઘઉંની નિકાસ પર પ્રતિબંધ મૂકવો પડ્યો હતો. આ વર્ષે પણ તેવી સ્થિતિ સર્જાવાની આશંકા વ્યક્ત કરાઈ રહી છે.અમદાવાદ સહિત રાજ્યના કેટલાક વિસ્તારોમાં તો ફેબ્રુઆરી મહિનાની શરૂઆતથી જ શેરડીનો રસ વેચવાનો શરૂ થઈ ગયો છે. હવે તો બરફના ગોળા પણ વેચાવા લાગ્યા છે. લોકોને આખા શિયાળા દરમિયાન કેટલાક દિવસોને છોડીને મોટાભાગે ઘરમાં પંખો ચાલુ રાખવો પડ્યો છે. દેશમાં સામાન્ય રીતે હોળી પછી ગરમી શરૂ થતી હોય છે, પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી આ પેટર્ન બદલાઈ ગઈ છે. હવે તો ઉત્તરાયણ પછી ધીમે-ધીમે ગરમીનો અનુભવ થવા લાગે છે અને ફેબ્રુઆરીમાં તો જાણે ઉનાળો શરૂ થઈ ગયો હોય તેવું લાગે છે.

**ન્યૂઝ બ્રિફ**

## ટેટૂથી બીમારીનો ખતરો! શાહીમાં ૨૨ ખતરનાક મટિરિયલ હોવાનો દાવો



। (એજન્સી) બેંગ્લોર, તા.૨ ।

બેંગ્લોરમાં ટેટૂનો ક્રેઝ ઝડપથી વધી રહ્યો છે. લોકો વિવિધ ડિઝાઈન અને સ્ટાઈલમાં ટેટૂ કરાવતા હોય છે. કેટલાક લોકો ટેટૂના એ હદે ક્રેઝી હોય છે કે એમના શરીર પર સ્કિન કરતા તો ટેટૂ વધુ દેખાતું હોય. પરંતુ આ શોખ તેમના સ્વાસ્થ્ય માટે મોટો ખતરો બની શકે છે. આ મામલે કર્ણાટક સરકાર પણ ટેટૂ પ્રેમીઓને નવો ઝટકો આપવાની તૈયારી કરી રહી છે. કર્ણાટકના સ્વાસ્થ્ય મંત્રી દિનેશ ગુંડુ રાવે જાહેરાત કરી છે કે રાજ્ય સરકાર સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે ટેટૂ પાર્લરો માટે નવા અને કડક નિયમો લાદવાનું આયોજન કરી રહી છે. આ માટે રાજ્ય સરકાર પણ કેન્દ્ર પાસેથી હસ્તક્ષેપ માંગશે જેથી ટેટૂ પ્રક્રિયા માટે યોગ્ય માર્ગદર્શિકા સ્થાપિત કરી શકાય. ટેટૂને કારણે ફેલાતી બીમારીઓને ધ્યાનમાં રાખીને કર્ણાટક સરકાર કડક પગલાં લેવા જઈ રહી છે. આરોગ્ય વિભાગને જાણવા મળ્યું છે કે રોડસાઈડ ટેટૂ પાર્લર કોઈપણ નિયમ-કાનૂન વગર ચાલી રહ્યા છે, જ્યાં સ્વચ્છતાનું બિલકુલ ધ્યાન રાખવામાં આવતું નથી.

## વિદેશ જનારાઓ ખાસ જાણે, સરકારે પાસપોર્ટના નિયમમાં કર્યો ફેરફાર




। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

પાસપોર્ટ એક એવો દસ્તાવેજ છે જેનાથી કોઈ પણ વ્યક્તિની ઓળખ અને તેની નાગરિકતા સાબિત થતી હોય છે. વિદેશ પ્રવાસ માટે આ સૌથી જરૂરી દસ્તાવેજ છે. તેની મદદથી જ તમે અન્ય દેશોમા ફરવાનું, ભણવાનું, બિઝનેસ કરવાનો કે અન્ય કારણોસર મુસાફરી કરી શકો છે. ભારત સરકાર તરફથી પાસપોર્ટના નિયમોમાં કેટલાક ફેરફાર કરાયા છે. કેન્દ્ર સરકાર તરફથી પાસપોર્ટ નિયમોમાં સંશોધન કરવામાં આવ્યું છે. જે હેઠળ ૧ ઓક્ટોબર વર્ષ ૨૦૨૩ કે તેના પછી જન્મેલા પાસપોર્ટ અરજદારો માટે યોગ્ય સત્તાવાળાઓ દ્વારા ઈશ્યુ પ્રમાણપત્ર જ જન્મતિથિનું એક માત્ર પ્રમાણ હશે. આ અઠવાડિયે પાસપોર્ટ નિયમ ૧૯૮૦માં સંશોધનને પ્રભાવી કરવા માટે એક અધિકૃત નોટ જારી કરાઈ છે. નવા પાસપોર્ટ નિયમ અધિકૃત ગેઝેટમાં સુધારા પ્રકાશિત થયા બાદ અમલમાં આવશે. નવા ધારાધોરણો હેઠળ જન્મ અને મૃત્યુ રજિસ્ટ્રાર, મ્યુનિસિપલ કોર્પોરેશન કે જન્મ અને મૃત્યુ નોંધણી અધિનિયમ ૧૯૬૯ હેઠળ સત્તા પ્રાપ્ત અન્ય કોઈ પણ સત્તા દ્વારા ઈશ્યુ કરાયેલા જન્મ પ્રમાણપત્રને ૧ ઓક્ટોબર ૨૦૨૩ કે ત્યારબાદ પેદા થયેલા લોકો માટે જન્મતિથિના પ્રમાણ તરીકે સ્વીકારવામાં આવશે.

### ભાજપના મોટા નેતાએ કર્યો ચોંકાવનારો દાવો

# કોંગ્રેસ માટે એકનાથ શિંદે બની શકે ડીકે શિવકુમાર

## વિપક્ષના નેતા આર અશોકે કહ્યું કે, કોંગ્રેસમાં કેટલાય લોકો છે, જે એકનાથ શિંદે જેવા બની શકે છે

। (એજન્સી) બેંગલુરુ, તા.૨ ।

ભારતીય જનતા પાર્ટીની કર્ણાટક યૂનિટે એક ભડકાઉ નિવેદન આપ્યું છે, જેમાં નાયબ મુખ્યમંત્રી ડીકે શિવકુમાર અને મહારાષ્ટ્રના એકનાથ શિંદેની વચ્ચે સમાનતાઓ દર્શાવી છે. વિપક્ષના નેતા આર અશોકે કહ્યું કે, કોંગ્રેસમાં કેટલાય લોકો છે, જે એકનાથ શિંદે જેવા બની શકે છે. ડીકે શિવકુમાર તેમાંથી એક હોય શકે છે. તેમણે કહ્યું કે, કોંગ્રેસના દિગ્ગજ નેતા પાર્ટીની અંદર વિભાજનની કોશિશ કરી શકે છે. અશોકનું આ નિવેદન ડીકે શિવકુમારની ભાજપની નજીક જવાની અટકળો વચ્ચે આવ્યું છે. ડેપ્યુટી સીએમ કોયમ્બતૂરમાં ઈશા ફાઉન્ડેશનના મહાશિવરાત્રિ કાર્યક્રમમાં સામેલ થવા ગયા હતા. જ્યાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે પણ હાજર હતા. ભાજપના નેતા શ્રીરામુલુએ પણ નામ લેવાનું ટાળ્યું અને શુક્રવારે કહ્યું કે મહારાષ્ટ્ર જેવી "શિંદે ઘટના" કર્ણાટકમાં પણ બની શકે છે. તેમણે કહ્યું, 'તમે જોશો કે શાસક પક્ષ (કોંગ્રેસ) માં કોણ તેનું નેતૃત્વ કરશે.' શ્રીરામુલુએ મૈસુરમાં કહ્યું, 'રાજકારણ એ સ્થિર પાણી નથી. આ વહેતું પાણી છે. આપણે કેટલાક રાજકીય વિકાસ જોઈ રહ્યા છીએ. આપણે જોયું છે કે કેવી રીતે વીરેન્દ્ર પાટિલ જેવા દિગ્ગજ વ્યક્તિને એરપોર્ટ પર લેવાયેલા નિર્ણય દ્વારા મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપવાની ફરજ પાડવામાં આવી. તેવી જ રીતે, આપણે જોયું છે કે દેવરાજ ઉર્સ સાથે કેવી રીતે વર્તવામાં આવતું હતું. ઈશા ફાઉન્ડેશન દ્વારા આયોજિત શિવરાત્રી કાર્યક્રમમાં શિવકુમારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને સદગુરુ જગ્ગી વાસુદેવ સાથે સ્ટેજ શેર કર્યું હતું. અહેવાલો અનુસાર, આનાથી કોંગ્રેસના નેતાઓના એક વર્ગમાં ચિંતા ફેલાઈ છે, જેમને લાગે છે કે શિવકુમાર ભાજપની વિચારધારા સાથે જોડાઈ રહ્યા છે. પરિસ્થિતિનો લાભ લેવાનો પ્રયાસ કરતા, ભાજપના નેતા અને વિધાનસભામાં વિપક્ષના નેતા આર અશોકે ગુરુવારે શિવકુમારની સરખામણી મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે સાથે કરીને શાસક કોંગ્રેસ પર કટાક્ષ કર્યો. એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેનામાં બળવો અને ભાગલાને કારણે ૨૦૨૨ માં મહારાષ્ટ્રમાં મહા વિકાસ આઘાડી (MVA) ગઠબંધન સરકાર પડી ભાંગી હતી. જોકે, કોંગ્રેસના નેતા અને મંત્રી બીઝેડ ઝમીર અહેમદ ખાને શિવકુમાર ભાજપમાં જોડાઈ શકે તેવી અટકળોને ફગાવી દીધી હતી અને કહ્યું હતું કે કોંગ્રેસ તેમના લોહીમાં છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે ડીકે શિવકુમાર કોઈપણ સંજોગોમાં પાર્ટી છોડશે નહીં અને પહેલાની જેમ કોંગ્રેસ પ્રત્યે વફાદાર રહેશે.

## માધબી પુરી બુચ અને સેબીના અધિકારીઓ સામે FIR દાખલ કરો

। (એજન્સી) મુંબઈ, તા.૨ ।

મુંબઈની વિશેષ ACB કોર્ટે શનિવારે કથિત શેરબજાર છેતરપિંડી અને નિયમનકારી ઉલ્લંઘનના કેસમાં સેબીના પૂર્વ ચેરમેન માધવી પુરી બુચ, બોમ્બે સ્ટોક એક્સચેન્જ અને SEBIના ટોચના અધિકારીઓ સામે FIR નોંધવાનો આદેશ આપ્યો છે. આ ઉપરાંત કોર્ટે ૩૦ દિવસમાં કેસ સાથે સંબંધિત સ્ટેટસ રિપોર્ટ જમા કરાવવાનો પણ આદેશ આપ્યો છે. વિશેષ એસીબી કોર્ટે કડક ટિપ્પણી કરતા કહ્યું કે, 'દસ્તાવેજો પરની સામગ્રી અને સમીક્ષા કર્યા બાદ કોર્ટને લાગ્યું છે કે, 'આરોપોમાં કોગ્નિઝેબલ ગુનાનો ખુલાસો થયો છે, તેથી તપાસની જરૂર છે. નિયમનકારી ભૂલો અને મિલીભગતના પ્રથમદર્શી પુરાવા છે, જેની નિષ્પક્ષ તપાસ કરવાની જરૂર છે. કાયદાના અમલીકરણ અને સેબીની નિષ્ક્રિયતાના કારણે કલમ ૧૫૩(૩) CRPC હેઠળ ન્યાયિક હસ્તક્ષેપની જરૂર છે. કોર્ટે ટિપ્પણીમાં એસીબી અપરાધિક એમ.એ.સં.૬૦૩/૨૦૨૪નો પણ ઉલ્લેખ કર્યો છે. હિન્ડનબર્ગના રિપોર્ટમાં અદાણી જૂથના શેર્સમાં ગેરરીતિ થઈ હોવાના આરોપમાં સેબીના વડા માધબી પુરી બુચ અને તેમના પતિની પણ સંડોવણી હોવાનો આરોપ મૂકાયો હતો.

### ઊભા પાકને થયું નુકસાન

# રાજસ્થાનમાં કરાવૃષ્ટિ થતાં જાણે બરફની ચાદર પથરાઈ

## ચુરુના રતનગઢ તાલુકાના કાંગાર ગામમાં બપોરે અચાનક કરા પડવા લાગ્યા, જેના કારણે ખેતરોમાં બરફની સફેદ ચાદર ફેલાઈ

। (એજન્સી) બિકેનાર, તા.૨ ।

રાજસ્થાનમાં હવામાન શુક્રવારે (૨૮મી ફેબ્રુઆરી) બપોર પછી બદલાવ આવ્યો હતો. બિકાનેર જિલ્લાના લુંકરનસર તહસીલ સહિત ચુરુ, નાગૌર, ઝુનઝુનુ અને શેખાવાટીના ઘણાં વિસ્તારોમાં ભારે વરસાદ અને બરફના કરાની ચાદર છવાઈ ગઈ હતી. બદલાતા વાતાવરણના કારણે ઘઉં, ચણા, સરસવ અને જીરુંના પાકનો નાશ થયો છે, જેના કારણે ખેડૂતોને ભારે આર્થિક નુકસાન સહન કરવું પડી શકે છે. અહેવાલો અનુસાર, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરથી



હવામાનમાં અચાનક ફેરફાર થયો છે. શુક્રવારે શ્રીગંગાનગર અને જેસલમેર સહિત ઘણાં જિલ્લાઓમાં ભારે વરસાદ પડ્યો હતો. ચુરુના રતનગઢ તાલુકાના કાંગાર ગામમાં બપોરે અચાનક કરા પડવા લાગ્યા, જેના કારણે ખેતરોમાં બરફની સફેદ ચાદર ફેલાઈ ગઈ. હવામાન વિભાગ અનુસાર, નવા પશ્ચિમી વિક્ષેપની અસરને કારણે આજથી (પહેલી માર્ચ) સુધી હવામાન બદલાતું રહેશે. ગાજવીજ, હળવો વરસાદ અને ભારે પવન પણ રહેશે. આવી સ્થિતિમાં રાજ્યના તમામ જિલ્લાઓના મહત્તમ તાપમાનમાં પણ ૨થી ૩ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની શક્યતા છે. ત્યારબાદ આગામી ચાર દિવસ સુધી હવામાન મુખ્યત્વે શુષ્ક રહેવાની શક્યતા છે. આ ઉપરાંત માર્ચ ૨૦૨૫ દરમિયાન, રાજ્યના મોટાભાગના ભાગોમાં લઘુતમ અને મહત્તમ તાપમાન સરેરાશ કરતાં વધુ નોંધાય તેવી શક્યતા છે. જેના કારણે ભારે ગરમી પડવાની શક્યતા છે.

### ખેલમંત્રી મનસુખ માંડવિયાએ કરી મોટી જાહેરાત

# રમત ક્ષેત્રમાં કુશળ કોચની સંખ્યા વધારવાની જાહેરાત

## તેમણે કહ્યું, કોચિંગ એક પડકારજનક કારકિર્દી છે અને તેમાં સંચાર, નેતૃત્વ અને વ્યૂહાત્મક ક્ષમતાઓ પણ ઘણી જરૂરી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

ખેલમંત્રી મનસુખ માંડવિયાએ દેશમાં સારા કોચનો મોટો સમૂહ બનાવવા અને ભૂતપૂર્વ ચુનંદા ખેલાડીઓને રમત સાથે ફરીથી જોડવાના પ્રયાસરૂપે નેતાજી સુભાષ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ સ્પોર્ટ્સ, પટિયાલાના સહયોગથી વર્તમાન અને ભૂતપૂર્વ ખેલાડીઓ માટે વિશેષ ક્ષમતા નિર્માણ અભ્યાસક્રમની જાહેરાત કરી હતી. કેન્દ્ર સરકારના વિવિધ ઉપક્રમોમાં સ્પોર્ટ્સ ક્વોટા હેઠળ કામ કરતા ભૂતપૂર્વ ચુનંદા ખેલાડીઓ સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા અને NIS પટિયાલા દ્વારા આયોજિત આ



કોર્સમાં ભાગ લઈ શકશે, જેના માટે લઘુત્તમ શૈક્ષણિક લાયકાત ગ્રેજ્યુએશન છે. રમતગમત પ્રધાન માંડવિયાએ અહીં પત્રકારોને જણાવ્યું હતું કે, દેશમાં સારા વ્યાવસાયિક કોચની અછતને ધ્યાનમાં રાખીને, આ કોર્સ અમારા ભૂતપૂર્વ ખેલાડીઓ માટે તૈયાર કરવામાં આવ્યો છે જેમના અનુભવ અને કુશળતા દેશમાં રમતગમત માટે જરૂરી છે. વધુમાં તેમણે કહ્યું, કોચિંગ એક પડકારજનક કારકિર્દી છે અને તેમાં સંચાર, નેતૃત્વ અને વ્યૂહાત્મક ક્ષમતાઓ જરૂરી છે. આ ખાસ કાર્યક્રમ ભૂતપૂર્વ ખેલાડીઓને સક્ષમ કોચ બનાવવા માટે બનાવવામાં આવ્યો છે. ચુનંદા ખેલાડીઓમાં મેડલ વિજેતાઓ અથવા ઓલિમ્પિક્સ, વર્લ્ડ ચેમ્પિયનશિપ, એશિયન અથવા કોમનવેલ્થ ગેમ્સ અથવા ચેમ્પિયનશિપ માં અથવા યુથ ઓલિમ્પિક્સ અથવા જુનિયર વર્લ્ડ ચેમ્પિયનશિપ અથવા વર્લ્ડ યુનિવર્સિટી ગેમ્સમાં મેડલ વિજેતાઓ અથવા સિનિયર નેશનલ ચેમ્પિયનશિપમાં મેડલ વિજેતાઓનો સમાવેશ થાય છે.

### દિલ્હી સરકારની આરોગ્ય વ્યવસ્થાનો પર્દાફાશ

# કેજરીવાલ સરકારે કોરોના રસીકરણ માટે કેન્દ્ર તરફથી મળેલા પૈસા પણ રોકી દીધા

## કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલના રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે રસીકરણ માટે મળેલા પૂરા પૈસા ખર્ચાયા નથી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ (CAG) ના અહેવાલે દિલ્હી સરકારની આરોગ્ય વ્યવસ્થાનો પર્દાફાશ કર્યો છે. દિલ્હીમાં અગાઉની કેજરીવાલ સરકાર દરમિયાન હોસ્પિટલોમાં સ્ટાફની અછત, ઓપરેશન થિયેટર બંધ થવા અને દવાઓની અછત જેવી બાબતો બહાર આવી છે. શુક્રવારે મુખ્યમંત્રી રેખા ગુપ્તા દ્વારા વિધાનસભામાં રજૂ કરાયેલા અહેવાલમાં કોરોના સમયગાળા દરમિયાન થયેલા ગેરવહીવટનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. CAG રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે કોરોના મહામારી દરમિયાન દિલ્હીવાસીઓના રસીકરણ માટે કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરાયેલા નાણાં પણ તત્કાલીન સરકારે લાંબા સમય સુધી પેન્ડિંગ રાખ્યા હતા. જાન્યુઆરી અને માર્ચ ૨૦૨૧ માં કેન્દ્ર તરફથી મળેલા નાણાં એપ્રિલ અને મે મહિનામાં આગળ



વધારવામાં આવ્યા હતા. CAG રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે રસીકરણ માટે મળેલા પૂરા પૈસા ખર્ચાયા નથી. CAG રિપોર્ટના પાના નંબર ૧૨૫ પર, કોરોના રસીકરણ માટે પૈસા આપવામાં વિલંબનો ઉલ્લેખ છે. કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલના રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે રસીકરણ માટે મળેલા પૂરા પૈસા ખર્ચાયા નથી, CAG એ કહ્યું છે કે ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે 'કોવિડ-૧૯ રસીકરણ માટે દિલ્હી સરકારને ગ્રાન્ટ-ઈન-એઈડ ફાળવી હતી, જે દિલ્હી સ્ટેટ હેલ્થ સોસાયટી (DSHS) ને આપવાની જરૂર હતી.' CAG એ જણાવ્યું હતું કે DSHS ના આવક-ખર્ચ ખાતા (૨૦૨૦-૨૧) અને અન્ય સંબંધિત ફાળવણી આદેશો દર્શાવે છે કે કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે બે હપ્તામાં સહાય તરીકે રૂ. ૯.૬૦ કરોડ ફાળવ્યા હતા. જાન્યુઆરી ૨૦૨૧માં ૩.૪૬ કરોડ રૂપિયા અને માર્ચ ૨૦૨૧માં ૬.૧૪ કરોડ રૂપિયા રિલીઝ કરવામાં આવ્યા હતા, પરંતુ આ પૈસા દિલ્હી સરકારે એપ્રિલ અને મે ૨૦૨૧માં DSHSને આપ્યા હતા. DSHS આ ભંડોળ ફંડ જિલ્લા આરોગ્ય મંડળીઓને મોકલે છે. યુટિલિટી સર્ટિફિકેટ મુજબ, માર્ચ ૨૦૨૨ સુધી, ૯.૬૦ કરોડ રૂપિયામાંથી માત્ર ૭.૯૩ કરોડ રૂપિયા જ ખર્ચ થઈ શક્યા. ઉલ્લેખનીય છે કે દિલ્હીમાં કોરોના મહામારીની ઘાતક અસર પડી હતી. આના કારણે હજારો લોકોએ જીવ ગુમાવ્યા. દેશભરમાં રસીકરણ પછી ચેપી રોગચાળાને નિયંત્રિત કરી શકાય છે.

### કાર્યકરની હત્યા બાદ માતાએ કોંગ્રેસ પર ઉઠાવ્યા સવાલ

# ચૂંટણીએ દીકરીનો જીવ લીધો, કોઈ પૂછવા પણ નથી આવ્યું

## હમાનીની માતા સવિતા રાની અને ભાઈ જતીન નરવાલે હિમાનીનો મૃતદેહ સ્વીકારવાનો ઈનકાર કરી દીધો છે

। (એજન્સી) રોહતક, તા.૨ ।

કોંગ્રેસની સક્રિય કાર્યકર હિમાની નરવાલની હત્યા બાદ હરિયાણામાં રાજકારણ ગરમાયું છે. હિમાનીની માતા સવિતા રાની અને ભાઈ જતીન નરવાલે હિમાનીનો મૃતદેહ સ્વીકારવાનો ઈનકાર કરી દીધો છે. તેમણે કહ્યું કે જ્યાં સુધી હત્યારાઓ નહીં પકડાય ત્યાં સુધી તેઓ મૃતદેહ સ્વીકારશે નહીં. હિમાની માતાએ કહ્યું કે આ ચૂંટણીઓએ મારી પુત્રીનો જીવ લીધો છે. દીપેન્દ્ર હુડ્ડા, ભૂપિન્દર સિંહ હુડ્ડા અને ધારાસભ્ય સાથે સંપર્કમાં હતી. તેમની સાથે બેઠકો કરતી, સામાજિક કાર્યમાં જોડાતી હતી. રાહુલ ગાંધીની મુલાકાત દરમિયાન તે કાશ્મીર અને લાલ ચોક પણ ગઈ હતી. તેણે ૧૧ દિવસની યાત્રામાં ભાગ લીધો હતો. પરંતુ આજે તેની હત્યા બાદ કોંગ્રેસના કોઈ કાર્યકર પૂછવા કે જોવા પણ આવ્યું નથી. તેમણે કોઈએ ફોન કરીને સાંત્વના કે શોક પણ વ્યક્ત કર્યો નથી. હિમાનીની માતાએ આગળ જણાવ્યું કે, ચૂંટણી દરમિયાન પક્ષના નેતાઓ સાથે નાના-મોટા ઝઘડા થતાં હતાં. તેના વિશે મારી દિકરી મને જણાવતી હતી. જ્યાં સુધી તેના હત્યારાઓની ધરપકડ નહીં થાય ત્યાં સુધી મારી દિકરીના અંતિમ સંસ્કાર નહીં કરૂ. સવિતા રાનીએ જણાવ્યું કે, 'પક્ષે મારી દિકરીનો જીવ લીધો. જેના લીધે તેના અમુક દુશ્મનો બન્યા. આ હત્યારો પક્ષમાંથી પણ હોઈ શકે છે, તેનો મિત્ર પણ હોઈ શકે છે. ૨૮ ફેબ્રુઆરીએ તે ઘરે હતી. અમને પોલીસ સ્ટેશનમાંથી ફોન આવ્યો હતો. મારી દિકરી આશા હુડ્ડા (ભુપિન્દર સિંહ હુડ્ડાની પત્ની)ની નજીક હતી. જ્યાં સુધી ન્યાય નહીં મળે ત્યાં સુધી હું અંતિમ સંસ્કાર નહીં કરૂ. મારા મોટા દિકરાની ૨૦૧૧માં હત્યા થઈ હતી. ત્યારે પણ અમને ન્યાય નહોતો મળ્યો. આથી મારા બીજા દિકરાનો જીવ બચાવવા હું તેને બીએસએફ કેમ્પ લઈ ગઈ. ચૂંટણી બાદ મારી દિકરી પક્ષથી નારાજ હતી. તેણે કહ્યું હતું કે, તેને નોકરી કરવી છે હવે, પક્ષ માટે વધુ કામ કરવા માગતી નથી. છેલ્લા દસ વર્ષથી તે કોંગ્રેસમાં જોડાયેલી હતી. તે લગ્ન કરવા પણ રાજી થઈ હતી. મને સવારે આશા હુડ્ડાને ફોન કર્યો હતો, પરંતુ તેમણે મારો ફોન રિસિવ ન કર્યો. પોલીસ તમામ પાસાંને ધ્યાનમાં રાખી કેસની તપાસ કરી રહી છે. હત્યાની માહિતી મળ્યા બાદ ઘટનાસ્થળે તુરંત એફએસએલની ટીમ પહોંચી હતી.

## તંત્રી લેખ...

# અમેરિકન ઇતિહાસની સૌથી મોટી છટણી !

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સરકારી ખર્ચમાં સતત ઘટાડો કરી રહ્યા છે. તેમની સરકારે તાજેતરના ઈતિહાસમાં જાહેર કર્મચારીઓની સૌથી મોટી છટણીઓમાંની એક અમલમાં મૂકી છે. આના કારણે હજારો લોકોએ પોતાની નોકરી ગુમાવી છે. IRS, USAID, FEMA અને EPA જેવી મહત્વપૂર્ણ એજન્સીઓ સહિત અનેક એજન્સીઓમાં ૨૦,૦૦૦ થી વધુ સરકારી કર્મચારીઓને છૂટા કરવામાં આવ્યા છે. આ પગલાથી સરકારના કામકાજ પર મોટી અસર થવાની ધારણા છે. એવું નથી કે ફક્ત નીચલા હોદ્દા પરના કર્મચારીઓને જ સરકારી નોકરીઓમાંથી કાઢી મૂકવામાં આવ્યા છે, પરંતુ વરિષ્ઠ અધિકારીઓને પણ નોકરી મુકવાનો સમય આવી ગયો છે. સરકારના પુનર્ગઠન પ્રયાસોના ભાગ રૂપે ઘણા વરિષ્ઠ અધિકારીઓને બરતરફ કરવામાં આવ્યા છે. મોટાભાગના વરિષ્ઠ અધિકારીઓને દૂર કરવામાં આવ્યા છે કારણ કે તેમના કારણે બજેટ બગડી રહ્યું હતું. કેટલાક લોકોને યોગ્ય રીતે કામ ન કરવાને કારણે નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યા છે. ૨૦ થી વધુ વિભાગોમાંથી લોકોને છટણી કરવામાં આવ્યા છે. ઈન્ટરનલ રેવન્યુ સર્વિસ (IRS) માં સૌથી વધુ નોકરીઓ ગુમાવવાનો કેસ નોંધાયો છે. અહીં લગભગ ૭,૦૦૦ કર્મચારીઓને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યા છે. ધ વોશિંગ્ટન પોસ્ટ અનુસાર, ૧૧૦ થી વધુ IRS ઓફિસો પણ બંધ થવા જઈ રહી છે. છટણીની બાબતમાં યુનાઈટેડ સ્ટેટ્સ એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ (USAID) બીજા ક્રમે છે, જ્યાં આશરે ૫,૬૦૦ કર્મચારીઓને ૧૫ મિનિટમાં કાઢી મૂકવામાં આવ્યા હતા. પર્યાવરણીય સુરક્ષા એજન્સી (EPA) ને ૬૫% સુધી સ્ટાફ ઘટાડવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. ફેબ્રુઆરી ૨૦૨૫ માં ટ્રાન્સપોર્ટેશન સિક્યુરિટી એડમિનિસ્ટ્રેશન (TSA) ના ૨૪૦ થી વધુ કર્મચારીઓને છૂટા કરવામાં આવ્યા હતા. ફેડરલ ઈમરજન્સી મેનેજમેન્ટ એજન્સી (FEMA) માં પણ નોકરી ગુમાવવાની શક્યતા છે કારણ કે તેને DEIA પહેલમાં સામેલ કર્મચારીઓને ઓળખવા અને તેમને કાઢી મૂકવાના નિર્દેશો પ્રાપ્ત થયા છે. નેશનલ ઓશનિક એન્ડ એટમોસ્ફેરિક એડમિનિસ્ટ્રેશન (NOAA) ના ૮૦૦ થી વધુ કર્મચારીઓને છૂટા કરવામાં આવ્યા હતા.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી NXT કોન્કલેવમાં ભાગ લઈ ન્યૂઝએક્સ વર્લ્ડ ચેનલ લોન્ચ કરી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીના ભારત મંડપમમાં NXT કોન્ક્લેવમાં ભાગ લીધો હતો. સભાને સંબોધતા, તેમણે ન્યૂઝએક્સ વર્લ્ડના શુભ પ્રારંભ પર હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા. તેમણે ભાર મૂક્યો કે નેટવર્કમાં હિન્દી, અંગ્રેજી અને વિવિધ પ્રાદેશિક ભાષાઓમાં ચેનલો શામેલ છે, અને આજે, તે વૈશ્વિક સ્તરે આગળ વધી રહી છે. તેમણે અનેક ફેલોશિપ અને શિષ્યવૃત્તિઓની શરૂઆત પર પણ ટિપ્પણી કરી, આ કાર્યક્રમો માટે શુભેચ્છાઓ પાઠવી. ભૂતકાળમાં પણ આવા જ મીડિયા કાર્યક્રમોમાં હાજરી આપી હતી, પરંતુ આજે ન્યૂઝએક્સ વર્લ્ડે એક નવો ટ્રેન્ડ સેટ કર્યો છે, એમ કહીને શ્રી મોદીએ આ સિદ્ધિ બદલ ખાસ અભિનંદન પાઠવ્યા. તેમણે ભાર મૂક્યો કે આ પ્રકારની મીડિયા ઈવેન્ટ્સ દેશમાં એક પરંપરા છે, પરંતુ ન્યૂઝએક્સ વર્લ્ડે તેને એક નવું પરિમાણ આપ્યું છે. તેમણે ઉમેર્યું કે તેમની સમિટ નીતિઓની ચર્ચા પર કેન્દ્રિત હતી અને રાજકારણ-કેન્દ્રિત કરતાં નીતિ-કેન્દ્રિત હતી. તેમણે ઉમેર્યું કે આ સમિટમાં વિવિધ ક્ષેત્રોના ઘણા મહાનુભાવો દ્વારા ચર્ચાઓ અને વિચાર-વિમર્શને ખૂબ મહત્વ આપવામાં આવ્યું હતું. તેમણે સ્વીકાર્યું કે તેઓએ એક નવીન મોડેલ પર કામ કર્યું છે, અને આશા વ્યક્ત કરી કે અન્ય મીડિયા ગૃહો આ વલણ અને ટેમ્પ્લેટને પોતાની નવીન રીતે સમૃદ્ધ બનાવશે. "દુનિયા ૨૧મી સદીના ભારત પર ઉત્સુકતાથી નજર રાખી રહી છે", એમ પ્રધાનમંત્રીએ કહ્યું. તેમણે કહ્યું કે વિશ્વભરના લોકો ભારતની મુલાકાત લેવા અને સમજવા માંગે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ભારત એક એવો દેશ છે જ્યાં સકારાત્મક સમાચાર બની રહ્યા છે, દરરોજ નવા રેકોર્ડ બની રહ્યા છે અને દરરોજ કંઈક નવું બની રહ્યું છે. ૨૬ ફેબ્રુઆરીએ પ્રયાગરાજમાં મહાકુંભના તાજેતરમાં પૂર્ણ થયેલા સમાપનનો ઉલ્લેખ કરતા, જેમાં લાખો લોકો નદી કિનારે એક અસ્થાયી શહેરમાં સ્નાન કરીને વિશ્વને આશ્ચર્યચકિત કરી દીધું હતું, શ્રી મોદીએ કહ્યું, "દુનિયા ભારતના આયોજન અને નવીન કૌશલ્યનું સાક્ષી બની રહી છે". તેમણે નિર્દેશ કર્યો કે ભારત સેમિકન્ડક્ટરથી લઈને વિમાનવાહક જહાજો સુધી બધું જ બનાવી રહ્યું છે અને વિશ્વ ભારતની સફળતા વિશે વિગતવાર જાણવા માંગે છે અને વ્યક્ત કર્યું કે આ ન્યૂઝએક્સ વર્લ્ડ માટે એક મહત્વપૂર્ણ તક છે. થોડા મહિના પહેલા ભારતમાં વિશ્વની સૌથી મોટી ચૂંટણી યોજાઈ હતી તે વાત પર ભાર મૂકતા શ્રી મોદીએ કહ્યું કે ૬૦ વર્ષમાં પહેલી વાર ભારતમાં કોઈ સરકાર સતત ત્રીજી વખત સત્તામાં આવી છે. તેમણે ભાર મૂક્યો કે આ જાહેર વિશ્વાસ છેલ્લા ૧૧ વર્ષમાં ભારતની અસંખ્ય સિદ્ધિઓ પર આધારિત છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે નવી ચેનલ કોઈપણ પક્ષપાત વિના ભારતની વાસ્તવિક વાર્તાઓ વિશ્વ સમક્ષ લાવશે, દેશને ખરેખર જેવો છે તેવો દર્શાવશે. "થોડા વર્ષો પહેલા, મેં 'વોકલ ફોર લોકલ' અને 'લોકલ ફોર ગ્લોબલ'નું વિઝન રાષ્ટ્ર સમક્ષ રજૂ કર્યું હતું અને આજે, આપણે આ વિઝનને વાસ્તવિકતામાં પરિવર્તિત થતું જોઈ રહ્યા છીએ", એમ પ્રધાનમંત્રીએ જણાવ્યું. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારતના આયુષ ઉત્પાદનો અને યોગ સ્થાનિકથી વૈશ્વિક સ્તરે ગયા છે અને નોંધ્યું હતું કે ભારતના સુપરફૂડ, માખાનાને પણ વૈશ્વિક સ્તરે માન્યતા મળી રહી છે, જેમાં બાજરી, જેને "શ્રી અન્ના" તરીકે ઓળખવામાં આવે છે. તેમણે ઉલ્લેખ કર્યો કે તેમના મિત્ર, ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ વડા પ્રધાન, ટોની એબોટે દિલ્હી હાટમાં ભારતીય બાજરીનો અનુભવ કર્યો હતો અને બાજરીની વાનગીઓનો આનંદ માણ્યો હતો, જે તેમને ખૂબ ગમ્યો હતો. ભારત માત્ર બાજરી જ નહીં પણ ભારતની હળદર પણ સ્થાનિક સ્તરે પહોંચી ગઈ છે, જેના કારણે ભારત વિશ્વની ૬૦ ટકાથી વધુ હળદરનો પુરવઠો પૂરો પાડે છે, તે વાત પર ભાર મૂકતા શ્રી મોદીએ ટિપ્પણી કરી કે ભારતની કોફીએ પણ વૈશ્વિક સ્તરે માન્યતા પ્રાપ્ત કરી છે, જેના કારણે ભારત વિશ્વનો સાતમો સૌથી મોટો કોફી નિકાસકાર બન્યો છે. તેમણે ભાર મૂક્યો કે ભારતના મોબાઈલ ફોન, ઈલેક્ટ્રોનિક ઉત્પાદનો અને દવાઓ વૈશ્વિક સ્તરે માન્યતા મેળવી રહી છે. તેમણે નોંધ્યું કે ભારત અનેક વૈશ્વિક પહેલનું નેતૃત્વ કરી રહ્યું છે. ફ્રાન્સમાં AI એક્શન સમિટમાં હાજરી આપવાની તાજેતરની તકનો ઉલ્લેખ કરતા, જ્યાં ભારત સહ-યજમાન હતું અને હવે તેનું આયોજન કરવાની જવાબદારી સંભાળશે, પ્રધાનમંત્રીએ તેના પ્રમુખપદ દરમિયાન ભારતના સફળ G-20 સમિટ પર પ્રકાશ પાડ્યો.

**પ્રથમ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ૧૯૧૧માં ઓસ્ટ્રિયા, ડેનમાર્ક, જર્મની અને સ્વિટ્ઝર્લેન્ડમાં ઉજવવામાં આવ્યો હતો, અને આજે હું જર્મનીમાં જ છું**

# ચાહે પૂર્વની હોય યા પશ્ચિમની, દરેક મહિલાની ભેદભાવ મુક્ત પ્રેમની જ માંગ હોય છે



**સદ્‌ગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**આશ્ચર્યની વાત તો ત્યાં છે કે આજે મહિલા દિવસને રાજકારણમાં કે અન્ય ક્ષેત્રે મહિલાઓની પ્રગતિના દિવસ તરીકે ઉજવવામાં આવે છે, પણ હકીકતમાં આ દિવસનો ઉદભવ એક આંદોલનમાંથી શરૂ થયો હતો! પશ્ચિમની સંસ્કૃતિની મોર્ડન સ્ત્રીને જોઈએ તો આપણને એમ થાય કે એને કોઈ પાબંદી નહીં હોય!**

૮ માર્ચ એ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ તરીકે ઉજવવામાં આવે છે! એ તો બધાને ખબર હશે, પણ આ દિવસ ઉજવવાનું શું કામ શરૂ થયું! અને એની માટે કોણ જવાબદાર છે! એ વિશે કદાચ કોઈને ખબર ન પણ હોય તો, એક સદી ઉપરથી મહિલા દિવસની ઉજવણી કરવામાં આવે છે. ૧૯૦૮ મા ક્લેરા જેટકીન નામની મહિલા એ મહિલા દિવસનો પાયો નાખ્યો હતો, જ્યારે લગભગ પંદર હજાર મહિલાઓએ ન્યૂયોર્ક શહેરમાં એક પરેડ કાઢી હતી. તેમની માંગ હતી કે મહિલાઓના કામના કલાકો ઘટાડવા જોઈએ, પગાર સારો હોવો જોઈએ અને મહિલાઓને પણ મતદાનનો અધિકાર મળવો જોઈએ,! અને એક વર્ષ પછી, અમેરિકાની સમાજવાદી પાર્ટીએ આ વાતને અનુમોદન આપ્યું અને એ રીતે પ્રથમ રાષ્ટ્રીય મહિલા દિવસ મનાવવાની જાહેરાત કરી. એટલે ૧૯૧૦ થી ૮ માર્ચ એ મહિલા દિવસ ઉજવવામાં આવે છે. ક્લેરા જેટકીન ડાબેરી કાર્યકર હતાં. તેઓ મહિલાઓના અધિકારો માટે અવાજ ઉઠાવતાં હતાં. તેમણે ડેનમાર્કની રાજધાની કોપનહેગનમાં કાર્યકારી મહિલાઓની આંતરરાષ્ટ્રીય પરિષદમાં ૧૯૧૦માં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવાનું સૂચન કર્યું હતું.તે કોન્ફરન્સમાં ૧૭ દેશોમાંથી ૧૦૦ મહિલાઓ સામેલ થયાં હતાં અને તેમણે સર્વાનુમતે ક્લેરાના સૂચનને સ્વીકારી લીધું. પ્રથમ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ૧૯૧૧માં ઓસ્ટ્રિયા, ડેનમાર્ક, જર્મની અને સ્વિટ્ઝર્લેન્ડમાં ઉજવવામાં આવ્યો હતો, અને આજે હું જર્મનીમાં જ છું. આશ્ચર્યની વાત તો ત્યાં છે કે આજે મહિલા દિવસને રાજકારણમાં કે અન્ય ક્ષેત્રે મહિલાઓની પ્રગતિના દિવસ તરીકે ઉજવવામાં આવે છે, પણ હકીકતમાં આ દિવસનો ઉદભવ એક આંદોલનમાંથી શરૂ થયો હતો! પશ્ચિમની સંસ્કૃતિની મોર્ડન સ્ત્રીને જોઈએ તો આપણને એમ થાય કે એને કોઈ પાબંદી નહીં હોય! પણ આની પરથી એકવાત સ્પષ્ટ થાય છે કે, પૂરાં વિશ્વમાં મહિલાને પુરુષ કરતાં ઉણી ગણવામાં આવે છે! અને એને એને માન સન્માન અપાતું નથી, હાલાકી એ સત્ય નથી! કારણ કે એક પુરુષને નવ મહિના ગર્ભમાં ધારણ કરી જન્મ દેનારી એક મહિલા છે! એને પોતાનું દૂધ પીવરાવી પોષણ આપનાર એક મહિલા છે! એને યોગ્ય સંસ્કાર આપી ઉછેરનાર એક મહિલા છે! સાચું સારું સમજાવનાર એક મહિલા જ છે. એનો મતલબ પિતા માનનાં અધિકારી નથી એવું કહેવાનો બિલકુલ નથી! પણ એ જ પુરુષ જ્યારે એને સન્માન આપવામાં ઉણો ઉતરે તો એ વ્યાજબી નથી. દરેક પુરુષ એ જાણે જ છે કે, એક દિવસ પણ મહિલા વગર કાઢવો કેટલો મુશ્કેલ છે, કે અહીં મહિલા વગર જીવન અશક્ય છે. ભારતીય સંસ્કૃતિમાં મહિલાને દુર્ગા, દેવી, આર્ય નારી, શક્તિ એવા બધાં ઉપનામથી




નવાજવામાં આવી છે, અને તે પૂજાને યોગ્ય છે, એવું પણ કહેવામાં આવે છે. પરંતુ આવી બધી વાતો કરીએ, તો આધુનિક પેઢી કદાચ નારાજ થાય,અને કહે કે એવું સમજી વિચારીને અમને ઘરમાં પૂરી રાખવામાં આવતી હતી. ક્યાંક નાત જાતના નામે, ક્યાંક મર્યાદાને નામે, તો ક્યાંક ચરિત્રના રક્ષણ માટે થઈને, પણ સ્ત્રીઓની અમુક રીતે સંભાળ રખાતી હોય છે. પણ એ દોર ચાલ્યો ગયો, અને મહિલા ઓનાં જીવનનો નવો દોર શરૂ થયો, જેમાં એ પણ દરેક કાર્ય કરવાં સક્ષમ છે, તેવું તેણે સાબિત કર્યું, અને દરેકે દરેક ક્ષેત્રમાં એ સફળ પણ થઈ, પણ શું ખરેખર આધુનિક નારી સફળ કે અસફળ? કદાચ સક્ષમ હોઈ શકે, સફળ હોઈ શકે, પરંતુ દરેક નિર્ણય લેવાં માટે સ્વતંત્ર નથી હોતી,તો ક્યાંક સક્ષમ હોય,સફળ હોય,અને સ્વતંત્ર પણ હોય તો સુરક્ષિત તો નથી જ. તો દરેક મહિલાને એક પ્રશ્ન થાય કે આવું બધું ક્યાં સુધી!! આશ્ચર્યની વાત તો, ત્યાં છે કે ઘર બહાર તો એ સુરક્ષિત નથી જ, પણ ક્યારેક અને ક્યાંક તો સ્ત્રી ઘરમાં પણ સુરક્ષિત નથી, અને આ પરિસ્થિતિ ફક્ત ભારતમાં નથી, અહીં પણ છે! એટલે કે અત્યંત મોર્ડન ગણાતા યુરોપના કન્ટ્રીમા પણ ડોમેસ્ટિક વાયલન્સ અને આવી બાબતોમાં આસાનીથી મર્ડર થતાં હોય છે. તો વિચારવા જેવો પ્રશ્ન છે, કે વાંક કોનો છે? અને એનું કારણ પણ બહુ જ આશ્ચર્ય ચકિત કરી દે તેવું છે, કે અહીં મહિલાને તેની સામે એકલા પુરુષનો મુકાબલો કરવાનો હોતો નથી, ક્યાંક ક્યાંક તો તેની સામે એક મહિલા જ દુશ્મન તરીકે ઉભી હોય છે, અને એ પણ મોટેભાગે અંગત સ્વજન જ હોય છે. એટલે જ્યાં સુધી સ્ત્રી સશક્તિકરણ નહીં થાય ત્યાં સુધી આવાં દિવસોની ઉજવણી નિરર્થક છે. છેલ્લા બે દાયકાની વાત કરીએ તો સમાજનો લગભગ દરેક વર્ગ હવે સ્ત્રી શિક્ષણમાં માનનારો થઈ ગયો છે, અને પોતાની દીકરીને નિશાળે મોકલવા સુધીની જાગૃતિ સૌમાં આવી ગઈ છે. પહેરવેશની દ્રષ્ટિએ પણ પુરુષે સ્ત્રીઓના પહેરવેશ અમુક કક્ષાએ સ્વીકારી લીધા છે, અને લગભગ બધા ઘરોમાં અમુક છૂટ મળી ગઈ છે, તો સાસરવાસી દીકરીઓને પણ અમુક પ્રકારની છૂટ મળે છે. સ્ત્રીઓ કાર્યક્ષેત્રની રીતે હવે માત્ર ગૃહિણી બનીને ઘરમાં બેસતી નથી, અને વર્કિંગ વુમન તરીકે દરેક ક્ષેત્રમાં અત્યારે કામ કરી રહી છે, તે રસોઈ અન્ય પાસે કરાવે એ બાબતે પણ સમાજ સવીકારતો થઈ ગયો છે. તો આપણે ક્યાં સુધી સમાજનો દોષ કાઢીશું? એ વાત પણ જરાક વિચારવા જેવી છે, એટલે કે અંદરોઅંદર જ્યાં સુધી એકતા બહુ જરૂરી છે. ટૂંકમાં પુરુષ ની હોય કે સ્ત્રીની વિકૃતિના પરિણામે આજની મહિલા શોષિત થાય છે, અને સુરક્ષિત નથી. ભારતીય સમાજની બીજી એક માનસિકતા એવી છે કે એને મૂર્તિ સ્વરૂપે શક્તિની પૂજા અર્ચના કરવી છે, પરંતુ જીવંત શક્તિને સદાય અવગણવું અથવા તો સમાન સ્તરની તેની માંગ ઠુકરાવીને તેને પોતાનું પ્રાધાન્ય સ્થાપવું છે. અહંકાર કે અભિમાન કે પછી આગ્રહવશ આ બધું સદીઓથી ચાલતું આવે છે,પણ ક્યાં સુધી!!! કોઈ સ્ત્રી પોતાની પૂજા થાય એ મતની નથી હોતી, બસ માત્ર તેને પણ લાગણીથી સ્વીકારવામાં આવે, એટલી જ વાત તેઓની હોય છે, તેઓ એ પ્રેમના અધિકારી છે, તે પણ સમાજમાં મુક્ત રીતે હરી ફરી શકે, સ્વતંત્ર રીતે નિર્ણય લઈ શકે,અને દરેક જગ્યાએ પોતાનો પક્ષ મુકી શકે બસ આટલી નાની અમથી વાત છે. પરિવાર માથે સંકટ તોળાય તો ઘરની મહિલાઓ પોતાના દર દાગીના કે અંગત રુપિયા આપી દેતા પણ અચકાતી નથી, એ વાત સૌ કોઈ અનુભવ સાથે જાણે છે. તો સમર્પણમાં કમી ન હોવા છતાં, આ રીતનો વ્યવહાર શું કામ ? એ પ્રશ્ન તો થાય જ. આપણે ત્યાં તો પતિની ખરાબ આદતોને પણ સ્ત્રીઓએ સ્વીકારીને પરિવાર ચલાવવા માટે મજૂરી પણ કરી હોય, રાત્રે દારૂ વગેરેનું વ્યસન કરી ઘરે પાછો આવી, ઘરની સ્ત્રીને મારઝૂડ કરે, અને સવારે એ જ સ્ત્રી એની માટે રોટલો બનાવે, આવા દ્રશ્યો તો ભારતીય સંસ્કૃતિમાં જ જોવા મળે! એટલે કે આટલું સમર્પણ હોવા છતાં, સમાજ સ્ત્રી પાસેથી હજી કઈ વધુ અપેક્ષા રાખે છે, કે તેનું આજ સુધી શોષણ થવાનું બંધ થયું નથી! હવે મહિલા દિવસની ઉજવણી કરતા પહેલા આ બધા સવાલોના જવાબ મેળવવા બધી મહિલા એક થઈ સશક્તિકરણ માટે આગળ આવે ઘર પરિવારથી શરૂ કરી અંદરોદર એક બોન્ડ બનાવે, કે જેને કોઈ કાપી ન શકે. દિકરી ઓને માત્ર શિક્ષણ નહીં પરંતુ આત્મ નિર્ભર બનાવે, ડિફેન્સની પણ તાલીમ આપે, જેથી કરીને સમાજ કે સરકાર કોઈ પાસે ન્યાય માંગવાની જરૂર જ ન રહે, પરંતુ દરેકે મર્યાદાના સંસ્કાર ચુકાય નહીં તેનું પુરેપુરું ધ્યાન રાખવું, એટલે કે સમયે દુર્ગા બનવું, બાકી મા અન્નપૂર્ણા બની સદા પરિવારનું પોષણ પણ કરવું. એકવીસમી સદીમાં ભારત પણ આ બાબત આગળ ચાલી રહ્યો છે, દ્રૌપદી મુર્મૂ અને નિર્મલા સીતારામન્ ને મીનીસ્ટરીમાં મહત્વના સ્થાન આપી અને એક ઉજ્જ્વળ ભારત ઘડવાની તક એમને આપવામાં આવી છે. આપણે સૌ આશા રાખીએ કે આ એકવીસમી સદી મહિલાઓ માટેનો સુંદર સમયે લાવે, અને જ્યાં એ આજ સુધીની એની તમામ લાગણી મુક્ત રીતે વહાવી શકે. જય હિન્દ.

**સંસારનું સુખ દરાજને ખંજવાળ વા જેવું છે, દરાજને ખંજવાળો ત્યારે સુખ જેવું લાગે છે, પણ ખંજવાળથી નખના ઝેરથી દરાજ વધે છે**

# વિષયો અને ઇન્દ્રિયોને લગતું સુખ આરંભમાં અમૃત જેવું લાગે છે,પણ અંતે તે વિષમય પુરવાર થાય છે..



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**શંકર સ્વામીએ એક જગ્યાએ આ ઇન્દ્રિયોને ચોર કહી છે, ઇન્દ્રિયોચોર કરતાં પણ ખરાબ છે ચોર જેના આધારે હોય ત્યાં ચોરી કરતો નથી ચોર જેના ઘરમાંરહેતો હોય તેને ત્યાં ચોરી કરતો નથી, ત્યારે ઇન્દ્રિયો તો પોતાના પતિ આત્માને જ છેતરે છે, તેને ત્યાંથી ચોરી કરે છે! આથી દેવહુતિ પુત્રને કહે છે કે, આ ચોરરૂપી ઇન્દ્રિયોથી હવે મને કંટાળો આવ્યો છે.**

આજે સોમવારે વધતી ગરમી અને આકાશમાં ધમરોળતા વાદળો વચ્ચે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો સંસારના સુખ સમૃદ્ધિ વૈભવ છોડીને સંન્યાસી જીવન માનવી એટલા માટે સ્વીકારે છે કે તે આનંદથી રહી બીજાને આનંદમાં કેમ રહેવું તેનો ઉપદેશ આપે છે. આજે સંસાર ત્યાગ કરનારને વૈભવી જીવનશૈલી જીવવી છે એ બીજાને આનંદમાં રહેવાનો શું ઉપદેશ આપી શકે??? સંન્યાસની વિધિ જોતાં પણ વૈરાગ્ય આવે છે. સંન્યાસની ક્રિયામાં વિરજા હોમ કરવો પડે છે દેવ, બ્રાહ્મણ, સૂર્ય, અગ્નિ આ બધા ની સમક્ષ વિરજા હોમ કરવો પડે છે.પછી નદીમાં સ્નાન કરી લંગોટી પણ ફેંકી દઈ નગ્ન અવસ્થામાં બહાર આવવું પડે છે. આદિનારાયણનું ચિંતન કરતાં કરતાં કર્દમઋષિને ભાગવતી મુક્તિ મળી.હવે કપિલ ગીતાનો આરંભ થાય છે. આ અતિ દિવ્ય પ્રસંગ છે. દીકરો ઉપદેશ આપે છે. ભાગવતનું આ અગત્યનું પ્રકરણ છે.તેના નવ અધ્યાય છે. કપિલ ગીતાનો પ્રારંભ પચીસમા અધ્યાય થી છે.તેમાં સાંખ્યશાસ્ત્રનોઉપદેશ છે.ત્રણ અધ્યાયોમાં પહેલાં વેદાંત નું જ્ઞાન કહ્યું છે.ત્યારબાદ ભક્તિનું વર્ણન કરેલું છે. તે પછી સંસારચક્રનું વર્ણન આવે છે. દેવ હુતિના મનમાં કેટલાક પ્રશ્નો છે તેનો જવાબ જડતો નથી તેવે વખતે તેને યાદ આવે છેકે, ઋષિઓએ કહેલું કે, આ બાળક માતાનો ઉદ્ધાર કરવા આવ્યો છે એટલે દેવહુતિ કપિલ ભગવાન પાસે આવ્યાં. કહે, આપ આજ્ઞા કરો તો પ્રશ્ન પૂછવાની ઈચ્છા છે. માતા દેવહુતિ કપિલદેવમાં પુત્ર બુદ્ધિમાં નહીં,પણ ગુરુ બુદ્ધિ સ્થાપીને પોતાના ઉદ્ધાર ના ઉપાયના પ્રશ્નો પૂછે છે. કપિલ કહે છે, મા, સંકોચ ન રાખો તમારે જે પૂછવું હોય તે પૂછો. મા દેવહુતિએ આરંભમાં શરણાગતિ લીધી છે. ઈશ્વરની શરણાગતિ લીધા સિવાય જીવનો ઉદ્ધાર થતો નથી. ગીતામાં અર્જુને પણ પ્રથમ શરણાગતિ લીધી કે, હું તમારો શિષ્ય છું. તમે કહેશો તે કરીશ. દેવકૃતિએ પ્રશ્ન કર્યો, જગતમાં સાચ સુખ કયાં છે? સાચો આનંદ ક્યાં છે? જે આનંદનો વિનાશ ન થાય તેવો નિત્ય-આનંદ મને બતાવો! ઈન્દ્રિયોના લાડ ઘણા કર્યા,પણ મનને શાંતિ નથી.સમય જાય એટલે ખબર પડે છે કે વિષયોના આનંદમાં સાર નથી. ઈન્દ્રિયો માગે તે વિષયો ઈન્દ્રિયોને આપ્યા છતાં તૃપ્તિ થતી નથી અને ઈન્દ્રિયો રોજ નવા નવા વિષયો માગે છે. જીવ રસસુખ તરફ ખેંચે છે. આંખ રૂપના સુખ તરફ ખેંચે છે. ત્વચા સ્પર્શના સુખ તરફ ખેંચે છે. જીભ કહે છે કે,બે મહિનાથી મેં ઢોકળા ખાધાં નથી.અરે પણ આજ સુધીમાં તેં કેટલી વખત ખાધાં તે યાદ કરને!ઢોકળાં ખવડાવી જીભને રાજી કરી, તો આંખો કહે,મે બે માસથી ફિલ્મ જોઈ નથી. પૈસા ખર્ચીને અંધારા માં બેસે એ સુધર્યા કહેવાય કે બગડ્યા? કેટલાક કહે છે,અમે તો ધાર્મિક ફિલ્મ સિરિયલ જોઈએ છીએ.



ધાર્મિક ચિત્રો પણ ન જોવાય  કારણ કે રામનો પાઠ ભજવનાર ક્યાં રામ હોય છે? રામનો પાઠ ભજવનાર પરસ્ત્રીને કામ ભાવથી જોતો હોય તો તેની સિરિયલમાં શું જોવું?રામ જેવો કોઈ રામનો પાઠ ભજવે તો અસર થાય નરસિંહ મહેતાની સિરિયલ જોઈને જે સિરિયલ નહોતા જોતા એવા ભક્તો સિરિયલ જોતા થયા.પણ સિરિયલો જોનારો કોઈ નરસિંહ મહેતો થયો હોય તો દેખાડો! તમે કહેશો કે,હું કડક બોલું છું પણ હું જે જોઉં છું તે કહું છું.વિલાસનાં ચિત્રો જોવાથી જીવન બહુ બગડે છે. શંકર સ્વામીએ એક જગ્યાએ આ ઈન્દ્રિયોને ચોર કહી છે. ઈન્દ્રિયોચોર કરતાં પણ ખરાબ છે ચોર જેના આધારે હોય ત્યાં ચોરી કરતો નથી ચોર જેના ઘરમાંરહેતો હોય તેને ત્યાં ચોરી કરતો નથી. ત્યારે ઈન્દ્રિયો તો પોતાના પતિ આત્માને જ છેતરે છે.તેને ત્યાંથી ચોરી કરે છે! આથી દેવહુતિ પુત્રને કહે છે કે, આ ચોરરૂપી ઈન્દ્રિયોથી હવે મને કંટાળો આવ્યો છે. જગતમાં સાચું સુખ સાચો આનંદ ક્યાં છે તે મને બતાવો અને તે આનંદ મેળવવાનું સાધન શું છે તે બતાવો, કપિલ ભગવાનને આનંદ થયો. તે બોલ્યા,મા,આનંદએ તો આત્માનું સ્વરૂપ છે.અજ્ઞાનથી જીવ જડ વસ્તુમાં આનંદ શોધે છે.પણ આનંદ જડ વસ્તુમાં રહી શકે નહીં સંસારના વિષયો સુખ આપે છે,પણ આનંદ આપતા નથી અને જે સુખ આપે છે તે તમને દુઃખ પણ આપશે.પરંતુ ભગવાન તમને હંમેશાં આનંદ આપશે. આનંદ એ પરમાત્માનું સ્વરૂપ છે. સંસારનું સુખ દરાજને ખંજવાળ વા જેવું છે.દરાજને ખંજવાળો ત્યારે સુખ જેવું લાગે છે, પણ ખંજવાળથી નખના ઝેરથી દરાજ વધે છે. ઉત્તમમાં ઉત્તમ મીઠાઈ ગળા સુધી હોય ત્યાં સુધી સ્વાદ વાળી લાગે છે.જગતના પદાર્થોમાં આનંદ નથી, આનંદનો ભાસ માત્ર છે.આ જગત દુઃખ રૂપ છે. ગીતાજીમાં પણ કહ્યું છે કે, ક્ષણ ભંગુર અને સુખ રહિત એવા આ જગતને અથવા મનુષ્ય શરીરને પ્રાપ્ત કરીને તું મારું જ ભજન કર. વિષયો અને ઈન્દ્રિયોને લગતું સુખ આરંભમાં અમૃત જેવું લાગે છે, પણ અંતે તે વિષમય પુરવાર થાય છે. ઈન્દ્રિયોથી સુખની તૃપ્તિ થતી નથી. ઈન્દ્રિયો વિવેકરૂપી ધનનું હરણ કર્યા પછી જીવને સંસાર રૂપી ખાડામાં નાંખે છે. બહારના વિષયોમાં આનંદ નથી,સુખ નથી ખરો આનંદ બહાર નથી અંદર જ છે-આત્મામાં છે.આનંદ એ અવિનાશી અંતર્યામીનું સ્વરૂપ છે. એની એક નક્કર સાબિતી એ કે જો શરીરમાં આનંદ હોય તો તેમાંથી પ્રાણ નીકળી ગયા પછી લોકો તેને સાચવી રાખતા કેમ નથી? જડ પદાર્થમાં આનંદનો ભાસ થાય છે તે ચૈતન્ય સ્પર્શથી થાય છે.બે શરીરના સ્પર્શથી સુખ મળતું નથી પણ પ્રાણ એક થાય છે એટલે આનંદ જેવું લાગે છે. પ્રાણ ભેગા થાય તો સુખ થાય છે,ત્યારે અનેક પ્રાણો જેમાં મળ્યા છે તે પરમાત્મા ને મળવાથી કેટલો આનંદ થાય! બહારના વિષયોમાં આનંદ નથી, પરંતુ ચિત્તમાં-મનમાં આત્માનું પ્રતિબિંબ પડે છે તેથી આનંદજેવું લાગે છે. ઈન્દ્રિયોને મનગમતો પદાર્થ મળે એટલે ઈન્દ્રિયો વિષય માં તદ્રુપ થાય છે, એટલે મન થોડીવાર એકાગ્ર થાય પરિણામે ચિત્તમાં આત્માનું પ્રતિબિંબ પડે છે તેથી આનંદનો ભાસ થાય છે.આનંદ એઆત્માનુ સહજ સ્વરૂપ છે. શીતળતા એ જળનું સહજ સ્વરૂપ થાય છે તેમ મા, આત્મા તો નિત્ય શુદ્ધ છે. આનંદ સ્વરૂપ છે. સુખ-દુઃખ એ મનના ધર્મો છે. મન નિર્વિષય એટલે આનંદ મળે છે.દશ્યમાંથી દષ્ટિને હટાવી દષ્ટા માં દષ્ટિને સ્થિર કરે તો આનંદ મળે. મા,જો વિષયોમાં આનંદ હોય તો સર્વને સર્વકાળે એક સરખો આનંદ આપે.તૃપ્ત થયેલા માણસ પાસે શિખંડ મૂકો તો તેને નહીં ભાવે.માંદા માણસ પાસે માલપૂડા મૂકો તો તેને નહીં ભાવે. એટલે આનંદ શિખંડ,માલપૂડા એટલેકે વિષયોમાં નથી,જડ પદાર્થોમાં નથી.શિખંડમાં આનંદ હોય તો જેને તાવ આવ્યો હોય તેને પણ શિખંડ ખાવાથી આનંદ મળવો જોઈએ, પણ તેને આનંદ મળતો નથી.એટલે શિખંડમાં આનંદ નથી તે પ્રમાણે બધા વિષયોનું સમજવાનું છે. સંસારના પદાર્થોમાં આનંદ નથી, પણ ઈન્દ્રિયોને મનગમતા વિષય મળે એટલે ઈન્દ્રિય બહારથી અંતર્મુખ થાય છે.અંતર્મુખ થયેલા મનમાં ઈશ્વરનું પ્રતિબિંબ પડે છે એટલે આનંદ થાય છે. મન અંદર આવે છે એટલે આનંદ મળે છે તે મન બહાર જાય છે એટલે આનંદ ઊડી જાય છે.કલ્પના કરો કે, શેઠ શિખંડ-પૂરી જમવા બેઠા છે.ત્યાં મુંબઈની પેઢીમાંથી તાર આવે છેકે પેઢી ડૂબી ગઈ છે.એ જ શિખંડ તરત ઝેર જેવો બની જાય છે.એ શિખંડ હવે મોંમાં જતો નથી. મા,સંસારના જડ પદાર્થમાં આનંદ નથી. આનંદ જ્યારે જ્યારે મળે છે ત્યારે તે ચેતન પરમાત્માના સંબંધથી મળે છે. જીવ કપટી છે. પરમાત્મા ભોળા છે. જીવ ઉપક્ષા કરે છે તો પણ તેના અપરાધની પરમાત્મા ક્ષમા કરે છે. વાચક ચાહક મિત્રો, કાળઝાળ ગરમીનો પ્રકોપ ઝડપભેર વધી રહ્યો છે,પરીક્ષાઓ ચાલે છે બિનજરૂરી રઝળપાટ બંધ કરી શરીર હૃદય મનથી તંદુરસ્ત રહો. ઠંડા પીણા વ્યસનોથી દૂર રહો. અસ્તુ. જય માતાજી.

### ફિલ્મ સફળ થાય તો જ મને કમાણી થાયઃ આમિર ખાન

# અભિનેતા આમિર ખાને ૨૦ વર્ષથી એક્ટર તરીકે ફી લીધી નથી



### આમિરે કહ્યું હતું કે, એક્ટર્સ માટે ફી લેવાના બદલે નફામાંથી આવક લેવાનું આ મોડેલ ઘણું જૂનું છે

આમિર ખાને છેલ્લા ૩૭ વર્ષમાં ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ઘણાં બદલાવ લાવી દીધા છે. આમિર ખાન આગામી મહિન ૬૦ વર્ષના થશે. ઉંમરના આ પડાવમાં પણ સતત નવા પ્રોજેક્ટ અને નવા વિચાર સાથે આગળ વધવા પ્રયત્નશીલ રહેતાં આમિર ખાને કહ્યું હતું કે, તેમણે છેલ્લા ૨૦ વર્ષથી એક્ટર તરીકે કોઈ ફી લીધી નથી. ઓડિયન્સને ફિલ્મ પસંદ આવે તો જ તેમને કમાણી થાય છે. ફિલ્મ ના ચાલે તો આમિરને પણ આવક થતી નથી. આમિર ખાને એક્ટિંગ ઉપરાંત ડાયરેક્શન અને પ્રોડક્શનમાં પણ ઝંપલાવેલું છે. પ્રોડ્યુસર તરીકે આમિરે પોતાનો અનુભવ વ્યક્ત કરતા કહ્યું હતું કે, ફિલ્મનો ખર્ચ ભરપાઈ કરવા માટે ૨૦-૩૦ કરોડ રૂપિયાની આવક તો થવી જ જોઈએ. એક્ટર્સને જંગી ફી આપવી પડે તો ફિલ્મનું બજેટ રૂ.૨૦૦ કરોડે પહોંચી જાય છે અને આવી ફિલ્મ ફ્લોપ રહે તો ખર્ચ કાઢવાનું પણ અશક્ય બને છે. આમિર ખાને ફિલ્મની ફી બાબતે પોતાના અભિગમમાં કોઈ નવતર પ્રયોગ કર્યો નથી. આમિરે કહ્યું હતું કે, એક્ટર્સ માટે ફી લેવાના બદલે નફામાંથી આવક લેવાનું આ મોડેલ ઘણું જૂનું છે. યુરોપના ઘણાં દેશોમાં હજુ તે પ્રચલિત છે. ફી બાબતે આ સૌથી વધારે જૂનો અભિગમ હોવાથી કામ કરવામાં પણ ઘણી સ્વતંત્રતા રહે છે અને નવતર પ્રયોગ પણ કરી શકાય છે. જેના કારણે ફિલ્મના વિષયમાં કે પછી અન્ય બાબતમાં સર્જનાત્મકતા લાવી શકાય છે. આમિર ખાને આવક માટે અપનાવેલા આ મોડેલના કારણે પ્રોડ્યુસર્સને બજેટની ચિંતા રહેતી નથી અને આમિર પોતે પણ રોલની પસંદગીમાં વધારે છૂટ લઈ શકે છે.

# રણબીરે બચ્ચન પરિવારની નારાજગી વહોરી

### રણબીરે કહ્યું કે તેમના શબ્દોનો ખોટો અર્થ કાઢવામાં આવ્યો છે, તેમણે ઐશ્વર્યા પ્રત્યે ઊંડો આદર વ્યક્ત કર્યો

ફિલ્મ 'એ દિલ હૈ મુશ્કિલ'માં રણબીર કપૂર અને ઐશ્વર્યા રાય બચ્ચને શાનદાર કેમેસ્ટ્રી બતાવી હતી. રણબીરે કહ્યું હતું કે ફિલ્મમાં તેને ઐશ્વર્યાના ગાલને સ્પર્શ કરવામાં પણ શરમ આવતી હતી. બાદમાં, રણબીરે ઐશ્વર્યા સાથેના તેના પ્રેમ સંબંધ વિશે એક નિવેદનમાં, કેટલીક એવી વાતો કહી જેના કારણે બચ્ચન પરિવાર નાખુશ હતો અને અભિનેતાને સ્પષ્ટતા આપવી પડી.'એ દિલ હૈ મુશ્કિલ'માં રણબીર કપૂર અને ઐશ્વર્યા રાય બચ્ચને પોતાની અદ્ભુત કેમિસ્ટ્રીથી સ્ક્રીન પર આગ લગાવી દીધી. તેમના ઓન-સ્ક્રીન રોમાંસે ઘણી બધી હેડલાઈન્સ બનાવી. એકવાર આ ફિલ્મ અંગે એક રેડિયો ઈન્ટરવ્યુ દરમિયાન, રણબીરે ઐશ્વર્યા રાય બચ્ચન સાથેના તેના પ્રેમ વિશે કંઈક એવું કહ્યું હતું જે બચ્ચન પરિવારને ગમ્યું ન હતું.શૂટિંગ દરમિયાન ઐશ્વર્યા સાથેના પોતાના રોમેન્ટિક સીનનું શૂટિંગ કરતી વખતે રણબીર ખૂબ જ નર્વસ હતો. તેણે સ્વીકાર્યું કે તેને ઐશ્વર્યાના ગાલને સ્પર્શ કરવામાં પણ શરમ આવતી હતી. જોકે, ઐશ્વર્યા એક અનુભવી અને વ્યાવસાયિક અભિનેત્રી છે અને તેને કુદરતી રીતે અભિનય કરવા માટે પ્રોત્સાહિત કરતી રહી. તે તેને યાદ અપાવતી રહી કે તે ફક્ત અભિનય કરી રહ્યો છે.પોતાના ઈન્ટરવ્યુમાં રણબીરે મજાકમાં કહ્યું, 'પછી મેં વિચાર્યું કે, મને ફરી ક્યારેય આવી તક નહીં મળે, તેથી મેં તરત જ ચોગ્ગો ફટકાર્યો!' કહેવાય છે કે બચ્ચન પરિવારને રણબીરનું આ નિવેદન પસંદ ન આવ્યું.એક અખબારના અહેવાલમાં જણાવાયું છે કે પરિવારના એક નજીકના મિત્રએ ખુલાસો કર્યો છે કે બચ્ચન પરિવારને ફિલ્મના દ્રશ્યો સામે કોઈ વાંધો નથી, પરંતુ તેમને રણબીરની ટિપ્પણી ખોટી અને શરમજનક લાગી. જોકે, પોતાના નિવેદન પર મામલો સમજીને, રણબીરે તરત જ પોતાના નિવેદન પર સ્પષ્ટતા કરી. રણબીરે કહ્યું કે તેમના શબ્દોનો ખોટો અર્થ કાઢવામાં આવ્યો છે. તેમણે ઐશ્વર્યા પ્રત્યે ઊંડો આદર વ્યક્ત કર્યો અને તેણીને એક મહાન અભિનેત્રી અને પારિવારિક મિત્ર ગણાવી. તેમણે કહ્યું હતું કે, 'ઐશ્વર્યા ભારતની સૌથી પ્રતિભાશાળી અને આદરણીય મહિલાઓમાંની એક છે. એ દિલ હૈ મુશ્કિલમાં તેમના યોગદાન માટે હું હંમેશા આભારી રહીશ. હું તેમનો આ રીતે ક્યારેય અનાદર ન કરી શકું.રસપ્રદ વાત એ છે કે ઐશ્વર્યા અને રણબીર એકબીજાને તેના પિતા ઋષિ કપૂર દ્વારા દિગ્દર્શિત 'આ અબ લૌટ ચલેં' (૧૯૯૯) થી ઓળખે છે. આ ફિલ્મમાં ઐશ્વર્યાએ મુખ્ય ભૂમિકા ભજવી હતી, જ્યારે રણબીરે સહાયક દિગ્દર્શક તરીકે કામ કર્યું હતું.





# નિવૃતિની અફવાના મામલે રસપ્રદ ખુલાસો

### ફેબ્રુઆરીનાં પ્રારંભમાં અમિતાભ બચ્ચને એક ગુપ્ત પોસ્ટ કરી હતી, 'જવાનો સમય થઈ ગયો છે'

ફેબ્રુઆરીનાં પ્રારંભમાં અમિતાભ બચ્ચને એક ગુપ્ત પોસ્ટ કરી હતી. 'જવાનો સમય થઈ ગયો છે' આ પોસ્ટે અનેક અફવાઓ પેદા કરી હતી કે અમિતાભ નિવૃતી લઈ રહ્યા છે. હવે આ મામલે તેમણે 'કૌન બનેગા કરોડપતિ'ના લેટેસ્ટ એપિસોડમાં ખુલાસો કર્યો છે.કેબીસીનાં લેટેસ્ટ પ્રોમોમાં સ્પર્ધક બચ્ચનને તેની સાથે ડાન્સ કરવાનું કહે છે જેનો જવાબ આપતા અમિતાભ કહે છે કે કૌન નાચેગા? અરે, ભાઈ સાહબ, નાચને કે લીયે યહાં નહિં રખા હૈ હમકો.અન્ય એક ફેને વાયરલ પોસ્ટમાં તેનો અર્થ પૂછે છે જેના જવાબમાં બીગબી કહે છે - 'ઉસ મેં એક લાઈન થા જાને કા સમય હૈ... તો ઉસમેં કુછ ગડબડી હૈ કયાં?'ઓડિયન્સમાં એક અન્ય ફેને બિગબીને પૂછયુ 'કહા જાના હૈ?' ત્યારે અમિતાભે કહ્યુ કે 'જાને કા સમય આ ગયા હૈ મતલબ... અમિતાભ વાકય પુરૂ કરે તે પહેલા બધા એકીસાથે બોલ્યા- 'કહી નહીં જાના હૈ'. અમિતાભે જવાબ વાળ્યો અરે ભાઈ સાહબ, હમકો કામ પર જાનેકા સમય આ ગયા હૈ, તો ઘર પહુંચતે પહુંચતે એક-દો બજ જાતે હે વો લિખતે લિખતે હમકો નિંદ આ ગયી તો વહ વહી તક રહ ગયા...જાને કા વકત ઔર હમ સો ગયે!



### સલમાનની 'સિકંદર'નું ટીઝર લોંચ

# સલમાનનાં ફિલ્મ ટીઝરને લોકોએ 'સાલાર'ની સસ્તી નકલ ગણાવી દીધી




### આ ફિલ્મના ડિરેક્ટર આર.મુર્ગાદોસ 'ગજની', 'હોલિડે' 'થુપ્પાક્કી' જેવી ફિલ્મો માટે જાણીતા છે

સલમાન ખાન અને ડિરેક્ટર આર.મુર્ગાદોસની ફિલ્મ 'સિકંદર'નું ટીઝર ગુરુવાર બપોરે લોંચ કરવામાં આવ્યું છે. આ ટીઝરમાં ભારોભાર એક્શન સિક્વન્સ જોવા મળે છે. કેટલાંક સલમાન ફૅન્સ દ્વારા આ ટીઝરના વખાણ થયા છે. તો કેટલાંક સોશિયલ મીડિયા યૂઝરે આ ટીઝરને 'સાલાર'ની સસ્તી કોપી ગણાવી છે. પ્રશાંત નીલે ડિરેક્ટ કરેલી પ્રભાસની ફિલ્મ સાથે તેની સરખામણી થઈ રહી છે.આ ટીઝરમાં સલમાનની જાણીતી સ્ટાઈલમાં ભારોભાર એક્શન છે, તે સરળતાથી ઘણા વિરોધીઓ સાથે બાથ ભીડતો દેખાય છે, કોઈને મુકકા કે કોઈને લાતથી હવામાં ઉડાડે છે, કેટલાક સીન બહાર છે તો કેટલાક સીન પ્લેનની અંદર પણ છે. એક સીનમાં સલમાન પર કેટલાંક લોકો તલવાર જેવા ધારદાર હથિયારોથી હુમલો કરતા દેખાય છે, તેમાં ખાસ તેની સરખામણી સાલાર સાથે થઈ રહી છે. જેના કારણે લોકોએ ટીઝરને સાલારની સસ્તી કોપી ગણાવી છે.કેટલાંક લોકોએ સોશિયલ મીડિયા પર આ બંને ફિલ્મની એક્શન સિક્વન્સના કોલાજ બનાવીને તેના મીમ્સ પણ બનાવ્યા હતા. કેટલાંકે આ સીનને ફિલ્મનો સૌથી અતાર્કિક અને નિરર્થક સીન ગણાવ્યો હતો. તો કેટલાંક લોકોએ તો સલમાનની સિકંદર અને પ્રભાસની સાલાર વચ્ચે કઈ સારી અને કઈ ખરાબનું વોટિંગ પણ શરૂ કરી દીધું હતું. 'સિકંદર' ૨૦૨૫ની ઈદ પર રિલીઝ થઈ રહી છે. આ ફિલ્મના ડિરેક્ટર આર.મુર્ગાદોસ 'ગજની', 'હોલિડે' 'થુપ્પાક્કી' જેવી ફિલ્મો માટે જાણીતા છે. આ ફિલ્મમાં સલમાન સાથે કાજલ અગ્રવાલ અને રશ્મિકા મંદાના પણ મહત્વના રોલમાં જોવા મળશે. એવી ચર્ચા હતી કે આ ફિલ્મમાં સલમાન નવા અંદાજમાં જોવા મળશે, પરંતુ આ ફિલ્મના પ્લોટ વિશે કે સલમાનના લૂક વિશે ટીઝર પરથી કોઈ અંદાજ આવતો નથી.


### કપલે ખાસ અંદાજમાં કરી પ્રેગ્નેન્સીની જાહેરાત

# કિયારા તેમજ સિદ્ધાર્થના ઘરે પારણું બંધાશે

### સિદ્ધાર્થ મલ્હોત્રા અને કિયારા અડવાણી બોલિવૂડનું સૌથી ક્યૂટ કપલ છે

સિદ્ધાર્થ મલ્હોત્રા અને કિયારા અડવાણી બોલિવૂડનું સૌથી ક્યૂટ કપલ છે. ફેન્સ આ કપલને ખૂબ પસંદ કરે છે. હવે કિયારા અને સિદ્ધાર્થના ઘરે એક નાનું મહેમાન આવવાનું છે. આ કપલ જલ્દી જ પેરેન્ટ્સ બનવા જઈ રહ્યું છે, જેની જાણકારી આજે જ કપલે સોશિયલ મીડિયા પર શેર કરી હતી. સિદ્ધાર્થ-કિયારાએ ખાસ રીતે કરી પ્રેગ્નન્સીની જાહેરાત શુક્રવારે કિયારા અને સિદ્ધાર્થે પોસ્ટ શેર કરીને પ્રેગ્નન્સીની જાહેરાત કરી હતી. પોસ્ટમાં દંપતીએ બાળકના મોજા હાથમાં પકડ્યા હોય તેવો ફોટો શેર કર્યો છે. આ તસવીર સાથેના કેપ્શનમાં લખ્યું છે, 'અમારા જીવનની સૌથી મોટી ભેટ ટૂંક સમયમાં આવી રહી છે.'કિયારા અને સિદ્ધાર્થ વર્ષ ૨૦૨૧માં શેરશાહ ફિલ્મના સેટ પર મળ્યા હતા. આ વોર ડ્રામામાં સિદ્ધાર્થે સ્વર્ગસ્થ પરમવીર ચક્ર કેપ્ટન વિક્રમ બત્રાની ભૂમિકા ભજવી હતી. તેમજ કિયારાએ તેની ગર્લફ્રેન્ડ ડિમ્પલ ચીમાની ભૂમિકા ભજવી હતી. આ ફિલ્મના શૂટિંગ દરમિયાન તેમની નિકટતા વધી અને પછી તેઓ ડેટિંગ કરવા લાગ્યા. કિયારા અને સિદ્ધાર્થના લગ્ન ૭ ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ જેસલમેરના સૂરજગઢ પેલેસમાં પરિવારના સભ્યો અને નજીકના મિત્રોનું હાજરીમાં થયા હતા. હવે લગ્નના બે વર્ષ બાદ આ કપલ માતા-પિતા બનવા જઈ રહ્યું છે.





### મિશેલ ટ્રેક્ટેનબર્ગ તાજેતરમાં જ પોતાની તસવીરોથી ચર્ચામાં આવી હતી

# ગોસિપ ગર્લ ફેમ મિશેલ ટ્રેક્ટેનબર્ગનું નિધન

**અભિનેત્રીએ 'બફી ધ વેમ્પાયર સ્લેયર' અને 'ગોસિપ ગર્લ' જેવી શ્રેણીઓમાં શાનદાર ભૂમિકાઓ ભજવી હતી**

ટીવી અભિનેત્રી મિશેલ ટ્રેક્ટેનબર્ગનું ૩૯ વર્ષની વયે અવસાન થયું છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે તેમનું તાજેતરમાં લીવર ટ્રાન્સપ્લાન્ટ થયું હતું. તેણીએ ૩ વર્ષની ઉંમરથી કામ કરવાનું શરૂ કર્યું. કેટલાક અહેવાલોમાં, તેમના મૃત્યુનું કારણ શંકાસ્પદ માનવામાં આવી રહ્યું છે. તેણીએ 'બફી ધ વેમ્પાયર સ્લેયર' અને 'ગોસિપ ગર્લ' જેવી શ્રેણીઓમાં શાનદાર ભૂમિકાઓ ભજવી હતી.ન્યૂ યોર્ક પોસ્ટના અહેવાલ મુજબ મિશેલ ટ્રેક્ટેનબર્ગના મૃત્યુનું કારણ હજુ સુધી સ્પષ્ટ થયું નથી. સૂત્રએ પ્રકાશનને જણાવ્યું હતું કે ટ્રેક્ટેનબર્ગને બુધવારે સવારે સેન્ટ્રલ પાર્ક સાઉથ પર એક લકઝરી એપાર્ટમેન્ટ કોમ્પ્લેક્સ, વન કોલંબસ પ્લેસ ખાતે છેલલે દેખાઈ હતીએવું કહેવામાં આવી રહ્યું છે કે ૧૯૮૫માં ન્યૂયોર્કમાં માઈકલ ટ્રેક્ટેનબર્ગ અને લાના ટ્રેક્ટેનબર્ગના ઘરે જન્મેલી મિશેલે ખૂબ જ નાની ઉંમરે પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. જ્યારે તેણીએ લોકપ્રિય નિકલોડિયન શ્રેણી 'ધ એડવેન્ચર્સ ઓફ પીટ એન્ડ પીટ' માં નોના મેકલેનબર્ગની ભૂમિકા ભજવી ત્યારે તેણી માંડ ૩ વર્ષની હતી. આ પછી, તે ૧૯૯૬ માં આવેલી ફિલ્મ 'હેરિએટ ધ સ્પાય' માં મુખ્ય ભૂમિકામાં જોવા મળી હતી.તે 'આઈસ પ્રિન્સેસ' અને '૧૭ અગેન' જેવી ઘણી ફિલ્મોમાં જોવા મળી હતી.મિશેલ ટ્રેક્ટેનબર્ગ 'યુરોટ્રિપ', 'આઈસ પ્રિન્સેસ' અને '૧૭ અગેન' જેવી ઘણી ફિલ્મોમાં જોવા મળી હતી અને ત્યારબાદ તે પ્રખ્યાત ટીવી શ્રેણી 'બફી ધ વેમ્પાયર સ્લેયર' અને 'ગોસિપ ગર્લ' માં તેની ભૂમિકાઓથી ખૂબ જ લોકપ્રિય બની હતી.મિશેલ ટ્રેક્ટેનબર્ગ તાજેતરમાં જ પોતાની તસવીરોથી ચર્ચામાં આવી હતી. તે ચિત્રો જોઈને લોકોએ આશ્ચર્ય અને ચિંતા વ્યક્ત કરી.



# અનુપમા સીરીયલ અપડેટઃ અનુએ પ્રેમને અટકાવ્યો

અનુપમાના આગામી એપિસોડમાં, આપણે જોઈશું કે રાહી અને પ્રેમના લગ્નની તૈયારીઓ બંધ થઈ જશે. મોતી બા અને અનુના કારણે બીજી મોટી સમસ્યા તેમના માર્ગે આવે છે. રૂપાલી ગાંગુલીની અનુપમા ફરી એકવાર ટોચના ટીવી શો છે, જેના ટીઆરપી રેટિંગમાં વધારો, સૌજન્યથી આકર્ષક વાર્તા છે. તાજેતરના એપિસોડમાં, આપણે પ્રેમ અને રાહીના લગ્નની તૈયારીઓ કેન્દ્ર સ્થાને જોઈ રહ્યા છીએ. પ્રેમનો પરિવાર ખૂબ જ પરંપરાગત છે, અને ખાસ કરીને મોતી બા, તેમના રિવાજો વિરુદ્ધ જાય તેવી કોઈપણ વસ્તુને મંજૂરી આપતી નથી. તે માને છે કે સ્ત્રીઓએ ઘરે રહેવું જોઈએ, તેમના પતિનું પાલન કરવું જોઈએ અને કામ ન કરવું જોઈએ. મોતી બા અને પરાગ લગ્ન માટે સંમત થયા, તેઓ વિચારતા હતા કે રાહી પ્રેમને પાછો લાવી શકે છે. જોકે, મોતી બાની એક શરત છે - તે ઈચ્છે છે કે રાહી તેના બધા સપના છોડી દે અને ગૃહિણી બને. જોકે, અનુ નથી ઈચ્છતી કે તેની દીકરીનું જીવન તેના જેવું હોય જ્યાં તેણે વનરાજ અને લીલાને કારણે તેની બધી પ્રતિભા વેડફી નાખી હતી. જોકે, મોતી બા બતાવે છે કે તે લગ્ન પછી રાહીને બધું જ કરવા દેશે અને તેથી, બધા લગ્ન માટે સંમત થાય છે. તૈયારીઓ શરૂ થતાં, અનુ સતત રાહીના ભવિષ્ય વિશે ચિંતા કરે છે પરંતુ તે પ્રેમ પર વિશ્વાસ કરે છે જે રાહીને પડવા દેશે નહીં. લગ્નની તૈયારીઓ દરમિયાન, આપણે જોઈએ છીએ કે મોતી બાના રૂઢિચુસ્ત વિચારો રાહી અને પ્રેમને સતત ચિડવે છે. મોતી બા અને પરાગ અનુ અને રાહીને અપમાનિત કરવા માટે સતત અલગ અલગ રીતો શોધવાનો પ્રયાસ કરે છે. બીજી બાજુ, માહીનો પ્રેમ પ્રત્યેનો જુસ્સો સમાપ્ત થતો નથી.

# 'ધ ફેમિલી મેન 3' ઠુકરાવવા પાછળનું ચોંકાવનારું કારણ ચુમ દરંગે જણાવ્યું

### તેની પાસે શ્રેણીનો ભાગ બનવાની ઓફર ઠુકરાવી દેવા સિવાય કોઈ વિકલ્પ નહોતો

તાજેતરમાં પોડકાસ્ટમાં હાજરી આપતા, ચુમ દારંગે ખુલાસો કર્યો કે શરૂઆતમાં તેણીને લોકપ્રિય અને ખૂબ જ પ્રશંસા પામેલી શ્રેણી ધ ફેમિલી મેન ૩ માં ભૂમિકા માટે પસંદ કરવામાં આવી હતી, જેમાં મનોજ બાજપેયી મુખ્ય ભૂમિકામાં છે. આગળ વાંચો. બિગ બોસ ૧૮ ની સ્પર્ધક ચુમ દરંગે તાજેતરમાં જ તેના વ્યાવસાયિક જીવન વિશે એક રસપ્રદ ખુલાસો કર્યો છે. તાજેતરમાં સ્મોલ ટોક વિથ કોકો સાથેના પોડકાસ્ટમાં હાજરી દરમિયાન, ચુમે ખુલાસો કર્યો કે તેણીને શરૂઆતમાં લોકપ્રિય ધ ફેમિલી મેન ૩ માં ભૂમિકા માટે ફાઈનલ કરવામાં આવી હતી , જેમાં મનોજ બાજપેયી મુખ્ય ભૂમિકામાં છે, પરંતુ તે આ શોમાં કામ કરી શકી નહીં. કારણ? ચુમ બિગ બોસ ૧૮ માં ભાગ લેનાર હતી , અને તેથી તેની પાસે શ્રેણીનો ભાગ બનવાની ઓફર ઠુકરાવી દેવા સિવાય કોઈ વિકલ્પ નહોતો. પોડકાસ્ટ પર પોતાના નિર્ણય વિશે વાત કરતા, ચુમે કહ્યું, ''હા, હું ફેમિલી મેન ૩ માં હતી પણ મેં તેને બિગ બોસ માટે છોડી દીધી. મને ખરેખર લાગ્યું કે હું બિગ બોસમાં લાંબા સમય સુધી ટકી શકીશ નહીં. મને ખબર છે કે અંદર ટકી રહેવા માટે ઘણો સમય લાગે છે અને આ સફર સરળ નહીં હોય.'' બિગ બોસની પોતાની સફર વિશે વાત કરતી વખતે , ચુમે એ પણ સમજાવ્યું કે તેણીએ શરૂઆતમાં વિચાર્યું હતું કે તે વિવાદાસ્પદ ઘરમાં લગભગ ત્રણ અઠવાડિયા સુધી ટકી રહેશે. પરંતુ તેણીની રમતની વ્યૂહરચના એવી હતી કે તેણી ત્રણ મહિના સુધી ઘરમાં રહી. તેણીએ અવિસ્મરણીય બિગ બોસ અનુભવ માટે પોતાનો પ્રેમ અને કૃતજ્ઞતા વ્યક્ત કરી. પોડકાસ્ટ દરમિયાન, તેણીએ ભવિષ્યમાં ધ ફેમિલી મેન ૩ જેવી વધુ ઓફરો મેળવવાની ઈચ્છા પણ વ્યક્ત કરી. મનોરંજન સમાચારોમાં આ એક મોટી વાર્તા છે. બીજો એક ચોંકાવનારો ખુલાસો કરતી વખતે, ચુમે શેર કર્યું કે તેણીને સંજય લીલા ભણસાલીની ગંગુબાઈ કાઠિયાવાડીમાં ખૂબ જ અણધારી રીતે ભૂમિકા મળી . તે તેના દાદી સાથે દિલ્હીમાં તેના ભાઈના ઘરે જઈ રહી હતી. ચુમની વૃદ્ધ દાદીએ તેણીને ઓડિશન વિડિઓ રેકોર્ડ કરવામાં મદદ કરી. ચુમે તેનું ઓડિશન સંપૂર્ણપણે પૂર્ણ કર્યું.





# ગૌરવ ખન્ના ના ચાહકોએ તેમને વિજેતા જાહેર કર્યા

ગૌરવ ખન્ના સેલિબ્રિટી માસ્ટરશેફમાં પોતાની સફરથી દિલ જીતી રહ્યા છે. શોના તાજેતરના એપિસોડમાં, આપણે તેમને બ્લેક એપ્રન ચેલેન્જમાં જોઈ શકીએ છીએ. તેમના ચાહકો તેમને શો વિજેતા કેમ કહી રહ્યા છે? સેલિબ્રિટી માસ્ટરશેફ સોશિયલ મીડિયા પર ટ્રેન્ડ કરી રહ્યો છે. આ શો બધાને ખૂબ ગમ્યો છે. જોકે, શોના ટીઆરપી સારા નથી. સ્પર્ધા કઠિન બની રહી છે અને સેલિબ્રિટીઓ તેમની રસોઈ કુશળતાથી જજોને પ્રભાવિત કરવાનો શ્રેષ્ઠ પ્રયાસ કરી રહ્યા છે. રસોડામાં સેલિબ્રિટીઓને સામેલ કરવાના ખ્યાલને દર્શકો તરફથી પ્રશંસા મળી છે. ફરાહ ખાન આ શોના હોસ્ટ છે. શેફ રણવીર બ્રાર અને શેફ વિકાસ ખન્ના જજ છે. ગૌરવ ખન્ના આ સીઝનના સૌથી પ્રિય સ્પર્ધકોમાંના એક છે. શોમાં તેમનો પ્રવાસ અદ્ભુત રહ્યો છે. તેમની પહેલી વાનગીની ટીકા થઈ હતી અને ફરાહ ખાને તો કહ્યું હતું કે તે ખાવા યોગ્ય નથી. જજો તેમની વાનગીનો સ્વાદ પણ ચાખી શક્યા નહીં. ટૂંક સમયમાં, અમે જોયું કે તેમણે શ્રેષ્ઠ વાનગી બનાવી અને તેમને અજેય કહેવામાં આવ્યા. તાજેતરના એપિસોડમાં, આપણે ગૌરવને બ્લેક એપ્રન ચેલેન્જમાં ઉતરતા જોયો. અસલામત સ્પર્ધકોને ઓવર નાઈટ કુકિંગ ચેલેન્જ આપવામાં આવી હતી. ગૌરવને વાનગી તૈયાર કરવા માટે કોન્ફિટ કુકિંગ ટેકનિકનો ઉપયોગ કરવો પડ્યો હતો. જે લોકો આ વાતથી વાકેફ નથી, તેમના માટે કોન્ફિટ એક ફ્રેન્ચ કુકિંગ ટેકનિક છે જેમાં ખોરાકને ધીમે ધીમે ચરબી અથવા તેલમાં ઓછા તાપમાને રાંધવામાં આવે છે જેથી તેને સાચવી શકાય. ગૌરવે કન્ફિટ પદ્ધતિનો ઉપયોગ કરીને ચિકન બનાવ્યું. અભિનેતા શાકાહારી છે અને તે તેની વાનગીનો સ્વાદ ચાખી શકતો નથી.

# નવસારી જિલ્લામાં પ્રધાનમંત્રીના સૂચિત કાર્યક્રમ અનુસંધાને ગ્રામીણ વિકાસ વિભાગના સચિવ સુશ્રી મનિષા ચંદ્રાના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઇ

**સમગ્ર કાર્યક્રમ શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે સુનિશ્ચિત કરવા વહિવટી તંત્રને જરૂરી રચનાત્મક સુચનો કર્યાઃ નવસારી, વલસાડ, ડાંગના કલેક્ટરશ્રી, ડીડીઓ સહિત ઉચ્ચ અધિકારીઓ બેઠકમાં સામેલ થયા**



। (માહિતી) નવસારી, તા.૨ ।

આગામી ૮મી માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી નિમિત્તે વડાપ્રધાનશ્રીના અધ્યક્ષસ્થાને યોજનાર લખપતિ દીદી કાર્યક્રમ સંદર્ભે સચિવશ્રી પંચાયત, ગ્રામગૃહ નિર્માણ અને ગ્રામવિકાસ સુ.શ્રી મનિષા ચંદ્રાના અધ્યક્ષસ્થાને કાર્યક્રમના સ્થળ વાંસી-બોરસી ખાતે તૈયારીઓને લગતી સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

બેઠકમાં અધ્યક્ષ સ્થાનેથી સચિવશ્રી મનીષા ચંદ્રાએ તમામ વ્યવસ્થાઓ સમય મર્યાદામા પૂર્ણ થાય તથા સમગ્ર કાર્યક્રમ શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે સુનિશ્ચિત કરવા વહિવટી તંત્રને જરૂરી રચનાત્મક સુચનો કર્યા હતા. તેમણે ત્રણેય જિલ્લાઓના ઉચ્ચ અધિકારીશ્રીઓને પોતાને સોંપવામાં આવેલી કામગીરીઓને સારી રીતે પુરી કરવા સુચન કર્યું હતું. બેઠકમાં જિલ્લા કલેક્ટરશ્રી ક્ષિપ્રા આગ્રેએ કાર્યક્રમની રૂપરેખા સહીત વ્યવસ્થાઓ જેમાં સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતિ, લાભાર્થીઓ, સાઉન્ડ સિસ્ટમ, ડોમની ડીઝાઈન, બેઠક વ્યવસ્થા, પાર્કિંગ, ફુડ પેકેટ,



પીવાના પાણી, શૌચાલય, ગ્રીનરૂમ, હેલીપેડ, સ્ટેજ ઉપરની આનુસાંગિક વ્યવસ્થાઓ,પોલીસ બંદોબસ્ત અને ટ્રાફિક નિયમન વગેરે અંગેની તૈયારીઓની ઝીણવટપુર્વક માહિતીથી સચિવશ્રીને અવગત કર્યા હતા. આ ઉપરાંત કાર્યક્રમને અનુસંધાને બનાવેલ વિવિધ સમિતિઓના અધ્યક્ષશ્રીઓ દ્વારા પોતાની કામગીરી અંગે વિગતવાર જાણકારી આપી હતી. સુશ્રી મનીષા ચંદ્રા એ ઉચ્ચ અધિકારીઓને સાથે રાખીને કાર્યક્રમ સ્થળનું જાત નિરીક્ષણ પણ કર્યું હતું. આ બેઠકમાં નવસારી જિલ્લા સહિત વલસાડ અને ડાંગ જિલ્લાના કલેક્ટરશ્રી, ડીડીઓશ્રી અને સંબંધિત વિભાગના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# આઈ.ટી.આઈ ડેસર ખાતે રોજગાર અને એપ્રેન્ટીસ ભરતી મેળો યોજાયોઃ ૯૯ ઉમેદવારોની પ્રાથમિક પસંદગી કરવામાં આવી

। (માહિતી) વડોદરા, તા.૨ ।

રાજ્યના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હસ્તકની મદદનીશ નિયામક (રોજગાર) ની કચેરી, વડોદરા તથા સરકારી આઈ.ટી.આઈ ડેસરના સંયુકત ઉપક્રમે આઇ.ટી.આઇ ડેસર ખાતે ધો.૧૦,૧૨ પાસ અને તમામ આઇ.ટી.આઈ ટ્રેડના ઉમેદવારો માટે રોજગાર અને એપ્રેન્ટીસ ભરતી મેળો યોજાયો હતો. જેમાં વડોદરા જિલ્લાના અને તેની આજુબાજુના નોકરીદાતા દ્વારા ૧૫૦ થી વધુ વેકેન્સી માટે હાજર રહેલા ૧૩૨ ઉમેદવારોના ઈન્ટરવ્યૂ લેવામાં આવ્યા હતા.

નોકરીદાતા દ્વારા ફ્રેશર / અનુભવી ઉમેદવારોને ઓપરેટર, ટ્રેઈની, ડેટા એન્ટ્રી ઓપરેટર, પ્રોડક્શન સુપરવાઈઝર જેવી જગ્યા માટે ૯૯ ઉમેદવારોની પ્રાથમિક પસંદગી કરીને રોજગારીની તક પૂરી



પાડવામાં આવી છે. ભરતી મેળામાં ઉમેદવારોને ઓનલાઈન રોજગારી શોધવા ગુજરાત સરકારના અનુબંધમ પોર્ટલ અને ભારત સરકારના એનસીએસ પોર્ટલ ઉપર રજિસ્ટ્રેશન અને તેના ઉપયોગ વિશે તથા રોજગાર કચેરીની સેવાઓ અંગે રોજગાર કચેરી અને આઈ.ટી. આઈના અધિકારી અને કર્મચારી દ્વારા માર્ગદર્શન આપવામા આવ્યુ હતું.

# યુનિવર્સિટી એમ્પ્લોયમેન્ટ ઇન્ફોર્મેશન એન્ડ ગાઇડન્સ બ્યુરો (યુઇબી) વડોદરા ખાતે રોજગાર ભરતી મેળો યોજાયો

**પાંચ ઉમેદવારોની પ્રાથમિક પસંદગી**

। (માહિતી) વડોદરા, તા.૨ ।

યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર (યુ.ઈ.બી) દ્વારા રોજગાર ભરતી મેળો યોજવામા આવ્યો હતો. જેમાં બી.ઈ.મિ-કેનિકલ, ઈલેક્ટ્રિકલ, કેમિકલ,બી.ફાર્મ, એમ.કોમ, એમ.બી.એ, એમ.એસ.સી જેવી લાયકાત ધરાવતા ઉમેદવારો માટેની ૫૦ થી વધુ વેકન્સી માટે ૬ નોકરીદાતાએ (અમી લાઈફ સાયન્સ, શયમિલ લેબોરેટરી, ટેલેન્ટ એમપાવર, એમપાઈ કન્સ્ટ્રક્શન, ફ્યુચર પ્લેસમેન્ટ સર્વિસ, લેક્ટોસ ઈન્ડિયા લિમિટેડ)હાજર રહીને પ્રોડક્શન ઓફિસર, પ્રોડક્શન કેમિસ્ટ, ક્વોલિટી કંટ્રોલ ઓફિસર, પ્રોડક્શન એકજએક્યુટિવ, સિનિયર ઓફિસર, ઈલેક્ટ્રિકલ એન્જિનિયર, ગ્રેજ્યુએટ એન્જિ.ટ્રેઈની, એચ. આર, ફાઈનાન્સ વગેરે જેવી જગ્યાઓ માટે ૧૮ જેટલા ઉમેદવારોના ઈન્ટરવ્યુ લીધા હતા જેમાંથી પાંચ ઉમેદવારોની પ્રાથમિક પસંદગી કરવામાં આવી હતી. ઉમેદવારોને વિનામૂલ્યે કાઉન્સેલીંગ સેવા,ઓવરસિજ સેમિનાર તેમજ મોક ઈન્ટરવ્યુ માટે "GROOMING TOPIC" ઉપર તજજ્ઞ વકતા દ્વારા માર્ગદર્શન પુરુ પાડવામાં આવ્યું હતું. રોજગાર કચેરીના નાયબ વડાશ્રી અલ્પેશ ચૌહાણ અને કાઉન્સેલર દ્વારા ઉમેદવારોને રોજગારલક્ષી ઓનલાઈન અનુબંધમ પોર્ટલ, એન.સી.એસ.પોર્ટલ તેમજ સ્વરોજગારલી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## વૃક્ષારોપણમાં રાષ્ટ્રીય સ્તરે ગુજરાતનો રેકોર્ડ

# 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત ગુજરાત ૧૭ કરોડથી વધુ વૃક્ષારોપણ સાથે દેશમાં બીજા ક્રમે : વન-પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરા

। (માહિતી) ગાંધીનગર, તા.૨ ।

પ્રાણી,પક્ષી અને પર્યાવરણના સંરક્ષણ અને સંવર્ધનમાં ગુજરાત દેશમાં હંમેશા અગ્રેસર રહ્યું છે. વૃક્ષો થકી પર્યાવરણના જતન માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ગત વર્ષ ૨૦૨૪માં 'વિશ્વ પર્યાવરણ દિવસ' તા. ૫ જૂન નિમિતે 'એક પેડ મા કે નામ' રાષ્ટ્રવ્યાપી અભિયાનનો પ્રથમવાર શુભારંભ કરવામાં આવ્યો હતો. આજે સાચા અર્થમાં ગુજરાત સહિત દેશના અન્ય રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશમાં આ 'જન અભિયાન' પ્રસ્થાપિત થયું છે. ગુજરાત સહિત વિશ્વભરમાં તા.૩ માર્ચને "વિશ્વ વન્યજીવન દિવસ" તરીકે જાહેર કરવામાં આવ્યો છે ત્યારે 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત વાવવામાં આવેલા વૃક્ષો આગામી સમયમાં દેશભરની માનવ જીવન-વન્યજીવ સૃષ્ટિના રહેઠાણ માટે આશીર્વાદરૂપ સાબિત થશે તેમ, વન અને પર્યાવરણ મંત્રી શ્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં આ અભિયાન અંતર્ગત ગુજરાતે સમગ્ર દેશમાં ફેબ્રુઆરી-૨૦૨૫ની સ્થિતિએ બીજા નંબરે સૌથી વધુ ૧૭.૩૨ કરોડથી વધુ વૃક્ષારોપણ કરી રાજ્યમાં ગ્રીન કવરમાં વધારો કરવા નવો કીર્તિમાન-રેકોર્ડ સ્થાપ્યો છે. જ્યારે વસ્તી-વિસ્તારના સાપેક્ષમાં ઉત્તરપ્રદેશ ૩૯.૫૧ કરોડ વૃક્ષારોપણ સાથે દેશમાં પ્રથમ ક્રમે છે.

આ સાથે 'એક પેડ મા કે નામ' અભિયાન હેઠળ આજ સુધીમાં દેશના ૩૭ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં મળીને કુલ ૧૨૧ કરોડથી વધુ વૃક્ષો વાવીને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં વૈશ્વિક સ્તરે પર્યાવરણ ક્ષેત્રે ભારતે નવો રેકોર્ડ સ્થાપ્યો છે તેમ, વન અને પર્યાવરણ મંત્રીશ્રી મુળુભાઈ બેરાએ વિશ્વ વન્યજીવન દિવસની ઉજવણી સંદર્ભે 'એક પેડ મા કે નામ' અભિયાન વિશે વિગતો આપતા જણાવ્યું હતું. વન મંત્રી શ્રી મુળુભાઈ બેરાએ કહ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાનશ્રીના પર્યાવરણલક્ષી 'એક પેડ મા કે નામ' અભિયાનનો ગુજરાતમાં સૌ પ્રથમ ગાંધીનગરથી પોતાના માતાના નામે એક વૃક્ષ વાવીને પ્રારંભ કરાવ્યો હતો. આ અભિયાનમાં સહભાગી થઈને ગુજરાતના મંત્રી મંડળના સભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, સાંસદ સભ્યશ્રીઓ, પદાધિકારીઓ, અધિકારીઓ, શૈક્ષણિક-સ્વૈચ્છિક સંસ્થાઓ અને પર્યાવરણ પ્રેમી નાગરિકોએ પોતાની માતાની યાદમાં એક વૃક્ષ વાવીને તેને ઉછેરવાની કાળજી લઈ રહ્યા છે. આ જન અભિયાનના પરિણામ સ્વરૂપે ગુજરાત આજે ઉત્તરપ્રદેશ બાદ સમગ્ર દેશમાં બીજા ક્રમે છે પરંતુ વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ ઉત્તરપ્રદેશ દેશમાં સૌથી વધુ અંદાજે ૧૯.૯૮ કરોડની વસ્તી ઉપરાંત ૨,૪૦,૯૨૮ ચોરસ કિલોમીટર ક્ષેત્રફળ ધરાવતું રાજ્ય છે. જેની તુલનામાં ગુજરાત અંદાજે ૬ કરોડથી વધુ વસ્તી તેમજ ૧,૯૬,૦૨૪ ચોરસ કિલોમીટર ક્ષેત્રફળ ધરાવે છે તે જોતા ગુજરાત વૃક્ષારોપણમાં દેશમાં અગ્રેસર છે તેમ કહી શકાય. આ સિદ્ધિ સૌ પર્યાવરણ પ્રેમી ગુજરાતીઓને આભારી છે તેમ,જણાવી મંત્રીશ્રીએ આ અભિયાનમાં વધુમાં વધુ નાગરિકોને સહભાગી થવા આહ્વાન કર્યુ હતું.

વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલે આ અભિયાન હેઠળ વિવિધ જિલ્લાઓમાં ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં થયેલા વૃક્ષારોપણની વિગતો આપતાં કહ્યું કે, તા. ૨૭ ફેબ્રુઆરી-૨૦૨૫ની સ્થિતિએ ગ્રામીણ વિસ્તારમાં ૧૫.૭૧ કરોડ જ્યારે શહેરી વિસ્તારમાં ૧.૬૦ કરોડ વૃક્ષો વાવવામાં આવ્યા છે. જેમાં સૌથી વધુ કુલ ૨.૯૪ કરોડ વૃક્ષારોપણ સાથે રણ વિસ્તારની ઓળખ ધરાવતો કચ્છ જિલ્લો રાજ્યમાં પ્રથમ નંબર પર છે. આ સિવાય વૃક્ષારોપણમાં અનુક્રમે જામનગર જિલ્લામાં ૧.૦૧ કરોડ, અમદાવાદ જિલ્લામાં ૭૩.૮૭ લાખ, બનાસકાંઠામાં ૭૨.૮૩ લાખ, ખેડામાં ૭૦.૬૩ લાખ, સુરતમાં ૬૯.૭૨ લાખ, નર્મદામાં ૬૧.૧૩ લાખ, સુરેન્દ્રનગરમાં ૫૬.૯૧ લાખ, વલસાડમાં ૫૩.૫૫ લાખ, દાહોદ જિલ્લામાં ૫૧.૯૯ લાખ તેમજ સાબરકાંઠા માં ૫૦.૬૨ લાખ એમ કુલ ૩૩ જિલ્લામાં ગ્રામીણ અને શહેરી વિસ્તાર મળીને કુલ ૧૭.૩૨ કરોડથી વધુ વૃક્ષો 'એક પેડ મા કે નામ' અભિયાનમાં વાવવામાં આવ્યા છે.

વન્ય-દરિયાઈ જીવોના સંરક્ષણ હેતુથી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી મહત્વપૂર્ણ એવી 'મિષ્ટી' યોજના હેઠળ છેલ્લાં બે વર્ષમાં ૧૯,૦૨૦ હેક્ટર વિસ્તારમાં મેન્ગ્રૂવના વાવેતર સાથે ગુજરાત દેશમાં પ્રથમ ક્રમે છે જે સૌ ગુજરાતીઓ માટે ગૌરવ સમાન છે.

વન વિભાગના સહયોગથી શહેરી અને ગ્રામીણ વિસ્તારમાં મોટી સંખ્યામાં ગ્રામ પંચાયતો, શૈક્ષણિક-સ્વૈચ્છિક સંસ્થાઓ તેમજ વૃક્ષ પ્રેમી નાગરિકો સ્વયંભૂ સહભાગી થઈને પોતાની માતાની યાદમાં પસંદગીનું વૃક્ષ વાવીને ગુજરાતમાં જન ભાગીદારી થકી ગ્રીન કવરમાં વધારો કરવા પોતાનું અમૂલ્ય પ્રદાન આપ્યું છે તેમ, મંત્રી શ્રી મુકેશભાઈ પટેલે વિગતો આપતાં જણાવ્યું હતું.

'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત સૌથી વધુ વૃક્ષો વાવવામાં સમગ્ર દેશમાં અનુક્રમે ઉત્તરપ્રદેશ, ગુજરાત, તેલંગાણા, મધ્યપ્રદેશ અને રાજસ્થાનનો પ્રથમ પાંચ ક્રમમાં સમાવેશ થાય છે.

## ભરૂચ – વાગરા લોકલ ક્રાઈસીસ ગ્રુપ દ્વારા

# એક્સિડન્ટ હેઝાર્ડ ધરાવતા જોખમી કેમિકલ અકસ્માત સમયે તાત્કાલિક મદદ પહોચાડવાના હેતુથી મોકડ્રીલ યોજાઈ




। (માહિતી) ભરૂચ, તા.૨ ।

ભરૂચ જિલ્લામાં આવેલા વિવિધ એકિસડન્ટ હેઝાર્ડ ધરાવતા જોખમી કેમિકલ કારખાના, ઈન્ડસ્ટ્રીઝમાં સંભવિત અકસ્માત કટોકટીના સંજોગોમાં વહીવટીતંત્ર દ્વારા તાત્કાલિક મદદ મળી રહે અને સતર્કતા જળવાઈ રહે તેવા હેતુ સાથે વાગરા તાલુકામાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લીમિટેડ ખાતે ભરૂચ – વાગરા લોકલ ક્રાઈસીસ ગ્રુપ દ્વારા ઓફ સાઈટ ઈમરજન્સી મોકડ્રીલ યોજાઈ હતી. આજે બપોરે ૧૨.૨૦ વાગે અચાનક રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લીમિટેડ દહેજમાં (E.O) પ્લાન્ટમાં ઈથીલીન ઓક્સાઈડ (E.O) લોડીંગ માટે બહારથી ટેક્કર આવી હતી. જેમાં લોડીંગ થયા બાદ મેન હોલમાંથી લીકેજ થયાનું માલૂમ પડ્યું હતું. ત્યારબાદ કારખાનાના સેફટી ઓફિસરની ટીમ દ્નારા લીકેજ કંન્ટ્રોલ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો છતાં પણ ગેસ ગળતર રહેતા બે વ્યકિતને ગેસ લાગતાં ઈજાગ્રસ્ત થયા બીજીતરફ કારખાના બહાર એક વ્યક્તિને પણ ગેસ લાગતાં ઈજાગ્રસ્ત થયા હતા. તેમને સામાન્ય ઈજા થતા તત્કાલ એમ્યુલન્સ દ્વારા હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આમ ગેસની અસર વધારે થતા ઓફસાઈડ ઈમરજન્સી જાહેર કરી મદદ માટે ડિઝાસ્ટર કંટ્રોલરૂમ ભરૂચને જાણ કરવામાં આવી હતી. જેથી તત્કાલ લોકલ ક્રાઈસીસ ગ્રુપ(ભરૂચ – વાગરા)ના ચેરમેન અને ભરૂચના પ્રાંત અધિકારીશ્રી મનિષા મનાણીની સુચના અનુસાર પોલીસ, ફાયરની ટીમ, જીપીસીબીના અધિકારીઓ ઘટના સ્થળે પહોંચીને ઈમરજન્સી કંટ્રોલરૂમ કાર્યરત કર્યો હતો. સૌના સહિયારા પ્રયાસોથી ભારે જહેમત બાદ દુઘર્ટના પર કાબુ મેળવાયો હતો. ત્યારબાદ ઘટના સ્થળ પર GPCB ની ટીમ દ્વારા ગેસ ડીટેક્ટર વડે એલોઝીવ લીમીટ ચેક કરતા વાતાવરણમાં ઈથીલીનનું પ્રમાણ ન જણાતા ઓલ ક્લીયર આપવામાં આવતા મોકડ્રીલ પુર્ણ જાહેર કરી હતી. રિલાયન્સ કંપની દહેજ ખાતે ડી-બ્રીકિંગ મિટિગ ડેપ્યુટી કલેકટર શ્રી અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચ પ્રાંત મનિષા મનાણીના અધ્યક્ષસ્થાને રાખવામાં આવી હતી. જેમાં ચેરમેન દ્વારા સેફટી એક્ષપર્ટ દ્વારા તૃટિઓ અંગે માહિતી આપવામાં આવી હતી. સમગ્ર મોકડ્રીલમાં વાગરા મામલતદાર, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ સેફટી ઓફિસર, ઔદ્યોગિક સ્વાસ્થ્ય અને સલામતીના મદદનીશ નિયામક શ્રી વી.એ. હળવદીયા, જી.પી. સી.બી., ફાયર વિભાગ, પોલીસ વિભાગ, ભરૂચ નગરપાલિકાના ફાયર વિભાગના અધિકારીઓ, મેડીકલ ટીમના અધિકારીઓ તેમજ અલગ અલગ કારખાનાના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહીને મોકડ્રીલને સફળ બનાવી હતી.

## પોષણ ઉત્સવ ૨૦૨૪-૨૫ અંતર્ગત

# જિલ્લા પંચાયત પ્રમુખશ્રીની ઉપસ્થિતિમાં ડો. આંબેડકર હોલ ખાતે કાર્યક્રમ યોજાયો

। (માહિતી) નર્મદા, તા.૨ ।

ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અને નર્મદા જિલ્લા આઈસીડીએસ વિભાગ દ્વારા તા.૨૮ ફેબ્રુઆરી-૨૦૨૫ના રોજ જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી ભિમસીંહભાઈ તડવીની ઉપસ્થિતિમાં ડૉ. આંબેડકર ભવન રાજપીપલા ખાતે પોષણ ઉત્સવ-૨૦૨૪- ૨૫ અંતર્ગત પૌષ્ટિક વાનગી સ્પર્ધાનો જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં આઈસીડીએસ અને આંગણવાડી કાર્યકર બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જિલ્લાના પાંચેય તાલુકાના બહેનોએ કાર્યક્રમ સ્થળે વાનગી સ્ટોલ ઉભા કરીને વિવિધ વાનગી પ્રદર્શિત કરી હતી. જેનું નિરિક્ષકો દ્વારા મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ભીમસિંહભાઈ તડવીએ જણાવ્યુ હતું કે, મહિલા અને બાળ વિકાસ વિભાગ મહિલાઓ અને બાળકોના પોષણ તથા આરોગ્ય માટે સતત પ્રયત્નશીલ છે. બાળકો, કિશોરીઓ, સગર્ભા મહિલાઓ અને ધાત્રી માતા સુપોષિત બને તે માટે તેઓના રોજિંદા આહારમાં પૌષ્ટિક આહારનો ઉપયોગ કરવામાં આવે અને તેમાંથી જરૂરી કેલેરી, પ્રોટીન અને પોષકતત્વો મળી રહે તે માટે ટેક હોમ રાશન, માતૃશક્તિ, બાલશક્તિ અને પૂર્ણાશક્તિમાં દર મહિને આપવામાં આવે છે. મિલેટસ ધાન્યો જેવા કે બાજરી, જુવાર, નાગલી, કોદરી, બંટીનો પણ આહારમાં નિયમિત ઉપયોગ કરવા ઉપસ્થિત મહિલાઓ-કિશોરીઓને જણાવ્યું હતું. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી જનકકુમાર માઢકે જણાવ્યું કે, બાળકો અને સગર્ભા બહેનો



યોગ્ય પ્રમાણમાં પોષણયુક્ત ખોરાક આરોગે, વિવિધ દેશી વાનગીઓ ઓછી ખર્ચાળ વસ્તુઓમાં થી બનાવી બાળકોને આરોગ્યપ્રદ ખોરાક પૂરો પાડે અને ઘર આંગણે, આંગણવાડીમાં મળતું ટેક હોમ રાસન, મિલેટસ તેમજ સરગવા જેવા પૌષ્ટિક ખોરાક નિયમિત રીતે આહારમાં ઉપયોગ કરે જેથી માતા પોષિત થશે તો બાળકો પણ પોષિત બની સ્વસ્થ રહેશે તેમ તેઓએ ઉમેર્યું હતું. આ પોષણ ઉત્સવ કાર્યક્રમ ૨૦૨૪-૨૫માં મિલેટ્સ વાનગી સ્પર્ધા પણ યોજાઈ હતી. જેમાં નાંદોદ, દેડિયાપાડા, ગરૂડેશ્વર, તિલકવાડા અને સાગબારા તાલુકાના વિવિધ ઘટકોની આંગણવાડી કાર્યકર બહેનોએ ભાગ લીધો હતો. નિરિક્ષકોએ સ્ટોલ પર જઈને વાનગીઓનું નિરિક્ષણ કર્યું હતું. જેમાં વિજેતા બહેનોને મહાનુભાવોના હસ્તે પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત મહિલા અને બાળ વિકાસ સમિતિના ચેરમેન શ્રીમતિ દક્ષાબેન વસાવા, CDHO ડો.માયાબેન ચૌધરી, આઈસીડીએસના સંબંધિત અધિકારીશ્રીઓ, આંગણવાડી કાર્યકર બહેનો અને બાળકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. આજે કોઈપણ પ્રકારનું રોકાણ ટાળવું. મિત્રો સાથેની પ્રવૃત્તિઓ માણવાલાયક હશે- પણ સામે ચાલીને ખર્ચ કરવાની તૈયારી દેખાડતા નહીં-અન્યથા તમે ઘરે ખાલી ખિસ્સે પહોંચો એવી શક્યતા છે. તમે આજે પ્રેમનું પ્રદૂષણ ફેલાવશો.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તમારા સ્વાસ્થ્યને લગતી સમસ્યાને કારણે તમે મહત્વનના કામ માટે નહીં જઈ શકો તેને કારણે તમે પાછળ રહી જાવ એવી શક્યતા છે. તમારી જાતને આગળ લઈ જવા માટે તાર્કિક આધાર લો. કેટલાક લોકો માટે પ્રવાસ દોડધામભર્યો અને તાણયુક્ત પુરવાર થશે-પણ આર્થિક રીતે વળતર આપશે. તમારો ભાઈ તમારી જરૂરિયાતો પ્રત્યે તમારી ધારણા કરતાં વધુ સહકાર આપશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજે મુશ્કેલીમાં હોય એવી કોઈ વ્યક્તિની મદદ કરવા તમારી ઊર્જાનો ઉપયોગ કરો. યાદ રાખો- આ નાશવંત શરીરનો શો ઉપયોગ જો તેનો તે અન્યોના ભલા માટે ન વાપરીએ. દિવસ ની શરૂઆત ભલે સારી હોય પરંતુ સાંજે કોઈ કારણસર તમારા પૈસા ખર્ચાઈ શકે છે જેના લીધે તમે પરેશાન થયી શકો છો? અદભુત દિવસ જ્યારે તમે ઈચ્છો છો એટલું લોકોનું ધ્યાન તમને મળશે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે તમારા આહારની યોગ્ય તકેદારી રાખવી ખાસ કરીને માઈગ્રેનના દરદીઓએ જેમણે તેમનું ભોજન મિસ ન કરવું જોઈએ કેમ કે એવું કરવાથી તેમના પર લાગણી સંબંધિત તાણ બિનજરૂરી રીતે આવી શકે છે. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે મિત્ર તરફથી પ્રસંશાના ખાસ શબ્દો તમારી ખુશીનું સબબ બનશે. આવું થવાનું કારણ એ કે તમે તમારા જીવનને વૃક્ષ જેવું બનાવ્યું છે-જે અન્યોને છાંયડો આપે છે અને પોતે તડકામાં ઊભા રહી સૂરજનો તાપ સહે છે. પરિવાર ના કોઈ સભ્ય ના માંદા પાડવા થી તમને આર્થિક મુશ્કેલી આવી શકે છે, જોકે આ સમયે તમને ધન કરતા પોતાન સ્વાસ્થ્ય પર વધારે ધ્યાન આપવું જોઈએ?

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે તમારો હકારાત્મક દૃષ્ટિકોણ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે. આર્થિક સમસ્યાઓ રચનાત્મક રીતે વિચારવાની તમારી ક્ષમતાને હાનિ પહોંચાડશે. પરિવારના સભ્યો સાથે કેટલીક હળવાશભરી પળો વિતાવો. સેક્સ અપીલ વાંછિત ફળ આપશે. તમે જો ઘણા સમયથી કામના સ્થળે મુશ્કેલી અનુભવતા હશો તો આજનો દિવસ ખરેખર સારો રહેશે.

**તુલા (ર,ત) :**
આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો-તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. આજ ના દિવસે તમે ઘરે થી ઘણી સકારાત્મકતા સાથે નીકળશો પરંતુ કોઈ મોંઘી વસ્તુ ના ચોરી થવા થી તમારું મૂડ ખરાબ થયી શકે છે. અન્યો સાથે વાદ-વિવાદ તથા બોલાચાલી અને તેમનામાં અકારણ ભૂલો શોધવાનું ટાળો.

**વૃશ્ચિક (ન,ય) :**
હૃદયરોગના દર્દીઓ માટે કૉફી છોડવાનો આ યોગ્ય સમય છે. તેનો હજી વધુ ઉપયોદ હૃદય પર બિનજરૂરી દબાણ વધારશે. વેપાર માં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે. લાયક ઉમેદવારો માટે વૈવાહિક જોડાણની શક્યતા. પ્રેમમાં તમે નિરાશ થયા હશો પણ નાસીપાસ થશે નહીં કેમ કે પ્રેમીઓ ખૂબ જ અધીરા હોય છે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. ચંદ્ર ની સ્થિત ને લીધે તમારું ધન બિનજરૂરી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે. જો તમારે ધન સંચિત કરી ને રાખવું છે તો પોતાના જીવનસાથી અથવા માતા પિતા સાથે આના વિષે ચર્ચા કરો. બાળકો કદાચ નિરાશા જન્માવશે કારણકે તેઓ તમારી અપેક્ષા પર પાર નહીં ઉતરે.

**મકર (ખ,જ) :**
આજે ઉત્સાહિત કરનારી તથા તમને નિરાંતવા રાખતી પ્રવૃત્તિઓ સાથે સંકળાઓ. રિયલ એસ્ટેટમાં રોકાણ લલચાવનારૂં હશે. અન્યોને પ્રભાવિત કરવાની તમારી આવડત તમને વળતર અપાવશે. તમારૂં પ્રિયપાત્ર આજે તમારી માટે જીવંત દેવદૂત બનીને આવશે, દરેક ક્ષણને માણો. વ્યાવસાયિક મીટિંગો દરમિયાન સ્પષ્ટવક્તા અને લાગણીશીલ બનતા નહીં.

**કુંભ (ગ,શ,સ) :**
આજે કુદરતે તમારા પર નોંધપાત્ર આત્મવિશ્વાસ તથા હોંશિયારી વર્ષાવી છે-આથી તેનો પૂરેપૂરો ઉપયોગ કરો. લાંબા ગાળાના કોઈપણ રોકાણ ટાળો તથા તમારા સારા મિત્ર સાથે કેટલીક ખુશીભરી ક્ષણો વિતાવો. પરિવારના સભ્ય ેતમારા જીવનમાં મહત્વનું સ્થાન ધરાવતા હશે. આજે તમારા પ્રિયપાત્રની લાગણીઓ સમજજો. કામના સ્થળે તમારે મહત્વનો નિર્ણય લેવો પડે એવી શક્યતા છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજે તમારે અનેક ટૅન્શન તથા મતભેદોનો સામનો કરવો પડે જે તમને બેચેન અને ગુસ્સાવાળા બનાવી દે એવી શક્યતા છે. આજે મિત્રો સાથે પાર્ટી માં તમે કહ્યું પૈસા લૂંટાવી શકો છો છતાંય તમારો આર્થિક પક્ષ મજબૂત રહેશે? કુટુંબ ના સભ્યો સાથે તમારી સમસ્યાઓ શેર કરી ને, તમે હળવાશ અનુભવો છો, પરંતુ ઘણી વાર તમે તમારા અહમ ને આગળ રાખી ને તમારા પરિવાર ના સભ્યો ને મહત્વપૂર્ણ બાબતો કહેતા નથી.

## રણજી ટ્રોફીની ફાઈનલમાં કેરળને હરાવી વિદર્ભે ત્રીજી વખત ટ્રોફી જીતી

। (એજન્સી) નાગપુર, તા.૨ ।

રણજી ટ્રોફીની ફાઈનલ ટેસ્ટ મેચમાં કેરળને હરાવી વિદર્ભે ત્રીજી વખત ટ્રોફી જીતી છે. કેરળ અને વિદર્ભ વચ્ચે નાગપુરમાં રમાયેલી મેચ ડ્રો થઈ છે, પરંતુ વિદર્ભે પ્રથમ ઈનિંગમાં લીડના આધારે કેરળને હરાવ્યું છે. વિદર્ભે પ્રથમ ઈનિંગમાં ૩૭૯ રન અને બીજી ઈનિંગમાં નવ વિકેટે ૩૭૫ રન નોંધાવ્યા હતા, જેના જવાબમાં કેરળે ૩૪૨ રનમાં ઓલઆઉટ થઈ ગઈ છે. આમ વિદર્ભે ત્રીજી વખત ટ્રોફી જીતી છે. આ પહેલા વિદર્ભે ૨૦૧૭-૧૮ અને ૨૦૧૮-૧૯માં ટ્રોફી જીતી હતી. વિદર્ભની ટીમ પ્રથમ ઈનિંગમાં ૩૭૯ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. આ ઈનિંગમાં સૌથી વધુ દાનિશ માલેવારે ૧૫૩ રન, કરૂણ નાયરે ૮૬ રન નોંધાવ્યા હતા. કેરળની ટીમે કેપ્ટન સચિન બેબીના ૯૮ રન અને આદિત્ય સરવાટેના ૭૯ રનની મદદથી પ્રથમ ઈનિંગમાં ૩૪૨ રન નોંધાવ્યા હતા. ત્યારબાદ વિદર્ભે બીજા દાવમાં ૯ વિકેટે ૩૭૫ રન નોંધાવ્યા હતા, જેમાં કરૂણ નાયરે ૧૩૫ રન, દાનિશ માલેવારે ૭૩ રન અને દાર્શન નાલકંડેએ નવમાં ક્રમાંકે આવી અણનમ ૫૧ રન નોંધાવ્યા હતા. નાલકંડેએ ફિફ્ટી ફટકારતા જ મેચ સમાપ્ત થવાની જાહેરાત કરવામાં આવી હતી. કેરળ તરફથી પહેલી ઈનિંગમાં સૌથી વધુ વિકેટ એમ.ડી.નિધેશ અને એડન એપલ ટોમે ૩-૩ વિકેટ જ્યારે નેદુમાંકુઝી બસીલે ૨ અને જલજ સક્સેનાએ ૧ વિકેટ ઝડપી હતી. વિદર્ભ તરફથી દાનિશ માલેવાર, હર્ષ દુબે, પાર્થ રેખાડેએ ૩-૩ વિકેટ અને યશ ઠાકુરે ૧ વિકેટ ઝડપી હતી. ત્યારબાદ બીજી ઈનિંગમાં કેરળના બોલરેએ વિદર્ભના ૯ બેટરોને આઉટ કર્યા હતા, જેમાં આદિત્ય સરવટેએ ૪ વિકેટ ઝડપી હતી. જ્યારે એમ.ડી.નિધેશ, જલજ સક્સેના, એડન ટોમ, એન.બસીલ અને અક્ષય ચંદ્રને ૧-૧ વિકેટ ઝડપી હતી.

## ચમોલી હિમસ્ખલનમાં ૪ કામદાર હજુ પણ લાપત્તા

। (એજન્સી) ચમોલી, તા.૨ ।

ભારતીય વાયુસેનાના અધિકારીઓના જણાવ્યા અનુસાર, રવિવારે ઉત્તરાખંડના ચમોલી જિલ્લામાં હિમપ્રપાતગ્રસ્ત વિસ્તારોમાં સર્ચ ઓપરેશન માટે એક Mi-17 હેલિકોપ્ટર ડ્રોન આધારિત ઈન્ટેલિજન્ટ બરીડ ઑબ્જેક્ટ ડિટેક્શન સિસ્ટમને એરલિફ્ટ કરવા માટે તૈયાર છે. ૨૮ ફેબ્રુઆરીએ જોશીમઠના માના ગામ પાસે BRO કેમ્પમાં થયેલા હિમસ્ખલન બાદ વાયુસેનાના ચિતા હેલિકોપ્ટર શનિવારથી ચમોલીના માણા વિસ્તારમાં બચાવ કામગીરીમાં લાગેલા છે. ઉત્તરાખંડ રાજ્યના આપત્તિ વ્યવસ્થાપન સચિવ વિનોદ કુમાર સુમને કહ્યું, ‘‘હવામાન અમારી તરફેણમાં છે. કુલ ૫૪ (BRO કર્મચારીઓ) ગુમ થયા હતા.

### CM હિમંતાએ રાહુલ-મમતા પર સાધ્યું નિશાન

# તમે ખતમ થઈ જશો, પરંતુ હિન્દુ ધર્મ ક્યારેય ખતમ નહીં થાય

### હિન્દુઓને મુસ્લિમો અને ખ્રિસ્તીઓથી નહીં, પરંતુ લેફ્ટ લિબરલથી ખતરો : આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા

। (એજન્સી) દીસપુર, તા.૨ ।

આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ ઔરંગઝેબનો ઉલ્લેખ કરી કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી પર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું કે, ‘હિન્દુઓને મુસ્લિમો અને ખ્રિસ્તીઓથી નહીં, પરંતુ લેફ્ટ લિબરલથી ખતરો છે.’ મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ લોકોને સંબોધતી વખતે કહ્યું કે, ‘મેં કેટલાક લોકોના ભાષણ સાંભળ્યા, જેમાં તેઓ સમજે છે કે, જ્યારથી અમે બંધારણનો સ્વિકાર કર્યો, ત્યારથી ભારત વર્ષની શરૂઆત થઈ. પરંતુ એવું બિલકુલ નથી. ભારત એક સભ્યતા છે, જે ૫૦૦૦ વર્ષ જૂની છે.



ઔરંગઝેબે કસમ ખાધી હતી કે, તે હિન્દુ ધર્મને ખતમ કરશે, જોકે તે હિન્દુ ધર્મને ખતમ ન કરી શક્યો અને પોતે જ ખતમ થઈ ગયો. જો રાહુલ ગાંધી અને મમતા બેનરજી વિચારતા હોય કે, હિન્દુ ખતમ થઈ જશે, તો હું કહેવા માંગું છું કે, તમે ખતમ થઈ જશો, પરંતુ હિન્દુ ધર્મ ક્યારેય ખતમ નહીં થાય.’ તેમણે કહ્યું કે, ‘લેફ્ટ લિબરલ લોકોએ ધીમે ધીમે દેશને ઘેરી લીધો હતો, ત્યારબાદ એવા લોકોને પદ્મશ્રી મળ્યા, જેઓ ખાસ કરીને હિન્દુઓ વિરુદ્ધ બોલતા હતા. ૨૦૧૪ સુધી એવું લાગતું હતું કે, હવે દેશ આગળ નહીં આવી શકે. તે વખતે એટલા બધા કૌભાંડો થયા, હિન્દુઓને કોર્ટમાં ઉભા કરી દેવાયા અને કહેવાયું કે, હિન્દુ ન બોલો સેક્યુલર બોલો... એટલું જ નહીં વડાપ્રધાને પણ એવું કહ્યું હતું કે, દેશના સંશાધનો પર માઈનોરિટીનો પ્રથમ અધિકાર રહેશે, પરંતુ યદા-યદા હી ધર્મસ્ય અને આપણી પાસે મોદી આવ્યા. હું માનતો નથી કે, હિન્દુઓને મુસ્લિમો અને ખ્રિસ્તીઓથી ખતરો હોય. વાસ્તવમાં આ બંને ભારતમાં લઘુમતીઓ છે. હિન્દુઓને આપણા સમાજથી જ ખતરો છે.’ હું માનું છું કે, આપણને સૌથી વધુ લેફ્ટ અને લિબરલ લોકોથી ખતરો છે, આ જે બંગાળની હાલત છે. હિન્દુઓને અહીં નબળા કરવામાં આવ્યા. મમતા બેનરજીને આ વિરાસતમાં મળ્યું છે, પરંતુ તે માટે લેફ્ટ અને લિબરલ જવાબદાર છે. આજે તે જ વિરાસતની ટ્રીટમેન્ટ તેમને મળી રહી છે. આપે હિન્દુઓને ગૌમાસ ખવડાવતા શીખવાડ્યું, પરંતુ તમે ભુલી ગયા છો કે, જો આપણા પૂર્વજોએ ગાયનું દૂધ ન પીધું હોત તો આજે આપણો જન્મ જ થયો ન હોત. હું હંમેશા માનું છું કે, જ્યારે સુધી ભારતના હિન્દુઓ સુરક્ષિત રહેશે, ત્યાં સુધી અન્ય ધર્મ પણ સુરક્ષિત રહેશે.’ તેમણે કહ્યું કે, ‘આજે સ્ઝ પાસે કોર વોટ બેંક છે. હું નામ લેવા ઈચ્છતો નથી, પરંતુ તમે બોલશો તો હું બોલી નાખું છું. આજે આપણા દેશના મુસ્લિમો મત આપે છે, તો તેઓ શું વિચારીને મત આપે છે કે, આ વ્યક્તિ આપણા નજીકનો છે અથવા હું તેને ઓળખું છું કે નહીં. તેમને ખબર છે કે, કોને મત આપવાનો છે. હું તેમને દોષી નહીં ઠેરવું અને તેઓ જઈને બળજબરીથી વોટ આપે છે અને જો ઘરમાં કોઈ મરેલો વ્યક્તિ હોય તો તેમના નામે મત આપી દે છે.’

### યુપીના રણસંગ્રામમાં નવો મોરચા

## ભાજપના મિત્ર પક્ષે એકલા ચૂંટણી લડવાની કરી જાહેરાત

### યોગી આદિત્યનાથના કટ્ટરપંથી શબ્દ પર પણ પ્રતિક્રિયા, સુભાષપા યુપી ૨૦૨૬ ચૂંટણી એકલા હાથે લડશે

। (એજન્સી) લખનૌ, તા.૨ ।

સુહેલદેવ ભારતીય સમાજ પાર્ટી (સુભાસ્પા)ના અધ્યક્ષ અને ઉત્તર પ્રદેશની યોગી સરકારના કેબિનેટ મંત્રી ઓમ પ્રકાશ રાજભરે બિહારની રાજનીતિ પર આક્રમક નિવેદન આપ્યું છે. તેમણે બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર અને રાષ્ટ્રીય જનતા દળ (આરજેડી) પર તીખા પ્રહારો કર્યા હતા. રાજભરે સીએમ યોગી આદિત્યનાથના ’કટ્ટરપંથી’ નિવેદન અને એઆઈએમઆઈએમના પ્રમુખ અસદુદ્દીન ઓવૈસીના વૈજ્ઞાનિક બનવાના નિવેદન પર પણ પોતાની પ્રતિક્રિયા આપી હતી. રાજભરે બિહારમાં આરજેડીના ભવિષ્ય અંગે બોલતા કહ્યું કે આરજેડી હવે ‘મૃત કારતૂસ’ સમાન છે અને તેનો ખેલ પૂરો થઈ ગયો છે. તેમણે યાદ અપાવ્યું કે જનતાએ આરજેડીને ઘણી વખત તક આપી, પરંતુ તેઓએ ક્યારેય સમાજના તમામ વર્ગો વિશે વિચાર્યુ નથી. વર્ષ ૨૦૨૫માં બિહારમાં એનડીએનું નેતૃત્વ કોણ કરશે તે પ્રશ્નનો જવાબ આપતા રાજભરે કહ્યું કે તે ભવિષ્યમાં નક્કી થશે, પરંતુ હાલમાં આ વિશે અનુમાન લગાવવું યોગ્ય નથી. તેમણે એમ પણ ઉમેર્યું કે નીતિશ કુમાર એનડીએની કમાન સંભાળશે કે નહીં, તે સમય આવ્યે ખબર પડશે. સુભાષપા ઉત્તર પ્રદેશમાં ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણી એકલા હાથે લડશે તેવી જાહેરાત કરતા ઓમ પ્રકાશ રાજભરે કહ્યું કે નીતિશ કુમાર એનડીએ માટે કોઈ મજબૂરી નથી. તેમણે દાવો કર્યો કે આજે દેશમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની લહેર છે અને તેમના કારણે જ નીતિશ કુમાર જેવા નેતાઓ એનડીએમાં જોડાયા છે. રાજભરે ભારપૂર્વક જણાવ્યું કે દરેક નેતા આજે પોતાની રાજકીય સુરક્ષાને ધ્યાનમાં રાખીને મોદી સાથે જોડાઈ રહ્યા છે. બિહારમાં સુભાષપાની યોજનાઓ વિશે વાત કરતા રાજભરે જણાવ્યું કે તેમની ૫ ાર્ટી બિહારમાં આગામી સમયમાં મોટા પાયે રેલીઓ અને કાર્યક્રમોનું આયોજન કરશે. તેમણે માહિતી આપી કે તેઓ મહિનામાં ચાર રેલીઓ કરે છે અને અત્યાર સુધીમાં ૧૫૬ વિધાનસભા મતવિસ્તારોમાં કાર્યક્રમો યોજ્યા છે.

## વિવેક રામાસ્વામીના ખુલ્લા પગ અમેરિકનોને નડી ગયા

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨ ।

ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના પ્રમુખ બન્યા ત્યારથી તેમને ટેકો આપનારા અમુક ભારતીય-અમેરિકનો પણ ચર્ચામાં રહ્યા છે. વિવેક રામાસ્વામી એમાંના એક. ઈલોન મસ્કની આગેવાની હેઠળના ‘ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સી’ (DOGE) છોડીને હાલમાં ઓહાયો રાજ્યના ગવર્નરની ચૂંટણીની તૈયારીમાં વ્યસ્ત છે એવા વિવેક બાબતે તાજેતરમાં અમેરિકામાં એક બિનજરૂરી વિવાદ છેડાઈ ગયો છે, જેમાં નિમિત્ત બની છે ભારતીય સંસ્કૃતિની એક પરંપરાગત ટેવ. બન્યું એવું કે તાજેતરમાં ભારતીય-અમેરિકન ટેક ઉદ્યોગસાહસિક વિવેક રામાસ્વામીની એક તસવીર સોશિયલ મીડિયા પર ફરવા લાગી છે, જે તેમણે આપેલ એક વર્ષ જૂના ઈન્ટરવ્યૂની છે. તસવીરમાં ૩૯ વર્ષીય હાર્વર્ડ ગ્રેજ્યુએટ વિવેક પોતાના ઘરમાં એક સ્ટૂલ પર બેઠેલા દેખાય છે. તેમણે વ્યવસ્થિત કોટ-પેન્ટ તો પહેર્યા છે, પણ તેમના પગ ઊઘાડા છે. અમેરિકનોને તેમના ઊઘાડા પગ નથી ગમ્યા અને એ કારણસર વિવેકને સોશિયલ મીડિયા પર ટ્રોલ કરવામાં આવી રહ્યા છે. ભારતમાં વ્યાપક એવા ઘરમાં જૂતા વિના ફરવાના રિવાજ પર વ્યંગાત્મક ટીકા કરતા એક યુઝરે લખ્યું હતું કે, ‘આપણે ભારતમાં નથી.’ (એટલે કે અમેરિકામાં રહીએ છીએ તો અમેરિકન રીતભાત જાળવો.) બીજાએ લખ્યું હતું, ‘જરા ખુલ્લા પગને કારણે ફેલાતી ગંધની કલ્પના તો કરો!’ તો વળી ત્રીજાએ ‘અબજોપતિ જેવું વર્તન નથી. સાવ ‘થર્ડ વર્લ્ડ અંકલ’ જેવા છે,’ એમ લખીને વિવેકને ‘ત્રીજા વિશ્વના કાકા’ ગણાવી દીધા હતા. વિવેકનું ભવિષ્યકથન કરતા હોય એમ એકાદે અમેરિકને લખી દીધું કે, ‘વિવેક ક્યારેય ઓહાયોના ગવર્નર નહીં બને. અમેરિકા માટે આવું વર્તન અસ્વીકાર્ય છે.’ અન્ય એક વપરાશકર્તાએ લખ્યું હતું કે, ‘જ્યારે તમે આ ગ્રહ પરના સૌથી શક્તિશાળી રાષ્ટ્રમાં કોઈ સન્માનનીય પદ માટે ઈન્ટરવ્યુ આપતા હોવ, ત્યારે ઓછામાં ઓછું પગમાં મોજાં પહેરવાનું તો રાખો!’

## મહારાષ્ટ્રમાં કેન્દ્રીય મંત્રીની પુત્રી સહિત વિદ્યાર્થિનીઓની છેડતી

### કેન્દ્રીય મંત્રીની પુત્રી સહિત અન્ય વિદ્યાર્થિનીઓની છેડતી થતાં મંત્રીના સુરક્ષા ગાર્ડે ફરિયાદ નોંધાવી હતી

। (એજન્સી) જલગાંવ, તા.૨ ।

મહારાષ્ટ્રના જલગાંવ સ્થિત મુક્તાઈનગરના કોથલી ગામમાં સંત મુક્તાઈ યાત્રા દરમિયાન અમુક અસમાજિક તત્વોએ કેન્દ્રીય મંત્રીની પુત્રી સહિત અન્ય વિદ્યાર્થિનીઓની છેડતી કરી હતી. કેન્દ્રીય મંત્રીની પુત્રીની પણ છેડતી થતાં વિસ્તારમાં ખળભળાટ મચ્યો હતો. કેન્દ્રીયમંત્રીની પુત્રી સહિત અન્ય વિદ્યાર્થિનીઓની છેડતી થતાં મંત્રીના સુરક્ષા ગાર્ડે ફરિયાદ નોંધાવી હતી. જેની ફરિયાદના આધારે મુક્તાઈ નગર પોલીસ સ્ટેશનમાં ચાર યુવકો વિરૂદ્ધ કેસ નોંધ્યો છે. મંત્રીએ પોલીસને આ યુવકોની તાત્કાલિક ધોરણે ધરપકડ કરવા આદેશ આપ્યો છે. તે સમયે તેમની પુત્રી સાથે જે સુરક્ષાકર્મી હતો, યુવકોએ તેનું કોલર પકડીને તેને પણ ધમકાવ્યો હતો.

## હનીમૂન મનાવવા માટે વિદેશમાં ગયું કપલ, હોટલમાં પહોંચતા જ પતિનો ભાંડો ફુટ્યો

। (માહિતી) નોઈડા, તા.૨ ।

યુપીના દાદરીની રહેવાસી એક યુવતીના લગ્ન નોઈડાના એક યુવક સાથે થયા હતા. આ બંનેના લગ્ન ખૂબ જ ધૂમધામથી થયા હતા. બંને એકબીજા સાથે લગ્ન થતાં ખૂબ જ ખુશ હતા. લગ્નના થોડા દિવસ બાદ બંને હનીમૂન પર જવાનો પ્લાન બનાવ્યો. બંનેએ નક્કી કર્યું તે પ્રમાણે મોરેશિયસ જવાનું ફાઈનલ કર્યુ. જ્યારે બંને મોરેશિયસ પહોંચ્યા તો ત્યાં એક હોટલ બુક કરી. હનીમૂન પર આવ્યા બાદ પત્ની ખૂબ જ ખુશ હતી, પણ જ્યારે તે રાત્રે પતિની નજીક ગઈ તો તેને જાણવા મળ્યું કે, તેનો પાર્ટનર શારીરિક રીતે નબળો છે. પતિ શારીરિક રીતે નબળો હોવાની જાણકારી મળતા મહિલા હનીમૂન છોડીને નોઈડા પાછી આવી ગઈ. આવતાની સાથે જ પતિને ડોક્ટર પાસે લઈ ગઈ અને તપાસ કરાવી. તપાસ બાદ શખ્સને ડોક્ટર્સે અમુક દવાઓ લખી આપી. પણ હવે નવવિવાહિતાને સાસરિયા પક્ષ તરફથી ત્રાસ આપવાનું શરૂ કર્યું છે.

એકબીજા સાથે જીવનની લાંબી સફરની શરૂઆત લગ્ન પછીના હનીમૂનથી થાય છે. જો તમે તાજેતરમાં લગ્ન કર્યા છે અથવા આગામી દિવસોમાં લગ્ન કરવા જઈ રહ્યા છો, તો તમારે એ પણ જાણી લેવું જોઈએ કે દુનિયાભરના કપલ્સ દ્વારા હનીમૂન માટે કયું સ્થળ શ્રેષ્ઠ માનવામાં આવે છે. જે બાદ કંટાળેલી મહિલાએ પોલીસ સ્ટેશનમાં પહોંચી અને સાસરિયા પક્ષ પર હત્યાનો પ્રયાસ કરવાનો સાથે સાથે દહેજ માગવાનો આરોપ લગાવતા મહિલાઓ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. સાથે જ ફરિયાદી મહિલાએ જણાવ્યું કે, તેનો જેઠ તેની સાથે અનેક વખત છેડતીનો પ્રયાસ કરી ચૂક્યો છે.

લગ્ન પછીનો સમય કોઈ પણ કપલ્સ માટે ખૂબ યાદગાર અને ખાસ હોય છે. એકબીજા સાથે ક્વોલિટી ટાઈમ વિતાવવાના સપના સાથે કપલ હનીમૂન પ્લાન કરતા હોય છે. એવામાં આ જગ્યાને એક બીજાની પસંદ અને સુવિધાઓને ધ્યાનમાં રાખીને પ્લાન કરવામાં આવે છે. જો કે તમે કદાચ જ આ જગ્યા વિશે જાણતા હશો કે એક એવી જગ્યા છે, જ્યાં દુનિયાભરથી લોકો હનીમૂન ડેસ્ટિનેશન તરીકે આવવાનું વધુ પસંદ કરે છે. પીડિતાએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું કે, વર્ષ ૨૦૨૩માં તેના લગ્ન નોઈડામાં રહેતા એક યુવક સાથે થયા હતા.

લગ્નમાં દીકરીના મા-બાપે ક્ષમતા અનુસાર દહેજ આપ્યો હતો અને ઘરનો જરૂરી તમામ સામાન પણ આપ્યો હતો. પણ લગ્ન બાદ મારા સાસરિયા પક્ષે ફરી દહેજ માગવાનું શરૂ કર્યુ. જ્યારે તેમની માગ પૂરી થઈ નહીં તો મારી સાથે મારપીટ કરવા લાગ્યા. દરરોજ ત્રાસ આપતા. જેમ તેમ કરીને પતિને મનાવી હનીમૂન જવા વાત કરી, પતિ માની પણ ગયો, જોકે ત્યાં જઈને ખબર પડી કે પતિ તો શારીરિક રીતે નબળો છે.

### ડી.કે.શિવકુમારનું ચોંકાવનારું નિવેદન

## હું હિન્દુના રૂપમાં જન્મ્યો હતો અને હિન્દુના રૂપમાં મરીશ

। (એજન્સી) બેંગલુરુ, તા.૨ ।

કર્ણાટકના ઉપમુખ્યમંત્રી ડી.કે. શિવકુમાર તાજેતરમાં જ તમિલનાડુ સ્થિત ઈશા યોગ સેન્ટરમાં મહાશિવરાત્રિ સમારોહમાં સામેલ થયા હતા જેને લઈને કોંગ્રેસ બે ભાગમાં વહેંચાઈ ગઈ છે. કર્ણાતકના સહકારિતા મંત્રી કે.એન.રાજન્નાએ સવાલ ઉઠાવ્યો છે કે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની ટીકા કરનારાઓ સાથે શિવકુમાર મંચ કેવી રીતે શેર કરી શકે? રાજન્નાએ મીડિયાને કહ્યું કે સદગુરૂએ પોતે કહ્યું હતું કે તે રાહુલ ગાંધીને ઓળખતા નથી? શિવકુમાર મારા કરતાં સારી રીતે જાણે છે કે લોકસભામાં અમારા નેતા વિશે શું કહેવામાં આવે છે. હવે તેમને જ જવાબ આપવો જોઈએ કે આવા લોકો સાથે મંચ શેર કરવું કેટલું યોગ્ય છે. જોકે, પૂર્વ સાંસદ ડી.કે. સુરેશે પોતાના ભાઈ શિવકુમારનો બચાવ કર્યો અને કહ્યું કે તેમણે હંમેશા પાર્ટીને માહિતગાર કરીને આવા આયોજનોમાં ભાગ લીધો છે. સુરેશે પત્રકારોને કહ્યું કે જ્યારે પણ શિવકુમારે વડાપ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી, તેમણે પાર્ટી હાઈકમાન્ડને પહેલાં જ જાણકારી આપી. તેમણે ઈશા ફાઉન્ડેશનના મહાશિવરાત્રિના કાર્યક્રમમાં સામેલ થવાની સૂચના પણ પાર્ટીને આપી હતી. તેમણે એ વાત પર પણ ભાર મૂક્યો કે શિવકુમારની યાત્રા ગુપ્ત ન હતી.

### ‘રાષ્ટ્રીય નવપ્રવર્તન સંસ્થાન’ પર જારી કરાયેલ ડાક ટિકિટ દેશ અને વિદેશમાં તેની લોકપ્રિયતા વધારશે : ચીફ પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ

# ભારતીય ડાક વિભાગ દ્વારા ‘રાષ્ટ્રીય નવપ્રવર્તન સંસ્થાન’ ના ૨૫મા વર્ષની ઉજવણી નિમિત્તે ‘કસ્ટમાઇઝ્ડ ડાક ટિકટ’ અને ‘વિશેષ આવરણ’ બહારપાડ્યું

। અમદાવાદ, તા.૨ ।

ભારતના ડાક વિભાગ દ્વારા રાષ્ટ્રીય નવપ્રવર્તન સંસ્થાનના ૨૫મા વર્ષની ઉજવણી માટે એક ‘કસ્ટમાઈઝ્ડ ડાક ટિકટ’ અને એક વિશેષ આવરણ અને વિરૂપણ બહાર પાડ્યું. ૨ માર્ચ ૨૦૨૫ ના રોજ અમદાવાદના સાયન્સ સિટી સ્થિત વિજ્ઞાન ભવન ખાતે આયોજિત એક કાર્યક્રમમાં ગુજરાત પરિમંડળના ચીફ પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવએ ગુજરાત સરકારના સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રી (રાજ્યમંત્રી) શ્રી જગદીશ વિશ્વકર્મા અને રાષ્ટ્રીય નવપ્રવર્તન સંસ્થાનના અધ્યક્ષ પ્રોફેસર અનિલ સહસ્ત્રબુદ્ધે સાથે આ ટિકટ અને આવરણ બહાર પડ્યા. આ પ્રસંગે એનઆઈએફ ઈન્ક્યુબેશન એન્ડ એન્ટ્રપ્રેન્યુરશિપ કાઉન્સિલના ચેરમેન ડૉ. ગુલશન રાય, રાષ્ટ્રીય નવપ્રવર્તન સંસ્થાનના નિર્દેશક ડૉ. અરવિંદ રાનાડે, ગાંધીનગર મંડળના પ્રવર અધિક્ષક શ્રી પિયુષ રજક પણ હાજર રહ્યા હતા. ભારત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી (સ્વતંત્ર હવાલો) ડૉ. જીતેન્દ્ર સિંહવર્ચ્યુઅલી સમારોહમાં જોડાયા અને શુભેચ્છાઓ પાઠવી.







ગુજરાત સરકારના સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ રાજ્યમંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું કે ગુજરાત રાજ્ય વિજ્ઞાન અને ટેકનોલોજી દ્વારા નવી ટેકનોલોજી અપનાવીને ઘણી નવીનતાઓ કરી રહ્યું છે. આજે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં, દેશ દરરોજ નવી ઊંચાઈઓ સ્પર્શી રહ્યો છે. ઉદ્યોગ જગતને પણ જમીની સ્તરે આ નવીનતાઓથી ઘણો ફાયદો થઈ રહ્યો છે. કૌશલ્ય વિકાસ, વ્યવસાય કરવામાં સરળતા તેમજ ‘આત્મનિર્ભર ભારત’ અને ‘વિકસિત ભારત’ ની વિભાવનાએ રોજગારની ઘણી નવી તકો ઉભી કરી છે. રાષ્ટ્રીય નવપ્રવર્તન સંસ્થાનના રજત જયંતિ ઉજવણી પ્રસંગે, ભારતીય ડાક વિભાગે ડાક ટિકિટ અને ખાસ કવર બહાર પાડીને તેનું મહત્વ સુંદર રીતે ઉજાગર કર્યુ છે. આ ડાક ટિકિટ અંગે ચીફ પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે, ગુજરાતની રાજધાની ગાંધીનગરમાં ગ્રામભારતી, અમરાપુરમાં સ્થિત રાષ્ટ્રીય નવપ્રવર્તન સંસ્થાનએ ૨૫ વર્ષની પોતાની સફરમાં સર્જનાત્મકતા અને નવીનતાની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવામાં, નવીનતાઓને સશક્ત બનાવવામાં, ટેકનોલોજીના ક્ષેત્રમાં પ્રગતિને પ્રોત્સાહન આપવામાં અને ભારતને જ્ઞાન-કેન્દ્રિત સમાજ બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. આવી સ્થિતિમાં, આ પ્રસંગે જારી કરાયેલ આ ‘કસ્ટમાઈઝ્ડ ડાક ટિકટ’ અને ‘વિશેષ કવર’ નવીનતાને પ્રોત્સાહન આપવા, સર્જનાત્મકતાના વિકાસને પ્રોત્સાહન આપવા અને ‘આત્મનિર્ભર ભારત’ અને ‘વિકસિત ભારત’ માટે દૃઢ અને દીર્ઘકાલિક સમાધાનોનું સમર્થન કરવા માટે તેની દ્રષ્ટિપૂર્ણ સફરનો સંકેત આપે છે. ચીફ પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે ટિકિટો કોઈપણ દેશની સભ્યતા, સંસ્કૃતિ અને વારસાના વાહક હોય છે. સમાજમાં થઈ રહેલા દૈનિક વિકાસને ટિકિટોના અરીસામાં સ્પષ્ટપણે જોઈ શકાય છે. રાષ્ટ્રીય નવપ્રવર્તન સંસ્થાન દ્વારા ૫૦૦૦ કસ્ટમાઈઝ્ડ ડાક ટિકટ શીટ્સ છાપવામાં આવી છે, જેમાં કુલ ૬૦ હજાર ડાક ટિકટ છે. વિશેષ આવરણને આ જ ડાક ટિકટો લગાવવાથી વિરૂપિત કરવામાં આવ્યું છે. આ ડાક ટિકટ અને વિરૂપણ દ્વારા રાષ્ટ્રીય નવપ્રવર્તન સંસ્થાનની લોકપ્રિયતા દેશ-વિદેશમાં વધુ વિસ્તરી જશે.

રાષ્ટ્રીય નવપ્રવર્તન સંસ્થાનના અધ્યક્ષ પ્રોફેસર અનિલ સહસ્ત્રબુદ્ધે જણાવ્યું કે, રાષ્ટ્રીય નવપ્રવર્તન સંસ્થાન-ભારતની સ્થાપના ૧ માર્ચ, ૨૦૦૦ ના રોજ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, ભારત સરકારના સહયોગથી કરવામાં આવી હતી, જેથી પાયાના સ્તરે નવીનતા અને ઉત્તમ પરંપરાગત જ્ઞાનને પ્રોત્સાહન મળી શકે. તેની સ્થાપના થઈ ત્યારથી, ફાઉન્ડેશન પાયાના વિચારોને અસરકારક ઉકેલોમાં પરિવર્તિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# વિશ્વ વન્યજીવ દિવસ 2025



“
આદરણીય વડાપ્રધાન
**શ્રી નરેન્દ્રભાઈ મોદી**
**'વર્લ્ડ વાઈલ્ડલાઈફ ડે'** નિમિત્તે **સાસણ** (જિ. ગીર-સોમનાથ)માં
૩ માર્ચ, ૨૦૨૫ના રોજ વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે
”





## વન્યજીવોના સંરક્ષણ-સંવર્ધનમાં ગુજરાતની સિદ્ધિઓ

- ભારત અને ગુજરાતનાં ગૌરવ સમાન એશિયાટિક સિંહોની સંખ્યામાં સરકારનાં સંરક્ષણ-સંવર્ધનનાં પ્રયાસોથી વધારો નોંધાયો. ૨૦૨૦ની વસતી ગણતરી પ્રમાણે સિંહોની સંખ્યા ૨૮.૯%નાં વધારા સાથે ૬૭૪ નોંધાઈ
- કચ્છના રણ વિસ્તારમાં લાખોની સંખ્યામાં લેસર ફ્લેમિંગો તથા ગ્રેટર ફ્લેમિંગોનું દર વર્ષે આગમન થાય છે. અંદાજે ૩ થી ૫ લાખની સંખ્યામાં આવતા ફ્લેમિંગો ઈંડા મૂકી હજારોની સંખ્યામાં બચ્ચાઓને જન્મ આપે છે
- રહેણાંક વિસ્તારમાં ઘૂસી આવતા મગરોનાં રેસ્ક્યુ માટે હાલોલ રેન્જમાં ધોબીકુવા ખાતે અનામત જંગલના આશરે ૦.૭૫ હેક્ટર વિસ્તારમાં ક્રોકોડાઈલ રેસ્ક્યુ સેન્ટરનું નિર્માણ
- શહેરી વિસ્તારમાં આવેલા વેટલેન્ડના વ્યવસ્થાપન અને વિકાસ માટેના લોંગ ટર્મ પ્લાનનું અમલીકરણ
- વરુ બ્રિડિંગ પ્રોગ્રામને આગળ વધારતા સુરેન્દ્રનગરમાં થાળા વીડી ખાતે અને બનાસકાંઠામાં નડાબેટ ખાતે સોફ્ટ રીલીઝ સેન્ટર કાર્યરત
- વ્હેલશાર્ક (બેરલ) માછલીથી માછીમારોની નેટ (જાળ)ને નુકશાન સામે વળતર આપવાની યોજના અંતર્ગત જાળમાં જો વ્હેલશાર્ક ફસાઈ તો જાળને કાપવા માટે વધુમાં વધુ ₹૫૦ હજારની મર્યાદામાં ચૂકવવામાં આવે છે
- ભારતમાં ચિત્તાની વસતી સ્થાપિત કરવા કચ્છ જિલ્લાના બન્ની ગ્રાસલેન્ડ ખાતે અંદાજિત ૫૦૦ હેક્ટરમાં ચિત્તા માટે બ્રિડીંગ સેન્ટર તૈયાર કરવાનો નિર્ણય
- બરડા વિસ્તારને સિંહો માટેનું બીજુ રહેઠાણ બનાવવા પ્રયાસનાં ફળ સ્વરૂપે આજે અહીં કુલ ૬ સિંહ અને ૧૧ સિંહ બાળ સાથે કુલ ૧૭ સિંહોનો વસવાટ થયો છે

